ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૪)
અંક-૧૦, જાન્યુઆરી, ૨૦૧૬ • પાના ૫૨ • કીમત રૂા. ૨૦
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3 • ISSUE : 10 • JANUARY 2016 • PAGES 52 • PRICE 20



## જિન-વચન

### આયુષ્યનો ક્ષય

आउक्खयं चेव अबुज्झमाणे
ममाइ से साहसकारि मंदे ।
अहो य राओ परितप्पमाणे
अट्ठेसु मूढे अजरामरेव्व ।।। (सू.१-१०-१८)

પોતાના આયુષ્યનો ક્ષય થઈ રહ્યો છે એવું ન જાણનાર મૂર્ખ અને અવિચારી સાહસ કરનાર માણસ 'આ મારું છે; આ મારું છે' એમ કર્યા કરે છે. અર્થપ્રાપ્તિ માટે તે દિવસ અને રાત ઘણો પરિતાપ સહન કરે છે, જાણે કે પોતે અજર અને અમર ન હોય !

A foolish and rash person who does not know that his life will ultimatly be over, always keeps on saying : 'This is mine. This is mine.' He tortures himself day and night for the sake of wealth, as if he would never have old age and death.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### વૈષ્ણવ જન તો તેને કહીયે...


વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે.
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. –વૈષ્ણવ.
સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે. –વૈષ્ણવ.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર-ધન નવ ઝાલે હાથ રે. –વૈષ્ણવ.
મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. –વૈષ્ણવ.
વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યા રે. –વૈષ્ણવ.

□ નરસિંહ મહેતા

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જૈન શ્રમણ-શ્રમણી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં જ્ઞાનવિચાર | ડૉ. નરેશ વેદ | ૭ |
| ૩. | ડૉ. કુમારપાળ દેસાઈની અનોખી ત્રિદિવસીય શ્રીમદ્ રાજચંદ્ર કથા | — | ૧૦ |
| ૪. | સમ્યગ્ દર્શન અધ્યયન શિબિર | — | ૧૨ |
| ૫. | આપણું જીવન અને જૈનધ્યાન | જાગૃતિ ઘીવાલા | ૧૫ |
| ૬. | મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચંદ્ર | સોનલ પરીખ | ૧૮ |
| ૭. | કાલ–આજ–કાલ : જૈનો હજી ત્યાંના ત્યાં જ? | ડૉ. સેજલ શાહ | ૨૨ |
| ૮. | 'બિલવેડ બાપુ' | સોનલ પરીખ | ૨૬ |
| ૭. | જૈન ધર્મમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ | મુનિશ્રી અજિતચંદ્ર સાગરજી મ. | ૩૦ |
| ૯. | પૂ. મહાત્મા ગાંધીની ૬૮મી પુણ્યતિથિએ | પન્નાલાલ છેડા | ૩૨ |
| ૧૦. | માવજીભાઈ સાવલા : પૂછવા જેવું ઠેકાણું | ડૉ. ગુલાબ દેઢિયા | ૩૩ |
| ૧૧. | સ્વર્ણિમ હૈ વલ્લભીપુર કા ઇતિહાસ | મહેન્દ્રકુમાર મસ્ત | ૩૫ |
| ૧૨. | ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૩૬ |
| ૧૩. | ભાવ-પ્રતિભાવ | — | ૩૯ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૩ |
| ૧૫. | શ્રી મું. જૈ. યુ. સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૪૫ |
| 16. | The Seeker's Diary : Yatra-ajourney within | Reshma Jain | 46 |
| 17. | Mahasati Dharini | Muni Vatsalyadeepji Trans. Pushpa Parikh | |
| 18. | Enlighten yourself by Self Study of Jainology Leson 10 Contents of Univese(6 Drayas) | Dr. Kamini Gogri | 48 |
| 19. | Essence of Jainism miles away from its roots | Prachi Shah | 49 |
| 20. | The Eighth Chakravarty Shubham | Dr. Renuka Porwal | 50 |
| 21. | The Eighth Chakravarty Shubham Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 51 |
| ૨૨. | પંથે પંથે પાથેય : ધર્મનો પ્રયોગ | રશ્મિન ચંદુલાલ સંઘવી | ૫૨ |


આ અંકનું મુખપૃષ્ઠ




મુકુટધારિણી મા! પદ્માસના!
અલંકૃતા! સુવર્ણમયી!
હસ્તે વીણા માત તારાં
સંગીતે પ્રકૃતિ ભરી.
મયૂર કેકારવ ચરણે,
વિદ્યા યાચું શુચિસ્મિતે!

□ નલિની મડગાવકર

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૪) • અંક : ૧૦ • જાન્યુઆરી ૨૦૧૬ • વિક્રમ સંવત ૨૦૭૨ • વીર સંવત ૨૫૪૨ • પોષ સુદ તિથિ ૭ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂ. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## જૈન શ્રમણ-શ્રમણી

નમો આયરિયાણં – આચાર્યને નમન

નમો ઉવ્વજ્ઝાયાણં – ઉપાધ્યાયને નમન

નમો લોએ સવ્વ સાહૂણં–વિશ્વના સર્વ સાધુઓને નમન.

જૈનોના મહામંત્ર નવકારની આ ત્રીજી, ચોથી અને પાંચમી પંક્તિ છે, પહેલી બે પંક્તિમાં નમો અરિહંતાણં,–અરિહંત ભગવાનને નમઃ – નમો સિદ્ધાણં–સિદ્ધ ભગવાનને નમઃ, નમન છે. આ પાંચે મળીને પંચપરમેષ્ટિ નમસ્કાર કહેવાય છે. આ પાંચ પછી બીજી ચાર પંક્તિ છે, એટલે એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં, એટલે નવકાર મહામંત્રની સંપૂર્ણ નવ પંક્તિ છે.

આ બધી પંક્તિમાં ક્યાંય જૈન ધર્મના કોઈ ભગવાનનું નામ નથી, કે નથી જૈન ધર્મના કોઈ તત્ત્વ વિચારની ગુંથણી. માત્ર સર્વને નમન. એટલે આ મંત્ર માત્ર જૈનો માટે જ નહિ સમગ્ર માનવ માત્ર માટે આ 'નમન' મંત્ર છે.

અહીં ઉપરની ત્રણ પંક્તિનો ઉલ્લેખ કર્યો છે, કારણ કે એ નમન શ્રમણ-શ્રમણી જગતને છે અને આ લેખનો આ વિષય છે. ભારતના લગભગ ૫૦ લાખ જૈન, રોજ આ પૂર્ણ નવકારનું સ્મરણ કરતા જ હશે, એટલે આ શ્રમણ-શ્રમણી ભગવંતોને એઓ પ્રતિદિન વંદન કરે છે. આવી સંપૂર્ણ શ્રધ્ધા અને સમર્પણ છે જૈનોને એમના ગુરુ ભગવંતો પ્રત્યે.

જૈન શાસન ઉપર તીર્થંકર ભગવાન પછી આ શ્રમણ-શ્રમણી ભગવંતોનો મહત્વનો પ્રભાવ છે.

જૈન ધર્મના આ શ્રમણ-શ્રમણી વર્ગને જગતમાં ખૂબ જ આદરથી જોવાય છે એ વર્ગના કઠિન તપ અને એઓશ્રીની કઠિન દિનચર્યાને કારણે. અહિંસા, સત્ય, અપરિગ્રહ, અચૌર્ય અને બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રતનું પાલન એ મોક્ષ દ્વાર માટેનું તપ છે. અને આ તપ આ વર્ગ ખૂબ જ સમતાભાવથી કરે છે અને પરીષહો સહન કરી પોતાના કર્મોની નિર્જરા કરે છે.

કહેવાય છે કે સિકંદર જ્યારે ભારત વિજય માટે નીકળ્યો ત્યારે એણે પોતાના ગુરુને પૂછ્યું કે, 'આપને માટે ભારતથી શું લાવું?' ત્યારે ગુરુએ કહ્યું કે, 'ભારતથી એક જૈન સાધુ લઈ આવજે.' આવી પ્રતિષ્ઠા હતી જૈન શ્રમણોની. જોકે સિકંદર પોતાના ગુરુની એ ઈચ્છાને

**સ્મૃતિ-શ્રદ્ધાંજલિ**

**સ્વ. શ્રીમતી પ્રભાવતી ગાંધી**

**સ્વ. શ્રીમાન હીરાલાલ ગાંધી**

**સૌજન્યદાતા પ્રાર્થી**

**શ્રી ગૌતમ હીરાલાલ ગાંધી • શ્રીમતી ભારતી ગૌતમ ગાંધી**

**શ્રીમતી દક્ષા પ્રકાશ શાહ • શ્રીમતી સુહાસ ઉમેશ ગાંધી**

**શ્રીમતી પારુલ હિમાંશુ દોશી**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260

• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ISSN 2454–7697

પૂરી ન કરી શક્યો કારણ કે જૈન શ્રમણો પાદવિહારી છે, અને વાહન અને વહાણનો ઉપયોગ કરે તો જ ભારતથી સિકંદરના દેશ સુધીની લાંબી મજલ કાપી શકાય. વર્તમાનમાં પણ આ વર્ગની આશ્ચર્યજનક દિનચર્યાનો અભ્યાસ કરવા ફ્રાન્સ અને સ્વીત્ઝરલૅન્ડથી વીસ તબીબોની ટૂકડી આવી છે.

જૈનોનો આ શ્રમણ-શ્રમણી વર્ગ હમણાં થોડાં સમયથી ચર્ચાને ચકડોળે છે એમની બદલાતી જતી આધુનિક જીવન પદ્ધતિને કારણે.

વ્રત, વાસ્તવિકતા, વિજ્ઞાન અને આધુનિકતાનું એક સંઘર્ષ વર્તુળ સર્જાયું છે. આધુનિકતા સાથે કદમ મિલાવવા જાય તો દીક્ષા સમયે લીધેલા પાંચ મહાવ્રતમાંથી કેટલાકનું અંશતઃ ખંડન થાય છે અને કદમ ન મિલાવે તો ધર્મની કહેવાતી ગતિ થતી નથી. ધર્માભિમુખ વર્ગ વધશે નહિ એવું મનાય છે.

વર્તમાનમાં જૈન શ્રમણ-શ્રમણીની કુલ સંખ્યા લગભગ ૧૬૦૦૮ની છે. આ સંખ્યામાં મુનિ ભગવંત ૩૯૪૨ અને સાધ્વીશ્રીની સંખ્યા ૧૨૦૬૬ની છે.

જૈનોના મુખ્ય ચાર ફિરકા–એમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં ૧૩ આચાર્ય, ૭૨૩ મુનિ ભગવંત, સાધ્વીશ્રી ૩૨૭૯ કુલ ૪૦૦૨.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ૨૪૫ આચાર્ય, ૨૨૦૮ મુનિ ભગવંત, ૭૪૫૯ સાધ્વીશ્રી કુલ ૯૬૬૭.

દિગંબર સંપ્રદાયમાં ૯૬ આચાર્ય, ૮૪૪ મુનિ ભગવંત, ૭૭૫ સાધ્વીશ્રી કુલ–૧૬૧૯.

તેરાપંથી સંપ્રદાય-૧ આચાર્ય, ૧૬૭ મુનિ ભગવંત, ૫૫૩ સાધ્વીશ્રી કુલ-૭૨૦.

ઉપરના આંકડામાં ક્યાંક ભૂલ હોય તો ક્ષમા પણ વિશેષ ફેર નહિ પડે.

ઉપરની સંખ્યાથી એ ચિત્ર સ્પષ્ટ છે કે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં શ્રમણ-શ્રમણીની સંખ્યા વિશેષ છે. દિગંબર સંપ્રદાય સિવાય અન્ય ત્રણ સંપ્રદાયમાં સાધ્વીશ્રીની સંખ્યા વિશેષ છે, એમાંય શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં સાધ્વીશ્રીની સંખ્યા ઘણી વિશેષ છે. તેરાપંથી સંપ્રદાયમાં એક જ આચાર્ય છે.

ભગવાન મહાવીરના નિર્વાણને લગભગ ૨૫૪૨ વર્ષ થયા ત્યારથી આજ સુધી આ ચારે સંપ્રદાયના શ્રમણ-શ્રમણીનું એક પણ સંમેલન ક્યારેય યોજાયું નથી.

આવું એક સંમેલન યોજાય તો એ ઘટના જૈન ધર્મના ઇતિહાસમાં અમૂલ્ય ઘટના બની રહેશે. એ ઘટનાથી જૈન ધર્મે આપેલા અનેકાંતવાદની ઉજળી પ્રતિષ્ઠા થશે.

ચતુર્વિધ સંઘના આગેવાનો એકત્ર થઈ આવું ઐતિહાસિક સંમેલન યોજે, એમાંથી એક ફેડરેશનનો જન્મ થાય અને એ ફેડરેશન જૈન ધર્મની બધી જ સમસ્યાના ઉકેલ માટે કાર્યરત થાય તો એ જૈન શાસનની મહાન સેવા ગણાશે.

આવા અભૂતપૂર્વ સંમેલન માટે શાસન દેવને આપણે પ્રાર્થના કરીએ.

જૈન સોશ્યલ ગ્રુપો કે એવા ગ્રુપો આ ઐતિહાસિક દિશામાં પહેલ કરી શકે કારણ કે આ ગ્રુપોમાં ચારે ફિરકાના સભ્યો છે.

જૈન આગમોને કંઠોપકંઠથી લિપિબદ્ધ કરવા પાટલીપુત્ર, ઓરિસા, મથુરા અને છેલ્લે ઈ. સ. ૪૫૪માં દેવર્ધિગણી ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં ૫૦૦ આચાર્યો એકત્ર થયા અને વર્તમાન આગમો લિપિબદ્ધ થયા.

શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છના શ્રમણ સંમેલનની વિગત અને પ્રશ્નો પ્રગટ કરતો ૪૮ પાનાનો એક દીર્ઘ પત્ર મને સુરતથી મહેતા સેવંતીલાલે – મો. નં. ૦૯૮૨૪૧૫૨૭૨૭ – મોકલ્યો. આવો પત્ર એમણે ૨૦૦ થી વધુ આચાર્ય ભગવંતો, ૧૦૦ થી વધુ સાધ્વીજી ભગવંતો, ૧૦૦ થી વધુ શ્રાવકો અને ૫૦ થી વધુ શ્રાવિકાઓને મોકલ્યો છે.

એમાંનાં પ્રશ્નોના જવાબ આ સર્વે પાસેથી એઓશ્રીએ માગ્યા છે, એ જવાબો એઓ એમની વેબ સાઈટ www.palitanasamelan2072.com ઉપર મૂકવાના છે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો એઓશ્રી પાસેથી આ પ્રશ્નો મંગાવીને ઉત્તર આપી શકે છે.

શ્રી સેવંતીભાઈના આ દીર્ઘ પત્રની મુખ્ય ચર્ચા તપાગચ્છના શ્રમણ ભગવંતોના અત્યાર સુધી, વિક્રમ સંવત ૧૯૯૦, ૨૦૧૪, અને ૨૦૪૪ માં મળેલા સંમેલનો, એના ઠરાવો અને ફલશ્રુતિ વિશે છે. ઉપરાંત આ વર્ષે વિ. સં. ૨૦૭૨ના ફાગણ માસમાં પાલિતાણામાં યોજાનારા તપાગચ્છના શ્રમણ સંમેલન વિશે છે.

આ સંમેલનોની ચર્ચા અને એમાંથી સમયે સમયે ઉદ્‌ભવેલા પ્રશ્નોની અહીં ચર્ચા નથી કરવી, પરંતુ આ દીર્ઘ પત્રમાંથી ઉપસતા કેટલાક ચિંતનાત્મક અને ચિંતાજનક પ્રશ્નોની ખુલ્લા મને ચર્ચા કરવાનો આ લખનારનો અહીં અભિગમ છે.

જૈન સાધુ-સાધ્વીની મહત્તા વિશે આ લેખની શરૂઆતમાં મેં લખ્યું જ છે. જૈન સાધુ-સાધ્વીના આચાર, આગમઆજ્ઞા પ્રમાણે છે, જે સર્વજ્ઞના વચનો છે, એટલે જ જૈન ધર્મ આચાર પ્રધાન છે. સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચરિત્ર, આ ત્રિરત્નો દ્વારા જ મોક્ષ પ્રાપ્તિ શક્ય છે. જૈન શ્રમણ-શ્રમણી એટલે જ આ અનિત્ય સંસારનો ત્યાગ કરી વૈરાગ્ય માર્ગ સ્વીકારે છે. એમનું એક જ લક્ષ છે સ્વાધ્યાય, સાધના, આત્માનુભૂતિ, આત્મદર્શન અને અંતે મોક્ષની પ્રાપ્તિ. એમના

માટે આ મોક્ષ એજ અંતિમ ધ્યેય છે એટલે જ એમણે સર્વ પ્રકારના રાગનો ત્યાગ કર્યો છે. અને પાંચ મહાવ્રત પાળવાની પ્રતિજ્ઞા લઈ દીક્ષા ગ્રહણ કરી છે.

**અહિંસા પરમો ધર્મ, સવ્વે પાણા ન હંતવ્વા–**
**કોઈ પણ જીવની હિંસા ન કરવી.**

જે જીવને જે પળે આ દીક્ષાભાવ જન્મ્યો હશે એ પળ કેવી કલ્પનાતીત ધન્ય અને ભવ્ય હશે!! આવી પળની પ્રાપ્તિ જે આત્માને થઈ છે એ આત્મા જીવનભર વંદનીય છે.

આ શ્રમણ-શ્રમણી વર્ગના આચારમાં અહિંસા કેન્દ્ર સ્થાને છે. આ અહિંસા જ જૈન ધર્મનો આત્મા છે. અહિંસા પરમો ધર્મ,સવ્વે પાણા ન હંતવ્વા–કોઈ પણ જીવની હિંસા ન કરવી, આ વિચાર કેન્દ્ર સ્થાને છે. એટલે કોઈ પણ પરિવર્તનમાં આ અહિંસાનો, સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસાનો પણ ભોગ લેવાતો હોય તો એ પરિવર્તન તાજ્ય કરવું એજ ધર્મરક્ષા છે, પ્રતિજ્ઞા પાલન છે.

સર્વ પ્રથમ તો સત્ય એ છે કે કોઈ ભવ્ય જીવને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો અને મોક્ષ પ્રાપ્તિ અને કર્મનિર્જરા માટે વૈરાગ્યનો માર્ગ સ્વીકાર્યો એટલે લક્ષ્ય નક્કી જ છે, તો એ લક્ષ્યને એક તરફ મૂકી સમાજસેવા, શિક્ષણસેવા કે અન્ય સેવાનો માર્ગ સ્વીકારવાની જરૂર ખરી?

આ વિચારની સાથે એ દલીલ થાય કે સાધુએ સમાજનું ઋણ ચૂકવવા આવી સેવા કરવી જોઈએ. ઉપરાંત ધર્મપ્રચાર અને તત્ત્વપ્રચાર પણ સાધુની ફરજ છે. ભલે, પણ આ 'સેવા' પાંચ મહાવ્રતની લીધેલી પ્રતિજ્ઞાના પરિઘમાં રહીને જ થવી જોઈએ. એ આગ્રહ પણ અસ્થાને નથી જ.

ક્યાંક એવું પણ જોવા મળે છે કે પાંચ મહાવ્રત પાળતા પાળતા, એ સમયે પોતાની પ્રતિભા અને ધર્મના પ્રભાવથી 'આવી સેવા' કરવા ટ્રસ્ટ કે સંસ્થાનું સર્જન કરે, પછી આશ્રમોનું સર્જન થાય અને એ જવાબદારી પૂરી કરવા પોતાનો સ્થાયી નિવાસ આવી સંસ્થામાં કરી આવી સેવા માટે હિંસાજન્ય સાધનો–વાહન, માઈક, ઇલેકટ્રીક વગેરેનો ઉપયોગ પણ કરવા માંડે, અનુકૂળતા માટે સાધુતાના કેટલાંક ઉપકરણોનો ત્યાગ પણ કરી દેવાય, પણ આ વર્ગ વેશનો ત્યાગ ન કરે. લક્ષ બદલાય તો વેશ પણ બદલાવો ન જોઈએ? અને દીક્ષા સમયે લીધેલી પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞાનું શું? આવું દૃશ્ય જોઈને અજૈનો જૈન શ્રાવકને આ પ્રશ્ન પૂછે ત્યારે શ્રાવક મુંઝવણમાં મૂકાઈ જાય છે. અહીં ગાંધીજી યાદ આવી જાય છે. ગાંધીજી કહેતા કે સેવા કરવી હોય તો સાધુના વસ્ત્રોની જ શી જરૂર છે? લક્ષ બદલ્યું તો પછી બધુંજ બદલવું જોઈએ. નામ પણ.

આધુનિકોની એવી દલીલ રહી છે કે ધર્મ, ધર્મધારકો અને ધર્મપ્રચારકોએ પણ આધુનિક બનવું જોઈએ.

તો શું અતિ પ્રાચીન એવો આ ધર્મ છેલ્લા ૨૫૦૦ વર્ષથી જીવંત નથી રહ્યો? એ શ્રમણોએ કઈ આધુનિકતા અપનાવી હતી? ધર્મને પોતાનું સત્ત્વ છે જ.

આધુનિકો કહે છે કે ઈલક્ટ્રોનિક સાધનો દા. ત. વિજળી, માઈક, મોબાઈલ, લેપટોપ, પંખા, એસી, વગેરેનો ઉપયોગ કરવો જોઇએ. પણ ભાઈ, આ બધામાં વિદ્યુતનો ઉપયોગ છે અને વિદ્યુત સચિત તેઉકાય છે. જૂઓ 'વિદ્યુત સજીવ યા નિર્જિવ?' મુનિ યશોવિજયજી સંવત-૨૦૫૮, અને 'શું વિદ્યુત સચિત તેઉકાય છે?' મુનિ મહેન્દ્રકુમાર-સંવત ૨૦૦૫–આ બન્ને પુસ્તકો વર્ષો પહેલાં લખાયા છે અને એ પ્રમાણભૂત છે.

યુવાન શ્રમણ-શ્રમણીના હાથમાં સ્માર્ટફોન, લેપટોપ આવ્યાથી એઓ એમાં શું જુએ છે એની તકેદારી કોણ રાખશે? આ બધું 'સર્ફીંગ' કરશે તો સ્વાધ્યાય અને ધ્યાન ક્યારે કરશે?

હવે ઉપરની બધી વસ્તુનો લગભગ ઘણાં શ્રમણ-શ્રમણીઓ ઉપયોગ કરે છે. મોબાઈલ માટે ઘણાં પોતે મોબાઈલને કાને નથી સ્પર્શાવતા પણ માઈક ઉપર સાંભળે છે અને અન્ય વચેટિયા પાસે વાત કરાવે છે. આનો શો અર્થ? વિદ્યુતનો ઉપયોગ તો થયો જ ને? મનને આ તે કેવું આશ્વાસન?

આધુનિકતાના નામે છૂટો મૂકતા જઈશું પછી પ્રચાર થાય કે ન થાય પણ આચારશિથીલતા તો જરૂર થવાની અને પ્રતિજ્ઞાભંગનો દોષ તો ખરો જ.

જો કે અંગત રીતે હું માનું છું કે માઈકનો મર્યાદિત ઉપયોગ, એ જ પ્રમાણે માત્ર મોબાઈલ–સ્માર્ટ ફોન નહિ–નો ઉપયોગ કરવો જોઈએ, તેમ જ કોમ્પ્યુટર ઉપાશ્રયમાં જાહેરમાં રખાય, આટલી આધુનિકતાનો સ્વીકાર આ યુગમાં જરૂરી ખરો.

કેટલાકનું એવું માનવું છે કે ઉપાશ્રય એસી હોય તો જ નવી પેઢી આવશે. આ કેવી દલીલ? નવી પેઢીને અપરિગ્રહની સાદગી આપવી છે કે પરિગ્રહના એશો આરામ?

એવી દલીલ પણ આવશે કે ડીસ્કો મ્યુઝિક હશે તો જ યુવાનો ભાવના ભક્તિમાં આવશે!! ભાવના ગીતમાં રાગ-રાગિણી અને લોક ઢાળને ભૂલીને ફિલ્મી સંગીત તો આવી જ ગયું છે!!

'ધર્મપ્રચાર અને શ્રાવકોને પ્રવચન-ઉપદેશ લાભ આપવા માઈક અને વાહનોનો ઉપયોગ જરૂરી છે.' આવી દલીલો પણ થાય છે. ભૂતકાળમાં જાણે કોઈ શ્રાવકોનો ઉદ્ધાર થયો જ નહિ હોય?! ધર્મ પ્રચાર થયો જ નહિ હોય? અને બહુ મોટી છૂટથી તો ધર્માચાર બચવાની કોઈ જગ્યાજ નથી!

હવે તો મોટા મોટા અનુષ્ઠાનો સંઘ દ્વારા નહિ, પણ અંગત યોજનાથી થાય છે. આ બધાંનો હિસાબ ક્યાં? ધર્મ ધંધો થઈ ગયો? શ્રમણ-શ્રમણીઓને નામે કેટલા ખાનગી ટ્રસ્ટો છે એની વિગત સંઘો પાસે છે? ટ્રસ્ટીઓ તો માત્ર નામના જ હોય છે.

શ્રમણ-શ્રમણી જગતે આ ઉપરાંત હજી તો આવા ઘણાં પ્રશ્નો ઉકેલવાના છે.

આ રહ્યા બીજા પ્રશ્નો:

આચાર્ય પદવી માટે કોઈ ખાસ નિયમ કે પરીક્ષા ખરી?

દેવદ્રવ્યનો ઉપયોગ અન્ય જરૂરિયાત માટે કેમ નહિ?

આ યુગમાં બાળદીક્ષા હિતાવહ ખરી?

તિથિચર્ચાનો વિવાદ પૂરો થાય તો અનેક સંવત્સરીનો સામનો ન કરવો પડે. સ્થંડિલ પરઠવાનો ગંભીર સવાલ જલદી ઉકેલાવવો જોઈએ, નહિ તો શહેરના અજૈનોનો વિરોધ થશે. ઉપાશ્રયની પરવાનગી મળવી અશક્ય બનશે.

વૃદ્ધ શ્રમણ-શ્રમણીઓનો સ્થિરવાસ તો મહા પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉકેલ હવે તો જલદી આવવો જોઈએ. ચાતુર્માસ પ્રવેશ કે અન્ય પ્રસંગોની ભવ્યાતિભવ્ય નિમંત્રણ 'કંકોત્રી'માં કેટલો કાગળ વપરાય છે એ અંદાજ છે? જ્યોતિષ જોઈ આપી, દોરા-ધાગા આપી મિથ્યાત્વને પોષણ આપી શ્રાવક-શ્રાવિકાને પોતાના માનીતા શિષ્યો બનાવવા અને શાસ્ત્રોમાં ન હોય એવા ખર્ચાળ પૂજનો કરાવવા. ભવ્ય વરઘોડા, એમાં હાથી, ઘોડા, કઈ દિશામાં આ ધર્મ જઈ રહ્યો છે?

પુસ્તક પ્રકાશન માટે ખૂબ જ મોટી ધનરાશીનો ઉપયોગ, એમાં વળી આ પ્રકાશનો માટે ભવ્યાતિભવ્ય સંમેલનો!! આ પુસ્તકોમાંથી કાળની કસોટીમાંથી ક્યું ચિરંજીવ થશે?

શ્રી સેવંતીભાઈએ આવા ઘણાં પ્રશ્નોની હારમાળા મૂકી ભવિષ્યના શ્રમણ-શ્રમણીનું એક શબ્દ ચિત્ર મૂક્યું છે. એ અત્રે એજ શબ્દોમાં અહીં પ્રસ્તુત કરીએ છીએ.

''હવે પછીની પરિસ્થિતિમાં–

આપણે એક પૂજ્યશ્રી પાસે જઈશું, પંખો / કદાચ એ.સી. ચાલતું હશે. બે-ત્રણ મોબાઈલ, લેપટોપ ચારે બાજુ પડેલા હશે. કંકોત્રીઓ કે પ્રકાશનોની પ્રિન્ટ નીકળતી હશે. પૂજ્યશ્રી તેઓશ્રી માટે બનાવેલ સિંહાસન તૂલ્ય પાટ પર ચાર-પાંચ લિયરની ગાદી પર (નીચે આસન હશે) બિરાજમાન હશે. આ સિંહાસનો, ગાદીઓ, પંખા, એ.સી., લેપટોપ,– આજે જ વોટ્સએપ પર એક ફોટો આવ્યો, એક પૂજ્ય આચાર્ય ભગવંત પાલખીમાં આશીર્વાદ મુદ્રાએ બિરાજમાન છે. આચાર્ય ભગવંતોએ પાલખી ઉંચકી છે તેમાં એક વૃદ્ધ આચાર્ય ભગવંતના (પાલખી ઉંચકનાર) ચહેરા પર જે પરિશ્રમના દર્શન થાય છે તે કોઈપણ શ્રાવકને સ્તબ્ધ કરી દે તેવું દર્શન છે.

સદી પહેલાં અસ્ત થયેલ યતિ પ્રથા તરફ મક્કમ ડગ તો નથી માંડ્યા ને? આપણે.

ગાદી સ્થાનો તો ઘણાં વર્ષો પહેલાં બનાવવાનું પ્રારંભાયું છે, બન્યાં છે, બની રહ્યાં છે.

*સદી પહેલાં અસ્ત થયેલ યતિ પ્રથા તરફ મક્કમ ડગ તો નથી માંડ્યા ને? આપણે.*

ગડમથલના આ પ્રશ્નોમાં કદાચ આ પ્રશ્નોના ઉત્તર જે તે સમુદાય પોતે શોધે – પોતાને ઠીક લાગે તેમ નિર્ણય લે તેવો નિર્ણય લેવાય. સમુદાયોને આવા પ્રશ્નોએ નિર્ણય લેવાનું કહેવું તે તો શાસનને સમુદાયોમાં વિભાજન તરફ દોરવાનું મહાકાર્ય થશે, શાસન નહિ રહે – સમુદાયોનું અંધાધૂંધ શાસન બનશે.''

આ કથન અવશ્ય મંથન માંગી લે છે. આ બધા પ્રશ્નો છે. છે જ. એનો સત્વરે ઉકેલ લાવવો ખૂબ જરૂરી છે. આધુનિકતાનો આખે આખો ઊંટ શુદ્ધ ધર્મના તંબૂમાં ઘૂસી જશે તો?

આનો એક જ ઉપાય છે. સત્વરે ચારે ફિરકાનું સંમેલન યોજાય, એમાંથી એક ફેડરેશનનો જન્મ થાય અને એ ફેડરેશન શાસ્ત્ર માન્ય નિયમો ઘડે જે સર્વમાન્ય થાય.

લગભગ સાડા ત્રણસો વરસ પહેલાં આનંદઘનજીએ વ્યથિત હૃદયે ગાયું હતું:

ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં,<br>
તત્ત્વની વાત કરતાં ન લાજે<br>
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,<br>
મોહ નડીઆ કલિકાલ રાજે.

આ લેખ લખતા લખનારે એક વેદનામાંથી પસાર થવું પડ્યું છે. કોઈ જીવાત્માને આ લખાણથી દુ:ખ પહોંચ્યું હોય તો આ લખનાર હૃદયથી એ સર્વેની ક્ષમા માંગે છે.

*જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે છે ધાર*<br>
*આ છે અણગાર અમારા.*<br>
*દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા*<br>
*આ છે અણગાર અમારા.*<br>
***દીક્ષાની સાથે પંચમહાવ્રત અંતરમાં ધરનારા***<br>
*મારગ હો ચાહે કાંટાળો, પહેરે ના કાંઈ પગમાં*<br>
*કાયેથી સઘળા વાળ ચૂંટીને માથેથી મુંડન કરનારા*<br>
*આ છે અણગાર અમારા.*

અમારો આશય માત્ર અને માત્ર સત્ય પ્રગટનો અને દીવીદાંડીનો છે. કદાચ અમારી એ પાત્રતા પણ ન હોય. પરંતુ હૃદયના ભાવને રોકવા અમે અસમર્થ છીએ. પુનઃ ક્ષમાયાચના.

શાસનની રક્ષા તો આ ધર્માત્મા જ કરવાના છે. આ સર્વ ગુરુજન મહાન આત્માઓ અમારા માટે મોક્ષ પથદર્શક છે. અમારા કોટિ કોટિ વંદન હો.

☐ **ધનવંત શાહ**<br>
dtshah1940@gmail.com

# ઉપનિષદમાં યજ્ઞવિચાર

☐ ડૉ. નરેશ વેદ

યજ્ઞ શબ્દ પૌરાણિક કાળનો છે. એ કાળમાં એ શબ્દ અનેક અર્થનો વાહક હતો. જેમ કે, હળીમળીને રહેવું. દાન કરવું. ઉદાત્ત ચરિત્રવાળા મહાત્માઓનું પૂજન કરવું. સંકીર્તન કરવું. હોમ-હવન કરવાં, વગેરે. પરંતુ યજ્ઞ એ સંજ્ઞાનો ધાતુગત અર્થ જોઈએ તો તે પૂજા એવો થાય છે. પૂજામાં આરાધના, ઉપાસના, સાધના, ભક્તિ, સેવા એવા અર્થો તો સમાવિષ્ટ છે; પરંતુ વધારાનો એક અર્થ બલિદાન (Sacrifice) એવો પણ અંતર્નિહિત છે. જેમ કે, કમળપૂજા. સ્વાર્થની દૃષ્ટિએ નહીં, પરંતુ પરમાર્થ, પરોપકાર કે પરમોપકારની દૃષ્ટિએ પોતાની વહાલામાં વહાલી અને અમૂલ્ય વસ્તુનું બલિદાન કરી દેવું એવો અર્થ એમાં અભિપ્રેત હતો. સાથોસાથ બીજો ખ્યાલ સ્વાર્થપૂર્તિ માટે હોમહવન કરી, દાન કરી, કોઈને રીઝવવા એવો અર્થ પણ એમાં અભિપ્રેત હતો. જેમકે, પુત્રકામેષ્ટિ યજ્ઞ, અશ્વમેઘયજ્ઞ, રાજસૂયયજ્ઞ, સર્વમેઘયજ્ઞ, લઘુરુદ્રયજ્ઞ, સપ્તચંડીયજ્ઞ, નવચંડીયજ્ઞ, સહસ્રચંડીયજ્ઞ. પરંતુ બદલાતા સમય સંજોગોમાં યજ્ઞ સંજ્ઞાના અર્થોમાં પણ પરિવર્તન આવ્યું છે. સાંપ્રત સમયમાં યજ્ઞ સંજ્ઞાનો અર્થ થાય છે; કેવળ સેવાભાવથી અથવા તો કેવળ પારમાર્થિક દૃષ્ટિએ કરેલું કર્મ. જેમકે, ભૂદાન યજ્ઞ, અસ્પૃશ્યતા નિવારણ યજ્ઞ, શ્રમયજ્ઞ, નેત્રયજ્ઞ, દંતયજ્ઞ. યજ્ઞ શબ્દના મૂળમાં તો ઋણમાંથી મુક્ત થવાની વાતનો સંકેત પણ હતો. સત્કર્મી મનુષ્યો જેમણે જેમણે પોતાના ઉપર ઉપકાર કર્યા હોય તેમનાં ઋણ ચૂકવવા ઈચ્છતો હોય છે. તેથી આપણાં પૂર્વજ જ્ઞાની ઋષિઓએ ઋણમુક્તિની ભાવનાને યજ્ઞમીમાંસા દ્વારા સમજાવી છે. પ્રત્યેક મનુષ્યે ઋણમાંથી મુક્ત થવા માટે પાંચ યજ્ઞો કરવા જોઈએ. એ પાંચ યજ્ઞો એટલે બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને અતિથિયજ્ઞ.

યજ્ઞ શબ્દનો યૌગિક અર્થ ત્યાગ હતો. એમાંથી સ્વાર્થત્યાગ એવો અર્થ વિકસ્યો, એમાંથી પરોપકાર એવો અર્થ વિકસ્યો અને એમાંથી આવી પરોપકારની પ્રવૃત્તિ એટલે સેવા એવો અર્થ વિકસ્યો. અંગત હિતલાભને બદલે નિ:સ્વાર્થભાવે થતી પરમાર્થી કે પરોપકારી પ્રવૃત્તિ એટલે સેવાયજ્ઞ, એવો અર્થ વિકસેલો છે. આ ઉપરાંત, આપણાં કરતાં વિશાળ દૃષ્ટિવાળા ચડિયાતા પ્રાણીની પાસેથી ધર્મોનું મુખ્ય જ્ઞાન મેળવવા માટે અથવા ચિત્તશુદ્ધિ માટે આપણને વહાલામાં વહાલું એવું દ્રવ્ય હોય તેનો ઈશ્વરપ્રીત્યર્થે ત્યાગ કરવો એનું નામ યજ્ઞ, એવો અર્થ પણ ધ્વનિત થતો રહેતો હતો. આવા બધા લૌકિક કે ભૌતિક અર્થો ઉપરાંત યજ્ઞ શબ્દનો આધ્યાત્મિક અર્થ પણ વિકસેલો છે. જેમકે, તપોયજ્ઞ, યોગયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, જપયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ. એક યા બીજા, કોઈ પણ યજ્ઞનો આધાર લીધા વિના જીવન જીવનાર મનુષ્ય પાપી છે, એવું ભારતીય પ્રજાનું મંતવ્ય છે. ભારતીય પ્રજાને મન ધર્મનો એક પાયો યજ્ઞ છે. યજ્ઞ હિંદુ સનાતન ધર્મની મુખ્ય મુદ્રા છે. યજનીય કે ઈષ્ટ દેવતાને માટે દ્રવ્યત્યાગ કરવો એને હિંદુ પ્રજા ધર્મનું આવશ્યક અંગ સમજે છે.

હિંદુ ધર્મની આધારશિલા સમાન ઉપનિષદમાં યજ્ઞનો શો ખ્યાલ છે તે હવે જોઈએ.

ઉપનિષદના ઋષિઓનું માનવું છે કે પાંચ લોક છે: બ્રહ્મ, અંભ, મરિચી, મર અને આપ. આ પાંચેય લોકથી બનેલી સમગ્ર સૃષ્ટિ એક યજ્ઞ છે. પૃથ્વી, અંતરિક્ષ, દ્યુલોક, દિશાઓ અને અવાંતર દિશાઓ એ લોકરૂપ પાંક્ત છે. અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્ર અને નક્ષત્રો દેવતારૂપ પાંક્તો છે. જળ, ઔષધિ, વનસ્પતિ, આકાશ અને આત્મા ભૂતરૂપ પાંક્ત છે. સૃષ્ટિમાં જીવનો જન્મ અને જીવનું મરણ યજ્ઞ છે. ગ્રહો અને નક્ષત્રોની ગતિ યજ્ઞ છે. સૂર્ય અને ચંદ્રના ઉદય અને અસ્ત યજ્ઞ છે. પૃથ્વીનું ભ્રમણ યજ્ઞ છે. જળનું વહન યજ્ઞ છે, અગ્નિનું પ્રજ્વલન યજ્ઞ છે, વાયુનો વેગ યજ્ઞ છે, આકાશના બદલતાં રૂપરંગ અને બદલાતી ઋતુઓ યજ્ઞ છે. વાદળ, વૃષ્ટિ, વીજળીના ચમકારા, ઔષધિ અને વનસ્પતિનું પ્રાગટ્ય, વસ્તુ-દ્રવ્યનાં પરિમાણો અને પ્રતીતિઓ, તેમની સ્થિતિ-ગતિ એ મહાયજ્ઞની વિધિના ભાગ રૂપ છે.

તો પ્રાણ, વ્યાન, અપાન, ઉદાત અને સમાન પ્રાણરૂપ પાંક્ત છે. આંખ, કાન, મન, વાણી અને ત્વચા ઈન્દ્રિયરૂપ પાંક્ત છે. ચામડી, માંસ, સ્નાયુ, હાડકાં અને મજ્જા ધાતુરૂપ પાંક્ત છે. આ આધ્યાત્મિક ઉર્ફે શરીર સંબંધી પંચકો છે. પ્રાણો અને દેવોને રાખવા માટે આ શરીર એક વસુધાન કોશ છે. એમાં જ સર્વ પ્રાણો, સર્વ દેવો, સર્વ લોકો અને સર્વ વ્યાહૃતિઓ તેમજ સર્વ વેદો છે. મતલબ કે જીવનું શરીર યજ્ઞ છે. શરીરના જુદા જુદા ભાગોમાં રહીને જીવનાં જુદાં જુદાં કાર્યો કરતાં પ્રાણો અને કાન-આંખ જેવી ઈન્દ્રિયોના દેવો આ યજ્ઞનાં ઉપકરણો સમાન છે. જ્યારે શરીરમાં ચાલતી શ્વસનક્રિયા, રુધિરાભિસરણક્રિયા, ચયાપચય ક્રિયા, સપ્તધાતુ સર્જનની ક્રિયા એ મહાયજ્ઞની વિધિના ભાગરૂપ છે.

તૈત્તિરીય ઉપનિષદના ઋષિ કહે છે, આ બધું જ જગત, આ રીતે, પાંક્ત (પંચક) રૂપ છે, આધ્યાત્મિક પાંક્ત વડે મનુષ્ય બહારનું પાંક્ત જાણે છે. એમનો કહેવાનો મતલબ એ છે કે આ જગતમાં એક અખંડ કર્મયજ્ઞ ચાલી રહ્યો છે, એને સૌએ સમજવાનો છે. દરેક

પદાર્થો, દ્રવ્યો અને જીવો પોતપોતાને ફાળે આવેલું કર્મ અવિશ્રાન્તરૂપે કર્યે જાય છે. જેને આત્મવિદ્યા જાણી બ્રહ્મને સમજવું અને પામવું છે, એટલે કે જીવનના અંતિમ ધ્યેય અને રહસ્યને સમજવું અને પામવું છે, તેને વ્યષ્ટિ અને સમષ્ટિ કક્ષાએ ચાલતા આ આંતર અને બાહ્ય યજ્ઞકર્મને સમજવું જોઈએ. શરીર વડે આત્માને જાણી શકાય અને આત્મા વડે બ્રહ્માંડ અને બ્રહ્મને જાણી તથા પામી શકાય.

એ કેવી રીતે જાણી શકાય એની સમજૂતી ઋષિઓએ 'યજ્ઞ' 'યજ્ઞવેદી' અને એમાં પ્રગટાવવામાં આવતા 'અગ્નિ' અને એમાં હોમવામાં આવતી 'આહુતિઓ'ના રૂપકોથી સમજાવી છે. જેમ કે મુંડક ઉપનિષદના ઋષિ જણાવે છે કે જેવી રીતે બરાબર સળગેલા અગ્નિમાંથી એકસરખા હજારો તણખાં ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે અક્ષર બ્રહ્મમાંથી વિવિધ પ્રકારના જડ-ચેતન આદિ પદાર્થો ઉત્પન્ન થાય છે અને છેવટે તેમાં જ લય પામે છે. એ અક્ષર પુરુષથી પણ ઉપર રહેલો પરમ પુરુષ દિવ્ય, નિરાકાર, બહાર-અંદર બધે રહેલો, અજન્મા, પ્રાણરહિત, મનરહિત અને શુદ્ધ છે. એ પરમ પુરુષમાંથી પ્રાણ, મન, સર્વ ઈન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને સર્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે. તેનું માથું અગ્નિ છે, તેની આંખો સૂર્ય અને ચંદ્ર છે, તેના કાન દિશાઓ છે, તેની વાણીમાંથી વેદો થયા છે, તેનો પ્રાણ વાયુ છે, તેના બે પગમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ છે, તે સર્વ ભૂતોનો અંતરાત્મા છે.

તે અક્ષર પુરુષમાંથી અગ્નિતત્ત્વ ઉત્પન્ન થયું છે, એ અગ્નિતત્ત્વ માટે સૂર્ય બળતણ રૂપ છે. તે અક્ષર પુરુષમાંથી સોમતત્ત્વ ઉત્પન્ન થયું છે, તેમાંથી વરસાદ વરસે છે. તે વરસાદને લઈને અનાજ પાકે છે અને એ અનાજ ખાવાથી ઉત્પન્ન થયેલા વીર્યને પુરુષ સ્ત્રીમાં મૂકે છે. આમ એ અક્ષર પુરુષમાંથી અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન થાય છે.

વેદની ઋચાઓ, સામવેદના અને યજુર્વેદના મંત્રો, દીક્ષાઓ, યજ્ઞો, સર્વે યાગો. દક્ષિણાઓ, સંવસ્તર (વર્ષો) અને યજમાન, તેમજ જેમાં સોમ અને અગ્નિતત્ત્વો (ચંદ્ર અને સૂર્ય) રહેલાં છે તેવા લોકો એ અક્ષર પુરુષમાંથી જ ઉત્પન્ન થાય છે. અનેક પ્રકારના દેવો, સાધ્યો, મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, પ્રાણ અને અપાન, ડાંગર અને જવ (અનાજ), તપ, શ્રદ્ધા, સત્ય, બ્રહ્મચર્ય અને વેદની આજ્ઞાઓ પણ એ પુરુષમાંથી જ ઉત્પન્ન થયેલાં છે. સાત પ્રાણો, સાત જ્યોતિઓ, સમિધનાં સાત લાકડાં, સાત હોમો, અને જેમાં સાત સાત રૂપે સાત પ્રાણો છુપાઈને રહ્યા છે એવા આ સાત લોકો પણ એ પુરુષમાંથી જ ઉત્પન્ન થયા છે. સમુદ્રો અને પર્વતો તેમાંથી જ થયા છે. બધા પ્રકારની નદીઓ તેમાંથી જ નીકળીને વહે છે, બધી ઔષધિઓ અને રસ તેમાં જ ઉત્પન્ન થયા છે. એ પુરુષ જ ક્ષરદૃષ્ટિએ સર્વ કર્મરૂપ છે, અક્ષરદૃષ્ટિએ તપરૂપ છે અને અવ્યયદૃષ્ટિએ પર નામનું અમૃત બ્રહ્મ છે. જે આ ગુફામાં છુપાયેલા તત્ત્વને જાણ છે તે અજ્ઞાનરૂપ બંધનને તોડી નાખે છે.

એમની વાણીમાં રહેલી રૂપકાત્મકતા દૂર કરીને કહીએ તો આ સચરાચર સૃષ્ટિમાં બ્રહ્મ (સત્ય)રૂપી ચેતનતત્ત્વનો જ વિલાસ છે, એની જ આ બધી રમણા છે. આ વિલાસ કે આ રમણા એક વિરાટ યજ્ઞ છે. પિંડે અને બ્રહ્માંડે ચાલી રહેલી સર્જન અને વિસર્જનની પ્રક્રિયા પણ એ યજ્ઞના ભાગરૂપ જ છે. અનંત કોટિ બ્રહ્માંડો હોય તો તે બધાં યજ્ઞકુંડ જ છે. તેમાં જુદાં જુદાં ઉપકરણો (સાધનો) દ્વારા યજન-પૂજન (હોમ-હવન)ની વિધિ નિરંતર ચાલ્યા કરે છે. આ યજ્ઞ અક્ષરબ્રહ્મનો જ વિકાસ છે. તેની વ્યવસ્થા અત્યંત સુંદર અને નિયમિત છે. એક બાજુ અધિદૈવત વિશ્વ (દેવતાઓથી વ્યાપ્ત વિશ્વ) અને બીજી બાજુથી અધ્યાત્મ શરીર (આત્માથી વ્યાપ્ત શરીર)રૂપી યજ્ઞોનું સ્વરૂપ પૂર્ણરૂપવાળું છે. એટલે યજ્ઞથી અતિરિક્ત, એનાથી બહાર બીજું શું છે? બીજું કશું નથી. વ્યાધિ અને સમષ્ટિ નિરંતર ક્રિયાશીલ છે. એમાં અહોનિશ ચાલી રહેલી ક્રિયા એ કર્મયજ્ઞ જ છે. આ યજ્ઞ વડે જ ગુફામાં ગૂઢ અને ગુહ્ય રહેલા અંતિમ સત્ય કે રહસ્યરૂપ બ્રહ્મપુરુષને ઓળખી શકાય. માટે જ વેદોમાં યજ્ઞને 'અમૃતનાભિ' કહ્યો છે. એ બ્રહ્મતત્ત્વને આંતર્યાગ અને બહિર્યાગ દ્વારા, તપ દ્વારા, સદ્‌ગુરુના માર્ગદર્શન અને આશીર્વાદથી સમજીને પામી શકાય. બ્રહ્મચર્ય અને અધ્યયન એ તપ છે અને પોતપોતાને ફાળે આવેલા સ્વધર્મો અને સત્કર્મો આંતરબાહ્ય યજ્ઞો છે. છાંદોગ્ય ઉપનિષદમાં આ કારણે જ પુરુષ, પવન અને બ્રહ્મચર્યને યજ્ઞ કહીને ઓળખાવ્યાં છે.

વ્યષ્ટિ અને સમષ્ટિનાં સ્વધર્મો અને સત્કર્મોરૂપે ચાલતાં આ યજ્ઞનો દેવતા અગ્નિ છે. તેને સાત જિહવાઓ છે, તેવી જ રીતે વિરાટ સૂર્યના સાત કિરણો છે. આ સાત જિહ્‌વાઓ અને સાત કિરણો એકબીજાની વૃદ્ધિ કરે છે. વેદના ઋષિઓએ જે સત્યનું દર્શન કર્યું, તે જ સત્ય યજ્ઞના ત્રણ અગ્નિઓમાં રહેલું છે. એ ત્રણ અગ્નિ છેઃ આહ્‌વનીય અગ્નિ, દક્ષિણ અગ્નિ અને ગાર્હપત્ય અગ્નિ. આહ્‌વનીય અગ્નિ દ્યુલોક અથવા મન છે, દક્ષિણ અગ્નિ અંતરિક્ષ અથવા પ્રાણ છે અને ગાર્હપત્ય અગ્નિ પૃથ્વી અથવા પંચભૂતો છે. એટલે કે ભૂલોક, અંતરિક્ષલોક અને સ્વર્ગલોક–એ ત્રણેયમાં આ ત્રણ અગ્નિઓ છે. ભૂલોકમાં એ અગ્નિરૂપે છે, અંતરિક્ષલોકમાં એ પ્રાણ એટલે વાયુરૂપે છે અને સ્વર્ગલોકમાં એ આદિત્ય એટલે સૂર્યરૂપે છે. આ ત્રણેય અગ્નિદેવો જે યજ્ઞકાર્ય કરી રહ્યા છે તેમાં આપણે ત્રિસંધ્યા દ્વારા ત્રણ વખત હોમ કરવાનો હોય છે. આપણે પ્રાતઃસંધ્યા દ્વારા સવારે જે હોમ કરીએ છીએ તે પૃથ્વી (વસુધા) માટે છે, મધ્યાન્હસંધ્યા કરીને બપોરે જે હોમ કરીએ છીએ તે રુદ્રો માટે છે અને સાયંસંધ્યા દ્વારા સાંજે જે હોમ કરીએ છીએ તે આદિત્યો અને વિશ્વદેવા નામના દેવતાઓ માટે છે. ગાર્હપત્ય અગ્નિમાં અપાતી આહુતિ સર્વ ભૂતસૃષ્ટિ (જીવો) માટે છે, દક્ષિણાગ્નિમાં અપાતી આહુતિ પિતૃઓ માટે છે અને આહ્‌વનીય

અગ્નિમાં અપાતી આહુતિ દેવોને માટે છે.

ઉપનિષદકાળમાં આને આધારે પંચ મહાયજ્ઞના અને પંચાગ્નિના ખ્યાલો વિકસેલા છે. પંચાગ્નિ વિદ્યામાં જણાવાયું છે તે પાંચ પ્રકારના અગ્નિ છે જે સર્જનનું, પાલનનું, પોષણનું અને વિનાશનું કાર્ય કરે છે. તે પાંચ અગ્નિ છે (૧) લોકરૂપી અગ્નિ (૨) પર્જન્યરૂપી અગ્નિ (૩) પૃથ્વીરૂપી અગ્નિ (૪) પુરુષરૂપ અગ્નિ (૫) સ્ત્રીરૂપ અગ્નિ. સ્વર્ગલોકમાં શ્રદ્ધાનો હોમ કરવાથી સોમ ઉત્પન્ન થાય છે. અગ્નિમાં સોમનો હોમ કરવાથી વરસાદ થાય છે. પૃથ્વીમાં વરસાદનો હોમ કરવાથી અન્ન ઉત્પન્ન થાય છે. પુરુષમાં અન્નનો હોમ કરવાથી વીર્ય ઉત્પન્ન થાય છે અને સ્ત્રીમાં વીર્યનો હોમ કરવાથી જીવ ઉત્પન્ન થાય છે. આમ, પાંચ પ્રકારના અગ્નિમાં પાંચ પ્રકારના હોમની ક્રિયા નિરંતર ચાલતી રહે છે.

ઉત્પન્ન થયેલા જીવાત્માના વૃદ્ધિ અને વિકાસમાં પાંચ વ્યક્તિઓનું યોગદાન હોય છે. એ પાંચ વ્યક્તિઓ છે: (૧) દેવો (૨) ગુરુઓ (૩) પિતૃઓ (૪) ભૂતો અને (૫) અતિથિઓ. એ પાંચેય વ્યક્તિઓનું પોતાના ઉપર જે ઋણ ચડેલું હોય છે, એમાંથી ઋણમુક્ત થવા જીવાત્માએ પાંચ યજ્ઞો કરવા જોઇએ. એ પાંચ યજ્ઞો એટલે દેવયજ્ઞ, ઋષિયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને અતિથિયજ્ઞ. આ પાંચેય વ્યક્તિઓનું પૂજન, અર્ચન, સંકીર્તન કરીને, એમને માન, સન્માન અને આદર આપીને, એમને માટે પ્રિય વસ્તુ કે દ્રવ્યનો ત્યાગ કરીને એમનું તર્પણ કરવું જોઇએ.

આગળ ચાલતાં આ ઋષિઓ આ યજ્ઞોમાં આહુતિ કેવી રીતે અને શા માટે આપવી જોઈએ તે સ્પષ્ટ કરે છે. મુંડક ઉપનિષદના ઋષિ કહે છે, યજ્ઞવેદીમાં જ્યારે સળગેલા અગ્નિમાં જ્વાળાઓ ભભૂકી ઊઠે, ત્યારે ઘીના બે ભાગની વચમાં આહુતિઓ અર્પણ કરી નિત્ય હોમ કરવો. એ જ અગ્નિહોત્ર છે. પરંતુ જેમનું અગ્નિહોત્ર અમાસ-પૂનમ-ચાતુર્માસ અને આગ્રયણ નામની ઇષ્ટિઓ (યાગો) વિનાનું રહે છે તેમજ અતિથિ વિનાનું, હોમ વિનાનું, વિશ્વદેવના બલિ વિનાનું અથવા અવધિપૂર્વકની આહુતિવાળું રહે છે, તેના સાતેય લોકોનો એ અગ્નિહોત્ર નાશ કરે છે.

આ અગ્નિની સાત જિહ્‌વાઓ છે. એ છે: કાલી (સંહારક), કરાલી (ભયંકર), મનોજવા (મન જેવી ઝડપી), સુલોહિતા (ખૂબ લાલ), સુધ્રૂમવર્ણા (ધુમાડા જેવા રંગવાળી), સ્ફુલિંગની (તણખા ઝરતી), અને વિશ્વરૂપા (સર્વ પ્રકારના રૂપવાળી)–જે આ પ્રજ્વલિત જિહ્‌વાઓમાં સમયાનુસાર આહુતિઓ આપીને જીવન ગુજારે છે, તેને એ આહુતિઓ અને સૂર્યનાં સાત કિરણો દેવોના દેવ એવા પરમ પુરુષ જ્યાં નિવાસ કરે છે, ત્યાં લઈ જાય છે. 'આવ, આવ' એમ કહેતી, તેમજ 'આ તમારા સત્કર્મનાં ફળરૂપ પવિત્ર બ્રહ્મલોક છે' એમ પ્રિય વચન કહીને સત્કારતી એ ઝળહળતી આહુતિઓ એ અગ્નિહોત્રીને સૂર્યનાં કિરણો દ્વારા બ્રહ્મલોકમાં લઈ જાય છે.

આ યજ્ઞોના જુદા જુદા પ્રકારો છે. જેમ કે, ક્રિયાત્મક અને ભાવાત્મક, સકામ અને નિષ્કામ, કર્માત્મક અને આધ્યાત્મિક. જરા એ પણ સમજીએ. જીવનની યજ્ઞરૂપી નૌકા પર પ્રવાસ કરીને લોકો આ જીવનરૂપી સમુદ્રથી પાર જવાનો પ્રયત્ન કરે છે એ કર્માત્મક કે ક્રિયાત્મક યજ્ઞ છે. પુત્ર કામેષ્ટિયજ્ઞ, પર્જન્યયજ્ઞ વગેરે સકામ યજ્ઞો છે. જ્યારે વિષ્ણુયાગ, સૌરયાગ વગેરે નિષ્કામ યજ્ઞ છે. વેદાન્ત જ્ઞાનને જ સાચો ઉપાય માને છે, એટલે આવા સકામ અને કર્માત્મક યજ્ઞની ઉપયોગિતા સ્વીકારતું નથી. સાચા જ્ઞાનીનું લક્ષ્ય તો કર્મબંધન અને યજ્ઞપ્રપંચથી પર થઈ છૂટવાનું હોય છે. અને વળી આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આખરી સાધન તરીકે યજ્ઞની ઉપયોગિતા નથી. એટલે તો મુંડક ઉપનિષદના ઋષિ આ યજ્ઞરૂપી હોડીઓ કે તરાપાઓ દૃઢ સાધન નથી, પણ અદૃઢ સાધન છે, એમ કહે છે. ભલે મુક્તિસાધક આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે એ નિર્બળ સાધન છે, પણ ચિત્તની શુદ્ધિ માટે કે જ્ઞાનની કક્ષાએ પહોંચવાના સાધન તરીકે સાંસારિક લોકો માટે યજ્ઞનો ઉપનિષદમાં નિષેધ નથી. નરબલિ કે પશુબલિના કર્મકાંડયુક્ત ક્રિયાત્મક સકામ યજ્ઞોને બદલે યજ્ઞનું આધ્યાત્મિક સ્વરૂપ કલ્પીને તેને ઉચ્ચત્તર અર્થ અને ભાવની કક્ષા ઋષિઓએ આપી છે.

✶ ✶ ✶

કદમ્બ બંગલો,
પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
મોબાઈલ : ૦૯૭૨૭૩૩૩૦૦૦

## ૨૩મો જૈન સાહિત્ય સમારોહ

### સોનગઢ – ૪,૫,૬,૭ ફેબ્રુઆરી – ૨૦૧૬

શ્રી રૂપ-માણેક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૨૩મો જૈન સાહિત્ય સમારોહ સોનગઢ (પાલિતાણા પાસે) મુકામે શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ ખાતે ૪, ૫, ૬ અને ૭ ફેબ્રુઆરી – ૨૦૧૬ ચારદિવસ માટે યોજાશે. આ સમારોહમાં જૈન ધર્મના ચારેય ફિરકાના વિદ્વદ્‌જનો નીચેના વિષયો પર પોતાના શોધ નિબંધો પ્રસ્તુત કરશે. (૧) જૈન આગમ સાહિત્ય વિશેનું સાહિત્ય, (૨) જૈન તીર્થ સાહિત્ય, (૩) બાર ભાવના અને ચાર પરા ભાવના, (૪) જૈન સઝ્ઝાય. શોધ નિબંધ પ્રસ્તુત કરવા અને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ પત્ર અને રજિસ્ટ્રેશન ફોર્મ મેળવવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈનો સર્વ જિજ્ઞાસુજનોને સંપર્ક સાધવા નમ્ર વિનંતી.

ફોન નં. ૦૨૨ ૨૩૭૫ ૯૨૭૯ – ૦૨૨ ૨૩૭૫ ૯૩૯૯

## મુંબઈમાં સર્વપ્રથમ યોજાનારી

# ડૉ. કુમારપાળ દેસાઈની અનોખી ત્રિદિવસીય શ્રીમદ્ રાજચંદ્ર કથા

એક નાનકડી કેડી રચીએ અને સમય જતાં એ રાજમાર્ગ બની જાય, તે રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે શરૂ કરેલી ત્રિદિવસીય કથા આજે રાજમાર્ગ બની ચૂકી છે. આ કથાઓનું મુંબઈના શ્રોતાઓએ તો રસપાન કર્યું, પણ દેશ-વિદેશમાં પણ આ કથા પ્રચલિત બની છે અને આગામી એપ્રિલ મહિનાની ૨૨-૨૩ અને ૨૪મી એપ્રિલે એની સાતમી કથાનો પ્રારંભ થશે. આ કથાની સમગ્ર પરિકલ્પના ડૉ. ધનવંત શાહની છે અને આ અગાઉ શ્રી મહાવીર જન્મ કલ્યાણકની આસપાસ 'મહાવીર કથા', 'ગૌતમ કથા', 'ઋષભકથા', 'નેમ રાજુલ કથા', 'પાર્શ્વ-પદ્માવતી કથા' અને ગયા વર્ષે માર્ચ માસમાં 'શ્રી હેમચંદ્રાચાર્ય કથા'નું સંસ્થાએ સફળતાપૂર્વક આયોજન કર્યું.

જૈનદર્શનના ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ એમની જ્ઞાનગહન, ચિંતનમુક્ત મર્મગામી વાણીમાં આ કથાઓની પ્રસ્તુતિ કરે છે. એ વિદિત છે કે ડૉ. કુમારપાળ દેસાઈએ વવાણિયા, કોબા, મોરબી, અમદાવાદ, રાજકોટ તથા મુંબઈમાં તથા વિદેશમાં શ્રીમદ્જી વિશે પ્રવચનો આપ્યા છે. એમના લેખોએ જનસમાજમાં શ્રીમદ્ રાજચંદ્ર વિશે જિજ્ઞાસા જગાડી છે. વળી એમના શ્રીમદ્ રાજચંદ્રજી વિશેનાં 'મૂળ માર્ગનું અમૃત અને અધ્યાત્મનું શિખર', `Pinnacle of Spiriytuality' અને 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી' પુસ્તકો પ્રસિદ્ધ છે.

આધુનિક સમયમાં થઈ ગયેલા શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનને અનુલક્ષીને આગામી કથાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજી એક સમર્થ આત્મજ્ઞાની મહાત્મા હતા. તેઓનું અધ્યાત્મજીવન અને તેઓનો બોધ જગતના જીવો માટે કલ્યાણરૂપ બન્યો છે. અપૂર્વ સ્મરણશક્તિધારક, જાતિસ્મૃતિ-જ્ઞાન ધરાવનાર, શતાવધાન દ્વારા અલૌકિક આત્મશક્તિ દર્શાવનાર, જ્યોતિષવિજ્ઞાનના અભ્યાસી, આજન્મ કવિ એવા શ્રીમદ્ રાજચંદ્રજી કીર્તિની ટોચે પહોંચ્યા હતા, ત્યારે તેમણે આ બધી બાબતને પરમાર્થબાધક ગણીને, સર્પ કાંચળી ઉતારી દે તેમ જગતને આંજી દેનારાં બાહ્ય પ્રદર્શનનોને તૃણવત્ ગણીને સહજતાથી ત્યાગ કર્યો. એ પછી શ્રીમદ્જીએ પોતાના જીવનમાં આધ્યાત્મિકતાને જ સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરી.

સં. ૧૯૨૪માં જન્મ ધારણ કરનાર શ્રીમદ્ રાજચંદ્રજીએ સં. ૧૯૪૭માં શુદ્ધ સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું અને તેઓ આંતરિક રીતે તીવ્ર ગતિએ પ્રગતિ કરતા રહ્યા. આ ખરેખર અનન્ય, અપૂર્વ અને અલૌકિક ઘટના ગણાય.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કોઈ ગચ્છ, મત કે સંપ્રદાયની તરફેણ કરી નહીં, કિંતુ આત્મધર્મની પ્રધાનતા દર્શાવી છે. શ્રીમદ્જીના પત્રોએ અધ્યાત્મમાર્ગમાં પ્રગતિ કરવામાં ખૂબ સહાય કરી છે. શ્રીમદ્ના શબ્દેશબ્દમાં એ પ્રતીત થાય છે કે તેઓ અન્ય દર્શનનું ખંડન કર્યા વિના જિનદર્શનની શ્રેષ્ઠતા દર્શાવે છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભક્તિ, જ્ઞાન અને ક્રિયાનો સુમેળ તથા નિશ્ચય અને વ્યવહારનો સમન્વય તેઓના તત્ત્વચિંતનમાં પ્રગટ થાય છે. આમ આ તત્ત્વજ્ઞાન આ સમયમાં અનેક જિજ્ઞાસુઓને મુમુક્ષુ બનાવી દે છે.

શ્રીમદ્ જીવનવ્યવહારમાં આધિ, વ્યાધિ ઉપાધિઓના ચક્રમાં ફસાયેલા માનવીઓ માટે સુખનો વિસામો બની ગયા. બાહ્ય ઉપાધિમાં વધુ ને વધુ ડૂબતા જતા આધુનિક માનવીને માટે શ્રીમદ્ આંતરિક સમાધિનો સંદેશ બની ગયા. આડંબરો અને વૈભવ-પ્રદર્શનોમાં ધર્મ માનીને રાચનારાઓના હૃદયને ઢંઢોળનાર ધર્મોપદેશક બની ગયા. મતાર્થમાં ખૂંપેલા જ્ઞાનીઓને આત્માર્થ તરફ જવાનો સંકેત આપનારા બની રહ્યા. હિંસાથી સત્તા અને યુદ્ધથી સામ્રાજ્ય હાંસલ કરવાના નશામાં ડોલતા સત્તાધીશોને અહિંસાની અડગ અને પ્રબળ તાકાતનો અંદાજ આપનારા બની ગયા. જીવનના સ્થૂળ ભાવોની શબ્દલીલામાં


**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**

**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

**।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।**

**૨૦૧૬**

તારીખ : ૨૨ એપ્રિલ, શુક્રવાર, સાંજે ૬-૩૦
૨૩ એપ્રિલ, શનિવાર, સાંજે ૬-૩૦
૨૪ એપ્રિલ, રવિવાર, સવારે ૧૦-૦૦

સ્થળ :
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ

**આ ત્રિદિવસીય કથાના સૌજન્યદાતા**

**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**
**સ્મૃતિઃ શ્રી સી. યુ. શાહ**

પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી-23820296.

રાચનારાને માટે આધ્યાત્મિક અપૂર્વ અવસર આલેખનારા કવિ બની ગયા. શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનની ઘટનાઓ અને એમાં જોવા મળતો કાવ્ય અને અધ્યાત્મના સંગમ તીર્થને પામવાનો પ્રયાસ કરીએ.

શ્રીમદ્‌ના જીવનનો પ્રકાશ જગત પર એવી રીતે ફેલાયો છે કે એમાંથી સહુ કોઈને જીવનની ઊર્ધ્વ યાત્રાનો વિરલ પંથ દૃષ્ટિગોચર થશે.

શ્રીમદ્ રાજચંદ્ર કથામાં શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજીના મેળાપ વિશે અને તેના ભાવિ સંકેતો વિશે ચર્ચા થશે. સામાન્ય રીતે શ્રીમદ્ રાજચંદ્રજીનું તત્ત્વજ્ઞાન પ્રસિદ્ધ છે પરંતુ એના પ્રાગટ્ય બીજ જેવા એમના જીવનની ઘટનાના રહસ્યો આલેખવાનો આમાં સવિશષ આશય રાખ્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રના કવિત્વ અને આધ્યાત્મિકતાના સંગમતીર્થે આપણે ઊભા રહીએ ત્યારે આપણા હાથની અંજલિમાં એ કાવ્યો માત્ર શબ્દરૂપે મળે છે. પણ એ શબ્દ પાછળ રહેલા કરુણાભર્યા હૃદય અને જ્ઞાનગાંભીર્યયુક્ત વિચારના ગાઢ અનુભવને જાણવાનો આમાં પ્રયાસ થશે.

એમના વૈરાગ્યની તીવ્રતા, બોધબીજનું અપૂર્વપણું અને સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર દ્વારા આપણે એમની અધ્યાત્મયાત્રાની ઝાંખી મેળવીએ છીએ. પરંતુ એ આધ્યાત્મિકતાની ગહેરાઈ અને વિશાળતા, એનો વૈભવ અને એની વ્યાપકતા આલેખવાનો આમાં પ્રયત્ન થશે. વ્યવહારની દુનિયામાં જીવતા અને બાહ્ય પ્રવૃત્તિઓમાં ડૂબેલા માનવીઓને કઈ રીતે તેઓની અપાર શાંતિ, નિષ્કારણ કરુણા કે સત્સંગની અપૂર્વતાનો ખ્યાલ મળશે.

ભૌતિક જગતમાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી જીવનારા અને સંસારના ભડભડતા દાવાગ્નિમાં બળતા, દાઝતા કે તરફડતા માનવીને કઈ રીતે એમના અલૌકિક સ્વરૂપનો કે એમણે આપેલા આત્મપ્રકાશનો અનુભવ થાય? એ વિલક્ષણ અનુભવની વ્યાપકતા સીમાબદ્ધ શબ્દોમાં ક્યાંથી પ્રગટ થઈ શકે?

શ્રીમદ્ રાજચંદ્રની આવી અપૂર્વ દશાની ઓળખ પૂ. બાપુજીશ્રી લાડકચંદભાઈ માણેકચંદ વોરા અને પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારીએ અનેક મુમુક્ષુઓને કરાવી છે. આ સંદર્ભમાં શ્રી રાજસોભાગ સત્સંગ મંડળનો સહયોગ આ કથામાં સોનામાં સુગંધ ઉમેરે છે. સવિશેષ તો શ્રીમદ્ રાજચંદ્રજીના ભાવભક્તિથી ભરપૂર એવા પદોની પ્રસ્તુતિ આદરણીય શ્રી મિનળબેન અને શ્રી વિક્રમભાઈ દ્વારા થશે તે પણ એક વિરલ સુભગ સંયોગ છે.

✱✱✱


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અનો ત્યાગી ઋષભનાં કથાનકોનો આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અનો બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી



**।। નેમ–રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ–પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. અને સી. ડી. તૈયાર થઈ ગઈ છે.**
**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

**શ્રુતરત્નાકર ટ્રસ્ટ તથા રૂપમાણેક ભંશાલી ટ્રસ્ટ**

**આયોજિત**

# સમ્યગ્દર્શન અધ્યયન શિબિર

**તા. ૧૨-૧૩ ડિસેમ્બર, ૨૦૧૫**

**ડૉ. જિતેન્દ્ર બી. શાહનો સતત બે દિવસ છ છ કલાક અધ્યયનશીલ અને પ્રભાવક વાણીપ્રવાહ**

**આયોજક મુંબઈ યુનિવર્સિટી, ફોર્ટ, મુંબઈ**

**દાનાદિક ક્રિયા નવિ દિયે, સમકિત વિણ શિવ શર્મ**
**તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ ॥ ૩ ॥**

સમકિત-સમ્યગ્દર્શન વિનાની, દાન વગેરે ક્રિયાઓ મોક્ષ સુખ આપી શકતી નથી. તેથી જ સમ્યક્ત્વને મુખ્ય માનવામાં આવ્યું છે. આ કારણે આગમના રહસ્ય સ્વરૂપ સમ્યક્ત્વને જાણવું જોઈએ.

સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, ઉપા. યશોવિજયજી

સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન જૈનધર્મનો એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્ત છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી જ સાચા અર્થમાં જીવનમાં ધર્મનો ઉદય થાય છે. સમ્યક્ત્વ એ ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે. જો મૂળ સાજું અને તાજું હોય તો વૃક્ષ નવપલ્લવિત રહે છે. નવા નવા પર્ણ આવ્યા કરે છે. પુષ્પો અને ફળો પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે જેમનું સમ્યક્ત્વ નિર્મળ અને અવિચલ હોય તેને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થયા વગર રહેતું નથી. સમ્યક્ત્વને સુદૃઢ કરવા માટે શાસ્ત્રમાં છ પ્રકારની ભાવના ભાવવાની વાત કરી છે તે પણ ખરેખર તો સમ્યક્ત્વના મહત્ત્વને જ દર્શાવે છે. સમ્યક્ત્વને ધર્મરૂપી નગરનું દ્વાર-પ્રવેશદ્વાર કહ્યું છે. સમ્યક્ત્વ એ ધર્મ મહેલની પીઠિકા-પાયો છે. પાયો મજબૂત હોય તો જ ભવ્ય ઈમારતનું નિર્માણ થાય છે. જો પાયો નિર્બળ-સડેલો અથવા ઉધઈ લાગેલો હોય તો તેના ઉપર ઈમારતનું નિર્માણ કરી શકાતું નથી. સમ્યક્ત્વ બધા ગુણોનું નિધાન-ભંડાર છે. જેની પાસે ધન-ધાન્યના ભંડારો છે તે સાચો સંપત્તિવાન છે તેવી જ રીતે જેમની પાસે સમ્યક્ત્વ છે તે જ સાચો ગુણવાન છે. સમ્યક્ત્વ વગર ગુણો ટકી શકતા નથી. સમ્યક્ત્વ એ ભોજન-પાત્રરૂપ છે. તેમાંથી રસાદિ ઢોળાઈ જતા નથી. તેવી રીતે સમ્યક્ત્વ એ ધર્મરૂપી રસને સ્થિર રહેવા માટેનું સાધન છે. શ્રુત-શીલ અને ચારિત્રને સ્થિર રાખનાર સમ્યક્ત્વ છે અને છેલ્લે જણાવ્યું છે કે સમ્યક્ત્વ એ અમૃત રસ છે. જે આ રસનું પાન કરે છે તેને અમરત્વ પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે જે સમ્યક્ત્વનું પાન કરે છે તેને જીવનમાં અધ્યાત્મનું અમર સ્થાન પ્રાપ્ત થાય છે.

આ બધી બાબતો સમ્યક્ત્વના મહત્ત્વને સ્થાપિત કરે છે. પરંતુ સહુથી મોટી બાબત તો એ છે કે મિથ્યાત્વની સાચી સમજ પ્રાપ્ત ન થાય તો સમ્યક્ત્વની પ્રાપ્તિમાં બાધક બને છે. તેથી સર્વપ્રથમ સેમિનારમાં મિથ્યાત્વનો વિસ્તારથી પરિચય એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર અને જૈન ધર્મના ઊંડા અભ્યાસી, પ્રભાવક વક્તા ડૉ. જિતેન્દ્રભાઈએ કરાવ્યો. એઓશ્રીએ પ્રવચનનો દોર આગળ વધારતા કહ્યું: મિથ્યાનો શાબ્દિક અર્થ થાય છે જે અસત્ય છે. ખોટું છે તે મિથ્યા છે. સાચાને ખોટું માનવું અને ખોટાને સાચું માનવું એ મિથ્યાત્વ છે. આવું મિથ્યાત્વ બે કારણે ઉત્પન્ન થતું હોય છે. એક અજ્ઞાનને કારણે અને બીજું આગ્રહને કારણે. અજ્ઞાન પણ બે પ્રકારના છે. એક તો વસ્તુના જ્ઞાનનો અભાવ. આવું અજ્ઞાન સાચો બોધ થવા દેતું નથી. શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે 'अज्ञानमेव महाकष्टम्' અર્થાત્ કોઈપણ જાતનું અજ્ઞાન એ મહાન કષ્ટ આપનાર છે. જીવ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેનું એક કારણ તો અજ્ઞાન છે. અજ્ઞાન અંધકાર જેવું છે. દેખતો માણસ પણ અંધારામાં અટવાય જાય છે તેવી જ રીતે અજ્ઞાનને કારણે જીવ સંસારમાં ભટક્યા કરે છે. જ્ઞાન હોય પણ જો તે આત્મકલ્યાણ કરનારું ન હોય તો તે જ્ઞાન પણ અજ્ઞાન જ છે. જેમ કોઈ માણસને આત્મજ્ઞાન નથી પણ ઘણાં બધાં વિષયોનું ઊંડું જ્ઞાન હોય તો પણ તેનાથી વિશેષ લાભ થતો નથી. આથી વિપરીત જ્ઞાન પણ અજ્ઞાન જ છે.

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

આ બાબતે અનેક રોચક દૃષ્ટાંતો આપી વિષયને સરળ અને રસાળ બનાવ્યો હતો. અજ્ઞાનમાં જો આગ્રહ ભળે તો તે વિશેષ નુકશાનકારક બની જાય છે. એકલું અજ્ઞાન જેટલું નુકશાન કરે તેનાથી અનેકગણું વધુ નુકશાન કરનાર બની જાય છે. જ્યાં જ્યાં આગ્રહ ભળે છે ત્યાં ત્યાં વિવાદો સર્જાય છે. આગ્રહને કારણે સરળતા નષ્ટ થઈ જાય છે. આગ્રહને કારણે રોહગુપ્ત મુનિનું પતન થયું. આગ્રહ આવવાથી મિથ્યાત્વ ગાઢ બને છે. સંસારમાં અનેક લોકોનું આગ્રહના કારણે પતન થયાનાં દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વની સામાન્ય સમજ આપ્યા પછી તેના પ્રકારો વિશે વિચારણા કરવામાં આવી હતી. મિથ્યાત્વના પાંચ પ્રકારો છે.

(૧) આભિગ્રહિક મિથ્યાત્વ

(૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ

(૩) આભિનિવેશિક મિથ્યાત્વ

(૪) સાંશયિક મિથ્યાત્વ

(૫) અનાભોગિક મિથ્યાત્વ

આ પાંચે પ્રકારના મિથ્યાત્વને કારણે જીવ પ્રથમ ગુણસ્થાનક મિથ્યાત્વમાં જ ભમ્યા કરે છે. મિથ્યાત્વના પોશક તત્ત્વો કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ છે. વિભિન્ન ઈચ્છાઓ થયા કરવી તે કામરાગ, વ્યક્તિ અને વસ્તુઓ પ્રત્યેનો રાગ સ્નેહરાગ અને પોતાના વિચારો અને પોતે માનેલા ગુરુ આદિમાં રાગ અને તે સિવાયના અન્ય પ્રત્યે દ્વેષ તે દૃષ્ટિરાગ છે. આવી વૃત્તિ મિથ્યાત્વને બળ પૂરું પાડ્યા કરે છે. અનંતકાળના પરિભ્રમણ પછી ભવિતવ્યતાના કારણે જીવ અકામ નિર્જરા કરતો કરતો નમ્ર બને છે અને ધર્મ પામવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરે છે. મન કાંઈક વક્રતા છોડી સરળ બને છે તે જ તેની માર્ગમાં આવવાની યોગ્યતા દર્શાવે છે. આવી યોગ્યતાને માર્ગપતિત અને માર્ગાનુસારી કહેવામાં આવ્યું છે. ત્યારબાદ સમ્યક્ત્વ પ્રાપ્તિનો કર્મ વિસ્તારથી સમજાવ્યો હતો. જેમાં-

(૧) યથાપ્રવૃત્તિકરણ

(૨) અપૂર્વકરણ

(૩) અનિવૃત્તિકરણ

આ ત્રણેય કરણની વાત સવિસ્તર સમજાવવામાં આવી હતી. જેવી રીતે પર્વત ઉપરથી ગબડતો-અથડાતો-ફંટાતો પથ્થર અનેક વર્ષો પછી જ્યારે નીચે મેદાન પ્રદેશમાં પહોંચે છે ત્યારે તે સ્વયં જ ગોળ-લીસો બની જાય છે તેવી જ રીતે કોઈ એક જીવ અનંતકાળની પરિભ્રમણની અવસ્થા ભોગવતો સહજ જ સારા પરિણામવાળો બનવા લાગે છે. શાસ્ત્રીય પરિભાષામાં આને યથાપ્રવૃત્તિકરણ કહેવામાં આવે છે. ત્યારબાદ તેને રાગ-દ્વેષની તીવ્ર ગાંઠ તોડવાનું સામર્થ્ય પેદા થાય છે. તીવ્ર ગાંઠને છેદવાનું કાર્ય કઠિન હોવા છતાં જીવ અપૂર્વ ભાવ દ્વારા ગાંઠોને છેદી નાંખે છે. આ સ્થિતિને અપૂર્વકરણ કહેવામાં આવે છે. ત્યારબાદ અનિવૃત્તિકરણ અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા વગર નિવૃત્ત ન થવાની સ્થિતિ. આ સ્થિતિએ પહોંચેલાં જીવ અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જીવ જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તેને અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. જેવી રીતે કોઈ યોદ્ધો મેદાનમાં લડતા લડતા શત્રુ સૈન્યથી ઘેરાઈ જાય. પોતાના સહયોગી સૈનિકો નાસી ગયા હોય અને હવે બચવાનો કોઈ વિકલ્પ બાકી ન રહ્યો હોય તેવા સમયે યોદ્ધો હિંમત ધરીને શત્રુની સેના વચ્ચે શત્રુરાજાને મારી નાંખે, આથી તે વિજેતા ઘોષિત થાય ત્યારે તે યોદ્ધાને જે આનંદ થાય તેવો આનંદ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે જીવને પ્રાપ્ત થાય છે.

આવું ઉત્તમ કોટિના સમ્યક્ત્વનું સ્વરૂપ સમજવા જેવું છે અને તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવા જેવો છે. શાસ્ત્રમાં સમ્યક્ત્વની એકાધિક વ્યાખ્યા પ્રાપ્ત થાય છે. તેનું કારણ તો સમ્યક્ત્વ એ જીવને આંતરિક શુભ પરિણામ છે. તેના કારણ, સ્વરૂપ અને ફળની અપેક્ષાએ વ્યાખ્યાઓમાં પણ વિભિન્નતા જોવા મળે છે પણ સૂક્ષ્મ વિચાર કરવામાં આવે તો તેમાં કોઈ જ ભેદ નથી.

**સમ્યક્ત્વની વ્યાખ્યાઓ**

(૧) અરિહંતોને દેવ, સુસાધુઓને ગુરુ અને અરિહંતોએ પ્રરૂપેલા તત્ત્વને તત્ત્વ તરીકે સ્વીકારવા તે સમ્યક્ત્વ છે.

(૨) તત્ત્વભૂત અર્થો ઉપર શ્રદ્ધા કરવી એ સમ્યક્ત્વ છે.

(૩) જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વોને જ હેય-જ્ઞેય અને ઉપાદેય રૂપે સ્વીકારવા તેનું નામ સમ્યક્ત્વ.

(૪) સમ્યક્ત્વ મોહનીય કર્મના ઉપશમ કે ક્ષયથી ઉદ્ભવે. આત્માનું શુભ પરિણામ તે સમ્યક્ત્વ.

આ તમામ વ્યાખ્યા ઉપર વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો હતો. ટૂંકમાં સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા છે. પરંતુ બધી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવતી નથી. શ્રદ્ધાની તીવ્રતા જીવને અવિરતિના ત્યાગ તરફ લઈ જાય છે તેવી શ્રદ્ધાને સમ્યક્ત્વની કોટિમાં મૂકવામાં આવે છે. શાસ્ત્રમાં સમ્યક્ત્વના ભિન્ન ભિન્ન પ્રકારો પાડવામાં આવ્યા છે.

(૧) કારક સમ્યક્ત્વ

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

(૨) દીપક સમ્યક્‌ત્વ

(૩) રોચક સમ્યક્‌ત્વ

સ્થાનાંગ સૂત્રમાં દશ પ્રકારના સમ્યક્‌ત્વ દર્શાવ્યા છે.

(૧) નિસર્ગરુચિ (૨) ઉપદેશરુચિ (૩) આજ્ઞારુચિ (૪) સૂત્રરુચિ (૫) બીજરુચિ (૬) અભિગર્મરુચિ (૭) વિસ્તારરુચિ (૮) ક્રિયારુચિ (૯) સંક્ષેપરુચિ (૧૦) ધર્મરુચિ.

આ દશેય પ્રકારો વિશે પણ વિચારણા કરવામાં આવી. નિશ્ચયનયની અપેક્ષાએ તો દર્શન મોહનીય કર્મના વિનાશથી જે નિર્મળ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે તે નિશ્ચય સમ્યક્‌ત્વ કહેવાય છે. આવું સમ્યક્‌ત્વ મોક્ષ પ્રાપ્ત કરાવવામાં કારણભૂત બને છે. આ ઉપરાંત ચાર શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ પ્રકારના વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવકો, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન આમ કુલ ૬૭ બાબતો પર વિચાર કરવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં શ્રદ્ધાનું સ્વરૂપ અને તેની શુદ્ધિ આવશ્યક છે તે અંગે જુદા જુદા દર્શનોએ સ્થાપિત કરેલા મતની પણ વિચારણા કરવામાં આવી હતી અને તુલનાત્મક દૃષ્ટિએ જૈન દર્શનના સમ્યક્‌ત્વનો સુંદર પરિચય કરાવવામાં આવ્યો હતો.

સેમિનારનો પ્રારંભ યુનિ. ગીતથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરવા માટે શ્રી વલ્લભભાઈ ભંશાલી, શ્રી ધનવંતભાઈ શાહ, શ્રી ગુણવંતભાઈ બરવાળિયા, શ્રી બિપીનભાઈ દોશી, તરલાબેન, અભયભાઈ તથા જિતેન્દ્ર શાહને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સહુએ દીપક પ્રગટાવી ભાવના ભાવી હતી કે બધા જ જિજ્ઞાસુઓના અંતરમાં જ્ઞાનદીપનું અજવાળું પથરાય અને આ સમગ્ર ઉપક્રમ નિર્વિઘ્ને પૂર્ણ થાય. યુનિ.ના કોન્વોકેશન હોલમાં ઐતિહાસિક ઘટના આકાર પામી રહી હોય તેવું અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું હતું. ૨૫૦ થી વધુ જિજ્ઞાસુઓ ઉપસ્થિત રહ્યા હતા; તેમની સમક્ષ સ્વાગત પ્રવચન કરતા શ્રી બિપીનભાઈ દોશી એ જણાવ્યું હતું કે દર્શન વિભાગ દ્વારા અનેક વિશ્વવિક્રમ જેવા કાર્યો થયા છે. અનેક વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષવાનું અનુપમ કાર્ય આ યુનિ. દ્વારા થઈ રહ્યું છે. તેમજ ભવિષ્યમાં પણ ઉત્તમ કાર્યો આકાર લઈ રહ્યા છે તેની વિગતો આપી હતી. શ્રી વલ્લભભાઈ ભંશાલીએ સમ્યગ્‌દર્શન એ અત્યંત મહત્ત્વપૂર્ણ વિષય છે. અને તેની સાચી સમજ પ્રાપ્ત થઈ જાય તો જીવનને આપોઆપ દિશા પ્રાપ્ત થઈ જાય છે તેની સુંદર વિગતો આપી હતી. આ આયોજન કરવા માટે તેમના તરફથી સંપૂર્ણ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. તેમની જ ભાવના હતી કે સમ્યગ્‌ દર્શનની સાચી સમજ પ્રત્યેક જૈન સુધી પહોંચે અને એ ભાવના આજે આકાર થઈ રહી હતી.

શ્રી જિતેન્દ્રભાઈએ જણાવ્યું કે જૈનધર્મમાં સહુથી મહત્ત્વપૂર્ણ સમ્યગ્‌ દર્શન વિશે સહુથી વધુ અજ્ઞાનતા પ્રવર્તે છે. આને દૂર કરવા માટે શાસ્ત્રસાપેક્ષ સમજ કેળવાય તે માટે શ્રુતરત્નાકર અને રૂપમાણેક ભંશાલી ટ્રસ્ટ દ્વારા દેશના જુદા જુદા શહેરોમાં ૩૦ સેમિનાર આયોજિત કરવામાં આવશે. આ પૂર્વે લંડન (યૂ.કે.) વોશિંગ્ટન (યુ.એસ.એ.), અમદાવાદ, બેંગ્લોર, મુંબઈ, રતલામ, રાજકોટમાં આ સેમિનારનું આયોજન થઈ ચૂક્યું છે અને તેને ખૂબ જ સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. આ સેમિનારમાં વિદુષી આત્મસાધક શ્રી તરલાબેન, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી ડૉ. ધનવંત શાહ તથા મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા શ્રી અભયભાઈ દોશીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યા હતા. ✷✷✷

## અવસર

### વિનય–યશ પરિસંવાદ

મુંબઈ વિદ્યાપીઠ (ગુજરાતી વિભાગ), મુંબઈ જૈન યુવક સંઘ અને જૈન એકેડેમીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯, ૨૦ માર્ચ, ૨૦૧૬, શનિ-રવિવારના રોજ મુંબઈ યુનિવર્સિટી, કોન્વોકેશન હૉલ ખાતે ઉપાધ્યાય વિનયવિજયજી અને ઉપાધ્યાય યશોવિજયજીના સાહિત્યના આચમન–આસ્વાદ અર્થે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિસંવાદમાં ડૉ. જિતેન્દ્ર શાહ બીજવક્તવ્ય આપશે. ડૉ. ગુલાબ દેઢિયા, ડૉ. સેજલ શાહ, ડૉ. પાર્વતી ખીમાણી, ડૉ. રશ્મિ ભેદા, ડૉ. કોકિલા શાહ, ડૉ. સીમા રાંભિયા આદિ અનેક વિદ્વાનો પોતાના પરિપત્રો પ્રસ્તુત કરશે. આ પરિસંવાદમાં બન્ને દિવસે ઉપાધ્યાય વિનયવિજયજી અને યશોવિજયજીના શ્રીપાલ રાસ તેમજ અન્ય રચનાઓની સંગીતમય પ્રસ્તુતિ જહોની શાહ કરશે. આ પરિસંવાદમાં ભાગ લેવા ઈચ્છતી વ્યક્તિઓએ 'પ્રબુદ્ધ જીવન' કાર્યાલયના ફોન નં. ૨૩૮૨૦૨૯૬ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

કાર્યક્રમનો સમય સવારે ૧૦ થી ૫ રહેશે.

પરિસંવાદમાં બપોરના ભોજનની વ્યવસ્થા રહેશે.

### ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય
### સી. ડી. અને ડી.વી.ડી..

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણે દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.

**સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.**

**હિતેશ–૦૯૮૨૦૩૪૭૯૯૦.**

# આપણું જીવન અને જૈનધ્યાન

☐ જાગૃતિ નલિન ઘીવાલા

**[ *શ્રી મુંબઈ જૈન યુવક યોજિત ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૪-૯-૨૦૧૫ના આપેલું વક્તવ્ય.* ]**

शमोद् भुतोद् भूतं रूपं, सर्वात्मसु कृपाद्भुता।
सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः।।

પ્રભુ આપની શાંતિ અદ્ભુત છે, અદ્ભુત છે આપનું રુપ, સર્વ જીવો પ્રતિ આપની કૃપા અદ્ભુત છે. આપ સર્વ અદ્ભુતોના ભંડારભર્યા સ્વામી છો. આપને મારી સમય સમયની કોટિ કોટિ વંદના હજો...

આજે મારા માટે આ મંગલ પ્રસંગ છે. જેમણે ધ્યાન અને યોગની પરાકાષ્ટા આ જગતને આપી તેવા જગતપિતા તીર્થંકર પરમાત્માના જન્મ વાંચનના પવિત્ર દિવસે 'આપણું જીવન અને જૈનધ્યાન' વિષે વાત કરવાની તક મળી છે. જેમણે આ જગતને ધ્યાનની સર્વોચ્ચ ભૂમિકા બતાવી છે. કાયોત્સર્ગ દીર્ઘ તપસ્યાનો નવો આયામ, પરમ આદર્શ આપ્યો છે. અને જેમનું ધ્યાન એ જગત માટે દીવાદાંડી સમાન છે, એવા પરમાત્મા વીર વર્ધમાન મહાવીર પ્રભુના જગત વિષે – ધ્યાન વિષે જણાવવા પ્રયત્ન કરું છું. તેથી વિશેષ ઉત્તમ મારું અહોભાગ્ય કયું હોઈ શકે!

જૈનધર્મ એ આચારધર્મ છે. ધ્યાન વિષે માત્ર વિચાર કરવાથી ન ચાલે. ધ્યાન આપણા આચારમાં કઈ રીતે આવે તેની વાત કરવી છે. તો ચાલો આપણે આપણું જીવન અને જૈન ધ્યાન વિષે વાત કરીએ...

આપણા જીવનમાં રોજબરોજની જિંદગીમાં આજની સામાન્ય પરિસ્થિતી શી જોવા મળે છે? વ્યક્તિને ઘરની અને બહારની જવાબદારીઓ સંભાળતાં બીજા બધા ધ્યાનનો સમય મળે છે. પરંતુ...પોતાના આત્મિક વિકાસલક્ષી ધ્યાન છે, શુભ ધ્યાન છે, જે મોક્ષમાર્ગ પર ગતિ કરાવનાર છે, રાગ-દ્વેષ ઘટાડનાર છે, જેનાથી જીવન શાંત, સ્થિર અને સૌમ્ય બને છે, તેવા શુભધ્યાનનો સમય રહેતો નથી.

વર્તમાનમાં કૉમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, આઈ-પેડ વગેરે આધુનિક સાધનોના સતત ઉપયોગથી વ્યક્તિ પોતાના ભીતરની આત્મિક એકાગ્રતા મેળવી શકતી નથી. અરે! ટીવી જોતાં પણ ચેનલો બદલ્યા કરાતી હોય છે ને!

ગુસ્સો, ચંચળતા, વિષયો અને વિકારો પાછળની ઘેલછા, ભોગ-વિલાસની લાલસા વગેરેનાં કારણે વ્યક્તિને જીવનમાં કેવી-કેવી મુશ્કેલીઓ, કેવા-કેવા રોગોનો સામનો કરવો પડે છે. હિંસા, જૂઠ, ચોરી, ક્રોધાદિ કષાયો, રાગ-દ્વેષ વગેરે અઢાર પાપોના સેવનના કારણે આર્તધ્યાન-રૌદ્રધ્યાનની વ્યાપકતા છવાયેલી છે.

એનો ઉપાય જૈનદર્શન શું આપે છે? જૈનધ્યાનનું સ્વરૂપ શું છે? તેના પ્રકારો કયા? જૈનદર્શનમાં આધ્યાત્મિક સાક્ષાત્કારના મુખ્ય સાધન તરીકે આપણાં જીવનમાં ધ્યાનનું મહત્ત્વ કેટલું? એ વિષે છણાવટ કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

સૌ પ્રથમ ધ્યાન શું છે?

- ધ્યાન એ માનવજીવનની ઉચ્ચત્તમ અવસ્થા છે. સર્વોચ્ચ કક્ષાની સાધના છે.
- ધ્યાન એ અભ્યંતર તપ છે. જે કર્મોની નિર્જરા માટેનું પ્રબળ સાધન છે.
- ધ્યાન એ વાસ્તવિક રીતે અંતરયાત્રા છે.
- ધ્યાન એ જીવનની મૌલિક અને સહજ દશા છે,
- ધ્યાન એ જ મોક્ષનું દ્વાર છે.

કર્મની નિર્જરાથી માંડીને જે મોક્ષનાં શિખર સુધી લઈ જાય છે, જેના એક પગથિયે આભ્યંતર તપ છે, એક પગથિયા પર સાધના અને તેથી ઉપરના પગથિયે એકાગ્રતા આવે એવું આ ધ્યાન પરમ આધ્યાત્મિક છે. માનવજીવનમાં ધ્યાનનો સ્રોત વહેતો થાય છે, ત્યારે વ્યક્તિ પોતાના દુ:ખ અને કર્મકલેશનાં ભારથી હળવો બને છે.

માનવીનું મુખ્ય સાધન એ તેનું વિશિષ્ટ શક્તિવાળું મન છે. આ મનની ધ્યાનધારા ઉપર જ વ્યક્તિ પોતાના સુખનું કે દુ:ખનું, હર્ષનું કે શોકનું, શુભ કે અશુભ કર્મનું સર્જન કરે છે. યોગીરાજ આનંદઘનજી તેમના પદોમાં કુંથુનાથ પ્રભુની સ્તુતિ રચતાં કહે છે, કુંથુનાથ! મનડું કિમ હી ન બાજે, હે પ્રભુ! આ મન કેમ વશ થતું નથી! આપણું મન કેવું છે? કેટલું ચંચળ છે. તેમાં કેટ-કેટલા વિચારો ચાલ્યા કરે છે. કેટ-કેટલા સંકલ્પ-વિકલ્પો ઘડાયા કરે છે. કેટ-કેટલો ગુસ્સો, ક્રોધ, અકળામણ આવે છે. (ભગવાને કહ્યું છે કે મન એ તોફાની ઘોડા જેવું છે.) આ એક મનની સ્થિતિ છે. જે કેળવવાની છે. આ મનને વશ કરવાની જે વાત કરી છે તેનો ઉપાય ધ્યાન છે.

સામાન્ય રીતે ધ્યાન વિષે ઘણી વાતો થાય છે. જગતમાં અનેક પ્રકારનાં ધ્યાન છે. ધ્યાનનું લક્ષ પણ જુદું જુદું હોય છે. કેટલાક ધ્યાન જેમાં કુંડલિની જાગ્રત કરવાની હોય છે. કેટલાકમાં રાજયોગ ધ્યાન જે બ્રહ્માકુમારીનું ધ્યાન એક જુદા જ પ્રકારનું ધ્યાન, કેટલાકમાં કોન્સન્ટ્રેશન ઓફ મેડીટેશન અર્થાત્ મનની એકાગ્રતા જે ઓશો રજનીશનું તેમ જ અન્ય મહર્ષિઓનું ધ્યાન...

બધાએ શું કહ્યું, 'તમે સ્થિર બેસો. આસન કરો, પ્રાણાયામ કરો પછી ધ્યાનમાં લીન થાઓ. જૈન ધર્મની ખાસ વિશેષતા એ છે કે,

જેમાં ધ્યાન પૂર્વે જીવનના અવરોધરૂપ પરિબળો કયા છે, તેને જાણો, તેને દૂર કરો પછી નિર્મળ મનથી ધ્યાન કરો. આપણા જીવનનાં જે અવરોધરૂપ પરિબળો છે તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન...

જૈન ધ્યાનનાં મુખ્ય બે પ્રકાર...એક અશુભ ધ્યાન–અપ્રશસ્ત ધ્યાન જે અવરોધરૂપ છે, દુર્ધ્યાન અને ભવભ્રમણનું કારણ છે ને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અને બીજું ધ્યાન તે શુભધ્યાન–પ્રશસ્ત ધ્યાન, જે ઉપાદેયરૂપ એટલે કે જીવનમાં આચરવા યોગ્ય છે, જે મોક્ષનું કારણ છે તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન. ધર્મધ્યાન પરંપરાએ મોક્ષનું કારણ છે કેમ કે ધર્મધ્યાનના સતત અભ્યાસથી જ શુદ્ધ ધ્યાનરૂપ શુક્લધ્યાન જન્મે છે અને તેથી જ મોક્ષપ્રાપ્તિ શક્ય બને છે.

આપણે જોઈએ તો જૈનધર્મની ખાસ વિશેષતા એ છે કે તે આપણને સીધી રીતે એમ નથી કહેતો કે હું તમને અમૃત આપું છું, જે શુભધ્યાનરૂપ છે. પરંતુ અમૃત આપતાં પહેલાં અશુભધ્યાનરૂપ ઝેરનો પરિચય આપે છે. પહેલાં અંધારાની ઓળખ પછી અજવાળાનો પરિચય...જો અશુભ ધ્યાનરૂપ–અવરોધરૂપ ઝેરનો પરિચય થાય તે આપણાં જીવનમાં કેવી રીતે વણાયેલું છે, કેટલું નુકસાનકારક છે તે સમજાય પછી તેને દૂર કરવાની સોચ જાગશે, શુભ તરફ વાળી શકાશે. જેમ વસ્ત્ર પરની મલિનતા દૂર કર્યા સિવાય વસ્ત્ર સાફ થતું નથી. તેમ મનની મલિનતા, મન પર રાગ-દ્વેષ-અહંકારરૂપી આવરણો દૂર થાય પછી જ મન નિર્મળ બને છે. અને આ મનની નિર્મળતા જ ધ્યાનસાધનાને સફળતા આપી શકે.

જૈનધ્યાનમાં નકારાત્મક અશુભ ધ્યાન પ્રથમ સમજાવ્યું છે. આ નકારાત્મકમાંથી હકારાત્મક થવાનો માર્ગ...આ એક આપણા ધર્મની વિશેષતા છે. જૈનધ્યાનમાં બહુ જ સૂક્ષ્મતા છે જે અન્ય ધર્મ કે દર્શનમાં જોવા નહીં મળે. ત્યાં અશુભધ્યાનની વાત જ નથી. તેમ જ સામાન્ય વ્યક્તિને ઈશ્વર થવાનો ઈજારો પણ નથી. ક્યાંક અનાદિ શુદ્ધ અથવા તો ક્યાંક સૃષ્ટિકાળથી ઉત્પન્ન શુદ્ધ ઈશ્વર માનવામાં આવે છે. જેમ કૃષ્ણ તે કૃષ્ણ...જ્યારે જૈનદર્શનમાં વિશિષ્ટ ભવ્યતાવાળો સામાન્ય આત્મા જેમ સંસારભ્રમણ કરતો જીવ પોતાની ઉત્કૃષ્ટ આત્મસાધના, ધ્યાનસાધનાથી સ્વયં ઈશ્વર, અરિહંત, તીર્થંકર બની શકે છે.

જૈનધર્મની મહત્તા અગ્નિતત્ત્વમાં છે, અને તે પણ ભીતરમાં... તેથી જ જપ-તપ-ત્યાગ-સ્વાધ્યાય-ધ્યાન દ્વારા ભીતરનાં અગ્નિને તપાવવામાં આવે છે. બાહ્ય તપ સાથેનું અભ્યંતર તપ એટલે કે ઉપવાસ, આયંબિલ. એકાસણું શક્ય ન બને તો ઉણોદરી તપ સાથેનું ધ્યાન કર્મોને તપવીને બાળવાનું મુખ્ય સાધન બને છે. જે દુનિયાની મોટામાં મોટી દેન છે. જૈનધર્મમાં ક્રોધને અગ્નિની ઉપમા આપતાં...

- ભીતરના ક્રોધરૂપી અગ્નિને શમાવવા ક્ષમારૂપી જલધારા...
- માયાવી કપટી પ્રવૃત્તિને શમાવવા મન-વચન કાયાની સરળતા.
- લોભ-આસક્તિને દૂર કરી અનાસક્તિ તરફનાં આત્મિક વિકાસમાં...
- સ્વ-પર ને હીત-મીત-સત્ય વચન, ગમતી વસ્તુ પર રાગ નહીં કે નહીં ગમતી વસ્તુ પર દ્વેષ નહીં એવી ધીરતાથી, સમતારસમાં રમણતાથી સાધના કરનાર આત્મા જ્યારે ધ્યાન કરે છે ત્યારે તે ધ્યાન જીવને સર્વોચ્ચ સ્થાને પહોંચાડે છે.

ગુસ્સો, ક્રોધ...જેની ભગવાને કેવી સરસ કલ્પના આપી છે. ક્રોધની સામે ક્ષમા કેવું સરસ કામ કરી જાય છે તેનું ઉત્તમોત્તમ દૃષ્ટાંત તે 'ચંડકૌશિક સર્પ'...તે ઉપરાંત અનેક પ્રસંગો જેમાં ગોવાળિયાનો પ્રસંગ, શૂલપાણિ યક્ષનો પ્રસંગ, કટપૂતના વ્યંતરીનો, અનાર્ય દેશનાં લાઢ પ્રદેશના આદિવાસીઓ દ્વારા થયેલા ભયંકર ઉપસર્ગો કે સંગમદેવના ભયંકર ઉપસર્ગો વગેરે પ્રસંગો પ્રભુનાં સાધનાકાળમાં બન્યા. પરંતુ પ્રભુને તો બસ જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ, કરુણાભાવ, ક્ષમાભાવ... ભગવાન માટે એવું કહેવાય કે તેઓ સતત પ્રત્યેક ક્ષણે ધ્યાનમાં જ રહેતા. આચારાંગ સૂત્રમાં પણ દર્શાવ્યું છે કે, ભગવાન મહાવીર રાત-દિવસ એકાગ્ર અને અપ્રમત્તભાવથી સમાધિપૂર્વક ધ્યાન કરતાં હતાં. તેઓ સ્વયં પોતાના આત્માને વૈરાગ્યભાવથી યુક્ત ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં રત રાખતાં હતાં. એ ધ્યાનની કેટલી બધી શ્રદ્ધા હશે...

પહેલાં વાત થઈ તેમ ધ્યાન અશુભ વિષયનું પણ હોઈ શકે અને શુભ વિષયનું પણ હોય. અશુભ વિષયનું ધ્યાન શું છે તેને જાણવાથી શુભનો પ્રારંભ થાય. સૌ પ્રથમ આર્તધ્યાન અર્થાત્ આર્ત, દુઃખ, પીડા, મુશ્કેલીઓ, તકલીફો આવતાં તે નિમિત્તે થતું ધ્યાન. આપણી રોજબરોજની જીંદગીમાં દિવસભર ઘણાં પ્રસંગો ઊભા થતા રહે છે જેમાં સતત આર્તધ્યાન થતું રહે છે. તેમાં મુંબઈમાં મોટામાં મોટું કારણ તે રામો કે બાઈની રજા પડવી. સવારથી ચાલુ થઈ જાય કે આજે રામો આવ્યો નથી. શું થશે? કેવી રીતે થશે? વગેરે...તે ઉપરાંત સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ-ભાભી, સાળા-બનેવી વગેરે સંબંધોમાં જ્યાં એકબીજાના વિચારો નથી મળતા ત્યાં આર્તધ્યાન શરૂ થઈ જાય છે. પુરુષો બહાર ધંધાપાણી ક્યાં તો જોબ કરતાં હોય ત્યારે નાના માણસો કે ઉપરી સાથે પણ નાની વાતોમાં ધીરજ નહીં રહેતા આર્તધ્યાન શરૂ...અથવા તો આપ ઓફિસેથી ઘેર આવે છે ત્યારે ટ્રાફિકની, ટ્રેનની મુશ્કેલીઓ પસાર કરીને થાક્યા-પાક્યા ઘેર પહોંચો છો તે સમયે ઘરનાં અન્ય સભ્યો બીજી-ત્રીજી વાતો કરે ત્યારે શું થાય છે? આમ કોઈપણ પ્રતિકુળતા ઉભી થતાં તેને બદલવાના કે અનુકૂળ કરવાના ઉપાયો સર્વ આર્તધ્યાન છે. જીવનમાં સ્ટ્રેસ બહુ જોવા મળે છે. ઈવન નાના બાળકો પણ સતત હરીફાઇના કારણે stressed રહેતા હોય છે. નંબર લાવવાની દોડમાં સતત સ્ટ્રેસથી આત્મહત્યાનાં પ્રયત્નો સુધી પહોંચી જાય છે. અમેરિકા જેવા સુધરેલા દેશમાં પણ આ તકલીફ છે, જે સતત આર્તધ્યાનના કારણે ઊભું થતું હોય છે.

આ સામાન્ય આર્તધ્યાનની વાત થઈ તો રૌદ્રધ્યાન કોને કહેવાય...! રૌદ્ર અર્થાત્ ક્રૂર...નિર્દય સ્વભાવવાળા જીવોને હિંસા,

જૂઠ, ચોરી, ધનનાં રક્ષણ વગેરેના કારણે થતાં તીવ્ર આત્મ પરિણામો સર્વ રૌદ્રધ્યાન છે. નજીવી બાબતોમાં થઈ જતું યુદ્ધ, હિંસાખોરી, શહેરમાં થતાં બોંબધડાકા વગેરે...

**કાયોત્સર્ગ એ દુનિયાનું મહાન ધ્યાન છે**

જીવનમાં અશુભધ્યાનનું નિવારણ કરી શુભધ્યાન લાવવા માટે સતત શુભવિચારો, શુભ ચિંતન, શુભ ભાવના જરૂરી છે. પૂર્વનાં ધ્યાનનિષ્ઠ મહાન આચાર્યો તેમના ગ્રંથોમાં માત્ર મનની એકાગ્રતા નહીં, પરંતુ શુભ વિષયમાં મનની એકાગ્રતાને ધ્યાન કહે છે.

'શુભૈક પ્રત્યયો ધ્યાનમ્' દિપકની સ્થિર લૌ સમાન શુભલક્ષ્યમાં મનની એકાગ્રતા તે ધ્યાન છે. જેનાથી ચિત્ત શુભભાવમાં રહે છે. સંવર-નિર્જરાનું પ્રબળ કારણ બને છે. જીવન સૌમ્ય બને છે.

ધ્યાન કરવા માટે સહુથી સરસ પ્રક્રિયા હોય તે તે કાયોત્સર્ગ ધ્યાન છે. કાયોત્સર્ગ એ દુનિયાનું મહાન ધ્યાન છે. જેની અંદર આપણી બધી જ વૃત્તિઓ શાંત પડી ગઈ છે, માત્ર સૂક્ષ્મ શ્વાસ ચાલે છે તેવું ધ્યાન તે કાયોત્સર્ગ ધ્યાન...કાયોત્સર્ગ એટલે કે કાયાને વોસિરાવવી. આપણે કાયોત્સર્ગ પહેલાં બોલીએ છીએ ને 'તાવ-કાયં-ઠાણેણં-મોણેણં-ઝાણેણં-અપ્પાણં વોસિરામિ...અર્થાત્ હું જ્યાં સુધી કાયોત્સર્ગ પાળું નહીં ત્યાં સુધી એક સ્થાને સ્થિર રહી, મૌનપણે, ધર્મધ્યાનમાં આત્માનાં ઉપયોગને જોડી કાયાને વોસિરાવું છું. જેટલો સમય ધ્યાનમાં રહ્યા તેટલો સમય કાયાને ભૂલ્યા અને મન સ્થિર થયું તો પછી ધ્યાન સહેલું થઈ પડે. એટલે ધ્યાનમાં કાયોત્સર્ગ બહુ મદદ કરે છે.

અત્યાર સુધીમાં જેટલા તીર્થંકર-કેવળી પરમાત્માઓ થઈ ગયા, તેમજ જેટલાએ ઉપસર્ગો સહન કર્યા તે બધા જ કાયોત્સર્ગમાં અને કદાચ એટલે જ ઉપસર્ગો સહન કરી શક્યા. દા. ત. મેતારજ મુનિને માથે સગડી સળગાવી, ખંધક મુનિની ખાલ ઉખેડી કે ગજસુકુમાર શ્રી કૃષ્ણના નાના ભાઈ ૧૬ વર્ષની ઉંમરે નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી. તે જ રાત્રિએ પ્રભુની આજ્ઞા લઈ સ્મશાનમાં કાયોત્સર્ગમાં હતા. ત્યાંથી ગજસુકુમાર જેના ભાવિ જમાઈ થવાના હતા તે સૌમિલ બ્રાહ્મણ કુમારને મુનિ તરીકે જોયા, ભયંકર ગુસ્સાના કારણે મુનિ માથે સળગતા અંગારા મૂક્યા. ગજસુમુનિ કાયોત્સર્ગમાં જ શુભધ્યાનમાં રહ્યા. કેવળી પ્રભુ થયા...

પરમાત્મા મહાવીરસ્વામી ૧૨ા વર્ષના સાધનાકાળમાં મુખ્યપણે કાયોત્સર્ગમાં જ અને તે પણ ઊભા ઊભા, જેમાં ખૂબ મુશ્કેલી પડે. દુનિયાની કોઈ ફિલોસોફીમાં ઊભા ઊભા ધ્યાન નથી. એમ કહી શકાય કે જૈન ધર્મે દુનિયાને શ્રેષ્ઠ આપ્યું છે. કઠિનમાં કઠિન વસ્તુનો આદર્શ. ધ્યાનતપને પ્રભુએ એવરેસ્ટ બતાવ્યું છે. હિમાલયનું સૌથી ઊંચું શિખર...માણસના ભીતરની શક્તિનો એવરેસ્ટ. આમ કાયોત્સર્ગ અને ધ્યાનને બહુ જ સંબંધ છે.

આપણા જીવનમાં આવું ધ્યાન લાવવા માટે કેવા પ્રયત્નો જરૂરી છે. આર્તધ્યાન-રૌદ્રધ્યાન પર કેવી રીતે સંયમ કેળવવો...તે માટે...આપણને સતત આપણા પોતાના ગુણો નહીં પરંતુ દોષો જોવાની દૃષ્ટિ કેળવવી જરૂરી છે. અને તે જ રીતે રાગ-દ્વેષ રૂપી વિભાવથી દૂર થઈ સ્વભાવને બહાર લાવવા પુરુષાર્થ કરવો જ રહ્યો. શુભ ધર્મક્રિયાથી શુભભાવ જાગે. શુભધ્યાન માટે ક્ષણે ક્ષણે સજાગ રહેવું પડે. ઘર સંભાળતાં કે બિઝનેસ કરતાં પણ કર્તવ્ય, નીતિ, ધર્મ, સદાચાર સતત જરૂરી છે. માત્ર વર્તમાનમાં જીવવાથી મનની અંદરના સંકલ્પ-વિકલ્પો ઘટશે અને તેથી ધ્યાન સહજ બનશે.

પંચપરમેષ્ઠીની ભક્તિ, શાસ્ત્ર-સ્વાધ્યાય, તત્ત્વચિંતન, સમ્યક્દર્શન, જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની શુદ્ધ આરાધનામાં મન પરોવાયું તે ધ્યાન છે. સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ, પોતાનાથી અધિક ગુણીજનો પ્રત્યે ગુણાનુરાગી બનવું તે પ્રમોદભાવ, દુ:ખી જીવો પ્રત્યે કરુણાભાવ તેમજ હિતશિક્ષા માટે અયોગ્ય પાત્ર પ્રત્યે ઉપેક્ષા તે માધ્યસ્થભાવ...

આ ચાર ભાવનાઓ આપણાં જીવનમાં વણી લેવાથી શુભધ્યાન માટેની ધૈર્યતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે તે ઉપરાંત અનિત્ય, અશરણ-સંસાર આદિ બાર ભાવનાઓનું ચિંતન તે વૈરાગ્યની પુષ્ટિ કરતું સર્વ ધર્મધ્યાન છે. ધર્મધ્યાનનાં સતત અભ્યાસથી વિશેષ મન:શુદ્ધિ થતી જાય છે અને મન:શુદ્ધિ થતાં રાગ-દ્વેષ-કષાયો ઘટતાં જાય છે. રાગ-દ્વેષ-મોહનાં વિકલ્પો નષ્ટ થયા પછી આત્મામાં જે નિર્વિકલ્પ ધ્યાનની પ્રાપ્તિ તે શુભધ્યાનની શ્રેષ્ઠ સ્થિતિરૂપ શુક્લધ્યાન છે.

જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈપણ ક્ષતિ થઈ હોય તો અંત:કરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ ✷✷✷

શ્રીમતી જાગૃતિ નલિન ઘીવાલા,
'સાંનિધ્ય', ૫૯/બી, દત્ત સોસાયટી,
રામજી મંદિરની બાજુમાં, ભઠ્ઠા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
Ph. : 9428913751
M : 079-26614848.

**ઉત્તરાધ્યયન ગ્રંથ ઉપલબ્ધ**

ઉપરોક્ત ગ્રંથ વિશે મે માસમાં આ સંસ્થાએ યોજેલ ગ્રંથ સ્વાધ્યાયની ત્રિદિવસીય શિબિરમાં આ ગ્રંથ મેળવવા માટે જે જિજ્ઞાસુ શ્રોતાઓએ પોતાના નામો લખાવેલ એ સર્વેને આ ગ્રંથ વિના મૂલ્યે મેળવવા સંસ્થાનો સંપર્ક કરવા વિનંતિ.

કોઈ પણ જિજ્ઞાસુ આત્મા આ ગ્રંથના ૨૮ સવાલોના ઉત્તર આપવાની પ્રતિજ્ઞાથી અમારી પાસેથી વિના મૂલ્યે આ ત્રણ ભાગમાં વિસ્તરિત દળદાર ગ્રંથો પ્રાપ્ત કરી શકે છે.

**સંપર્ક : 022-23820296 - હેમંત કાપડિયા**

**મોબાઈલ : 9029275322.**

# મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચંદ્ર

**❑ સોનલ પરીખ**

***શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૫-૯-૨૦૧૫ના આપેલું વક્તવ્ય.***

'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમ ઉત્કૃષ્ટ, પરમ શાંત, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાન્ત શુદ્ધ અનુભવરૂપ છું. વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી?' આકાશવાણી જેવા આ શબ્દો શ્રીમદ્ રાજચંદ્રએ આજથી એકસોપંદર વર્ષ પહેલાં ઉચ્ચાર્યા હતા. અને આજથી નેવું વર્ષ પહેલાં, 'યંગ ઇન્ડિયા'ના પાનાં પર કોઈ મસીહાની જેમ મહાત્મા ગાંધીએ સાત સામાજિક અપરાધની ઘોષણા કરી હતી : સિદ્ધાંત વિનાનું રાજકારણ, શ્રમ વિનાની સંપત્તિ, વિવેક વિનાનો ઉપભોગ, ચારિત્ર્ય વિનાનું જ્ઞાન, નીતિનિયમો વિનાનો વેપાર, માનવતા વિનાનું વિજ્ઞાન અને ત્યાગ વિનાની ભક્તિ.

શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી. બંને શક્તિના પુંજ. વિરલ વિભૂતિઓ. ગઈ શતાબ્દીનું સમગ્ર તેજ જાણે તેમનામાં આવીને વસ્યું હતું. બંને મહાનતાના ઉચ્ચ શિખરોને આંબી ગયા. સાગરનું ઊંડાણ અને આકાશનો વ્યાપ માપવા મુશ્કેલ છે તેમ આ બંને વિભૂતિઓનાં જ્ઞાન અને વ્યક્તિત્વનો પાર પામવો મુશ્કેલ છે. એક આત્મસાક્ષાત્કારના શિખરે સ્થિર, બીજા જનસેવાના સમુદ્રના મરજીવા.

બે અંતિમો પર વિરાજતા આ બે મહાનુભાવોને જોડતી કડી કઈ? એ કડી છે અધ્યાત્મચિંતનની. આ બંનેનું એક સદી પહેલાં ભારતની ભૂમિ પર એકત્ર હોવું એ એક યોગાનુયોગ માત્ર ન હતો. એ તો હતો એક અપૂર્વ અવસર.

૧૮૯૧ની સાલમાં ઇંગ્લૅન્ડથી બેરિસ્ટર થઈને આવેલા બાવીસ વર્ષના મોહનદાસ ગાંધી અને રેવાશંકર જગજીવનની પેઢીમાં સોનાચાંદીનો વેપાર કરતા ચોવીસ વર્ષના કવિ રાયચંદભાઈ પહેલી વાર મળ્યા હતા. એ મુલાકાત એક ઇતિહાસ સર્જી ગઈ હતી.

આ મુલાકાતને યથાર્થ રીતે સમજવા માટે આપણે થોડાં વર્ષ પાછળ જઈએ. શ્રીમદ્‌ના અને ગાંધીજીના જન્મથી પણ અડધી સદી પાછળ જઈએ તો જોઈએ છીએ કે ૧૮૨૮માં ભારતમાં સુધારકયુગ શરૂ થયો. સતીપ્રથા બંધ થઈ, બ્રાહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજની પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો. કન્યાકેળવણીનાં પગરણ પડ્યાં. ૧૮૫૭માં વિદ્રોહ થયો જે રાજકીય જાગૃતિનું પ્રતીક હતો. ૧૮૫૮માં કન્યાકેળવણી માટે જીવન સમર્પી દેનાર મહર્ષિ કર્વેનો જન્મ થયો. બદલાયેલા યુગની આ હવામાં ગાંધીજીએ અને શ્રીમદે પહેલા શ્વાસ લીધા હતા. તેની અસર આપણને તેમનાં લખાણોમાં અને જીવનમાં દેખાય છે.

શ્રીમદ્‌નો જન્મ ૧૮૬૭માં વવાણિયા ગામે થયો. ગાંધીજી પોરબંદરમાં ૧૮૬૯ જન્મ્યા.

શ્રીમદ્‌નું મૂળ નામ લક્ષ્મીનંદન. ચાર વર્ષની ઉંમરે નામ બદલી રાયચંદ રાખવામાં આવ્યું. પિતામહ કૃષ્ણભક્ત હતા, મા દેવબાઈ જૈન સંસ્કારવાળાં હતાં. બાળવયે વૈષ્ણવ સાધુ પાસે કંઠી બંધાવી હતી, પછીથી જૈન ધર્મના ત્યાગ-વૈરાગ્યથી આકર્ષાયા તેથી કંઠી તૂટી ગઈ પછી ફરી બંધાવી નહીં. તેરની ઉંમર સુધીમાં તો જૈન ધર્મથી પૂરા રંગાયા. મેધા એવી તેજસ્વી કે બે વર્ષમાં સાત ધોરણ સુધીનું ભણી લીધું. સવાસો જેટલા ગ્રંથો વાંચી નાખ્યા. રાજચંદ્ર નામથી ખૂબ લખ્યું અને શતાવધાન સિદ્ધ કર્યું. એક સાથે અનેક કાર્યો કરી શકતા. વાનગી જોઈ તેમાં મીઠું છે કે નહીં તે કહી આપવું, મોટા ગુણાકાર-ભાગાકાર મનમાં કરવા, હજાર જેટલા શબ્દો જે ક્રમમાં સાંભળ્યા હોય તે જ ક્રમમાં કહી આપવા, એક સાથે ત્રણ વ્યક્તિઓ સાથે જુદી જુદી રમતો રમવી અને સાથે પાદપૂર્તિ વગેરે કરતા જવા જેવી ક્રિયાઓનો શતાવધાનમાં સમાવેશ થાય છે.

શ્રીમદે ગુજરાતમાં અને મુંબઈમાં શતાવધાનના સફળ પ્રયોગો કર્યા અને ઘણી ખ્યાતિ મેળવી. ચંદ્રકો-સન્માનો મેળવ્યાં. મુંબઈ હાઈકોર્ટના જજ ચાર્લ્સ સાજમન્ટે વિલાયતમાં પણ આવા પ્રયોગ કરી બતાવવા માટે શ્રીમદ્‌ને આમંત્રણ આપ્યું ત્યારે તેઓ ચોંક્યા. આ બધી પ્રસિદ્ધિ ને ઝાકઝમાળ અધ્યાત્મસાધનામાં બાધક બનશે તેવો તેમને ખ્યાલ આવી ગયો અને ત્યાર પછી તેમણે કદી અવધાનના પ્રયોગ બતાવ્યા નહીં અને લૌકિક સિદ્ધિથી નિવૃત્ત થયા. આ શક્તિથી પૈસા, પ્રતિષ્ઠા, અનુયાયીઓનો મોટો સમુદાય તેઓ મેળવી શકત. પણ તેમનું લક્ષ્ય એ ન હતું. વીસ વર્ષની ઉંમરે પોતાના માર્ગ વિશે આટલી સ્પષ્ટતા અને ભૌતિક સિદ્ધિઓ પ્રત્યે આટલી નિર્લેપતા દુર્લભ ગણાય. તેમને કોઈએ પૂછ્યું કે તમે આખો દિવસ ધર્મની ધૂનમાં હો છો તો ઝવેરાતના ભાવ જાણી શકતા હશો. ત્યારે તેમણે કહ્યું, 'અમારો દિ' નથી ફર્યો કે બજારભાવ જાણવા સ્વાધ્યાય કરીએ.' તેમને પૂર્વજન્મનું, જ્યોતિષનું જ્ઞાન હતું; પણ તેઓ તો હતા વિરક્ત, અહંશૂન્ય. 'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ, ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.'

ગાંધીજીના વડવાઓ રાજનું કારભારું કરતા. મુત્સદ્દીપણું, વફાદારી અને સિદ્ધાંતપ્રિયતા તેમના લોહીમાં હતી. બહાદુરી પણ

ખરી. સાચું અને સ્પષ્ટ કહેતા ડરે નહીં. ઘરમાં વૈષ્ણવ સંસ્કારો, પણ અસ્પૃશ્યતા, હવેલીનો વૈભવ વગેરે વિશે એટલી નાની ઉંમરે પણ પ્રશ્નો થતા – એ વયે પણ મૌલિક ચિંતન હતું. માણસ-માણસ વચ્ચે સમાનતા અને વિરક્તિ બાળપણથી તેમને આકર્ષતાં. અમુક પ્રસંગો એવા બન્યા જાણે ભવિષ્યમાં ઉતારનારા ફાલનાં બીજ નખાતાં આવતાં હોય : બાળવયે જોયેલા 'શ્રવણપિતૃભક્તિ' નાટકથી માબાપની સેવા કરવાની ભાવના જાગી. 'હરિશ્ચંદ્ર' નાટકથી સત્ય માટે મોટાં બલિદાન આપવાની પ્રેરણા મળી. ચોરી અને પ્રાયશ્ચિતવાળા પ્રસંગે ક્ષમાનો પ્રભાવ સમજાયો. પિતા બીમાર પડ્યા ત્યારે જુદા જુદા ધર્મના વિદ્વાનો પાસે ધર્મચર્ચા સાંભળતા સર્વધર્મસમભાવના સંસ્કાર ઝીલાયા. પિતાના મૃત્ય વખતે સગર્ભા પત્નીના સંસર્ગમાં હોવું તેમને એ સમજાવી ગયું કે વાસના અને સેવા બે એકસાથે થઈ શકે નહીં. જે સમયે દરિયાપાર જવાનો નિષેધ હતો ત્યારે તેમણે ઇંગ્લૅન્ડ જઈને બૅરિસ્ટર થવાની હિંમત કરી, એ તેમનું ક્ષિતિજો વિસ્તારવાનું વલણ અને નિર્ભયતા બતાવે છે. ત્યાં જઈને 'જેન્ટલમેન' બનવા પોષાક અને સંગીત-નૃત્ય શીખવાના પ્રયોગ કર્યા. એ પ્રયોગોની વ્યર્થતા જણાતા ધ્યેય પર એકાગ્ર થયા. ત્રણ વર્ષના વિદેશવાસ દરમ્યાન તેમણે શાકાહાર, થિયોસોફી અને ગીતા વિશે વાંચ્યું, ચર્ચા કરી અને લખ્યું પણ.

જીવનના મૂળભૂત તત્ત્વની શોધ ને એક જીવનમુક્તને માટે જરૂરી તેવી તૈયારી સાથે અને બૅરિસ્ટરની ડિગ્રી લઈ તેઓ ભારત આવ્યા, તે હતી ૧૮૯૧ની સાલ. પૂરું યૌવન, વિલાયતનો અનુભવ, મોટી ડિગ્રી, ઝગારા મારતું વ્યક્તિત્વ. મોટાભાઈ લેવા આવ્યા હતા. મુંબઈમાં ઇંગ્લૅન્ડના મિત્ર અને માર્ગદર્શક ડૉ. પ્રાણજીવન મહેતા અને તેમના ભાઈ રેવાશંકરનું ગિરગામમાં ઘર. ત્યાં ઊતર્યા. એ ઘર કયું હતું? મણિભવન? મણિભવન બંધાયાની સાલ ૧૯૧૨ હોવાનો સંદર્ભ મળે છે – મણિભવનની જગ્યાએ એમનું જે જૂનું ઘર હશે તે કદાચ આ હોઈ શકે.

આ ઘરમાં શ્રીમદ્ અને ગાંધીજીની પહેલી મુલાકાત થઈ. પ્રાણજીવનભાઈ અને રેવાશંકરભાઈ શ્રીમદ્‌ના કાકાસસરા થાય. તેમણે ઓળખાણ કરાવી: 'આ અમારા જમાઈ, અને રેવાશંકર જગજીવનની પેઢીના ભાગીદાર. કવિ છે, શતાવધાની છે.' ગાંધીજીએ તો જુદી જુદી ભાષાના ચારસો શબ્દ લખ્યા અને શ્રીમદ્‌ને વાંચી સંભળાવ્યા. શ્રીમદ્ એ જ ક્રમમાં શબ્દો બોલી ગયા ત્યારે ગાંધીજીને ઘણું આશ્ચર્ય થયું. પણ તેઓ ખરા પ્રભાવિત ત્યારે થયા જ્યારે તેમણે જોયું કે ઝવેરાતની પેઢી સંભાળતા આ તેજસ્વી યુવાન કવિના ઢાળિયા પર હિસાબના ચોપડા સાથે ધર્મનાં પુસ્તક પણ હોય છે અને મોટા સોદા કર્યા પછી સમય મળે કે તરત તે ધર્મની વાત કરે છે. ધર્મચર્ચા માટે લોકો આવે છે અને તેઓ નિરાડંબર ભાવે જેટલું સમાધાન થઈ શકે તેટલું કરી આપે છે. તેમનો સદા જાગ્રત આત્મા અને અણીશુદ્ધ ચારિત્ર્ય જોઈ ગાંધીજીએ પોતાની ધર્મસંબધી શંકાઓ શ્રીમદ્ સમક્ષ રજૂ કરવા માંડી. બંને સમવયસ્ક હતા, પણ ગાંધીજી જીવનપથ પર માર્ગ કંડારી રહ્યા હતા, જ્યારે શ્રીમદ્ શતાવધાની તરીકે પ્રસ્થાપિત હતા અને આત્મસાક્ષાત્કારની દિશામાં ઘણું આગળ વધેલા હતા. તેમનો સંબંધ આમ મુમુક્ષુ અને માર્ગદર્શકનો થયો. ગાંધીજીએ મુંબઈમાં વકીલાત શરૂ કરી, ત્યારે શ્રીમદ્‌ની પેઢી પર નિયમિત જતા. કેવી હશે આ બે અજબ યુવાનોની અજબ મુલાકાતો!

બે વર્ષ પછી સુરતના મુસ્લિમ વેપારી દાદા અબ્દુલ્લાના કેસ માટે ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. વકીલ તરીકે બે પક્ષ વચ્ચે એવું સમાધાન કરાવવું કે બંનેને ઓછામાં ઓછું નુકસાન થાય અને સંબંધ ન બગડે તે તેમની નેમ. એ રીતે કેસ પતાવ્યો. ત્યાર પછી ત્યાં રંગભેદવિરુદ્ધ લડત ઊપાડી. ધર્મચર્ચાઓ પણ સતત ચાલતી હતી. દાદા અબ્દુલ્લા પાસે ઇસ્લામના અને અંગ્રેજ મિત્રો પાસે ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો ગાંધીજી સમજવા જતા હતા. હિંદુ ધર્મની અમુક મર્યાદાઓ તેમને ખૂંચતી હતી, સાથે અન્ય ધર્મોની વાતો પૂરો સંતોષ નહોતી આપતી. તેમણે નક્કી કર્યું હતું કે જ્યાં સુધી હું હિંદુ ધર્મને પૂરેપૂરો ન સમજું ત્યાં સુધી ધર્મપરિવર્તન નહીં કરું. શ્રીમદ્ સાથેના પત્રવ્યવહારમાં તેઓ પોતાને થતા પ્રશ્નો મૂકતા. શ્રીમદ્ એ પ્રશ્નોનું વિશદ્ સમાધાન કરતા અને અમુક ગ્રંથો વાંચવાનું સૂચવતા. આ પત્રવ્યવહારમાંના ત્રણ પત્રો જ અત્યારે મળે છે. આ પત્રો શ્રીમદે ગાંધીજીને તેમની જિજ્ઞાસાના પ્રત્યુત્તરરૂપે લખેલા છે. પહેલામાં ગાંધીજીએ આત્મા, ઈશ્વર, મોક્ષ, પુનર્જન્મ, આર્યધર્મ, વેદ, ગીતા, યજ્ઞ, ખ્રિસ્તી ધર્મ, ઇસુ, પ્રલય, અવતાર, ભક્તિ જેવા વિષયો પર પૂછેલા સત્યાવીસ પ્રશ્નોના જવાબ છે, બીજામાં આત્મજ્ઞાન સમજાવ્યું છે અને ત્રીજામાં આર્ય આચારવિચારની વાત છે. કુલ ૨૦૦ જેટલા પત્રો હતા – આ બધા પત્રો સચવાયા હોત તો એ એક અમૂલ્ય ખજાનો બની રહેત. આ પત્રવ્યવહારનું પરિણામ એ આવ્યું કે હિંદુ ધર્મ પરની ગાંધીજીની હલી ગયેલી શ્રદ્ધા સ્થિર થઈ.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પહેલીવાર ભારત આવ્યા ત્યારે શ્રીમદ્ વવાણિયા હતા. મુલાકાત થઈ નહીં. બીજી વાર આવ્યા ત્યારે શ્રીમદ્‌નું અવસાન થઈ ચૂક્યું હતું. ગાંધીજી શ્રીમદ્‌ના પરિવારને મળ્યા હતા. શ્રીમદ્‌ના ભાઈ મનસુખભાઈ સાથે તેમની મૈત્રી થઈ હતી. તેમની પાસેથી આત્મસિદ્ધિશાસ્ત્ર મેળવી ગાંધીજી દક્ષિણ આફ્રિકા લઈ ગયા હતા. આશ્રમની પ્રાર્થનામાં તેના પદો ઘણીવાર ગવાતા.

મહાત્મા ગાંધી અને શ્રીમદ્‌નો સંપર્ક કેટલાં વર્ષ રહ્યો હશે? બંને મળ્યા ત્યારે શ્રીમદ્ ૨૪ વર્ષના હતા. તેમનું દેહાવસાન ૩૩મા વર્ષે થયું પણ ૨૯મા વર્ષથી તેઓ સાવ અંતર્મુખ થઈ ગયા હતા.

નિ:સંગ, એકાંતવાસના એ વર્ષોમાં તેમણે પત્રો લખવા બંધ કર્યા હતા. એટલે પાંચેક વર્ષનો આ પ્રત્યક્ષ-પરોક્ષ સંપર્ક હતો.

શ્રીમદ્‌ના મૃત્યુ પછી પચીસ વર્ષે લખાયેલી આત્મકથા 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીએ લખ્યું છે, 'ત્રણ વ્યક્તિઓએ મારા જીવન પર મોટી અસર પાડી છે. રાયચંદભાઈએ પોતાના જીવંત સંસર્ગથી અને પત્રોથી, ટૉલ્સટૉયે 'ધ કિંગ્ડમ ઑફ ગૉડ ઇઝ વિધિન યુ' પુસ્તકથી અને રસ્કિને 'અનટુ ધ લાસ્ટ' પુસ્તકથી.' બીજા બે મહાપુરુષોનો મેળાપ તેમને શ્રીમદ્‌ના સંસર્ગ પછી થયો હતો, તેથી શ્રીમદ્‌ની ગાંધીજી પર સૌથી પહેલી અને કદાચ સૌથી ગાઢ પડી હતી. શ્રીમદ્-ગાંધીજીનો સંબંધ માર્ગદર્શક – મુમુક્ષુનો હતો, તે ગાંધીજીએ વારંવાર સ્વીકાર્યું છે, પણ તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હું તેમને મારા ગુરુ કહી શકતો નથી. આ કક્ષાની વ્યક્તિઓ કોઈને ગુરુ કરે નહીં અને કોઈના ગુરુ થાય નહીં. **જેમ ગાંધીજીએ તેમને મળેલા મહાત્મા વિશેષણનો વિરોધ કર્યો હતો તેમ શ્રીમદે પણ પોતાને મળેલા પરમકૃપાળુદેવ બિરુદનો ચોક્કસ વિરોધ કર્યો હોત.**

સંતબાલજી લખે છે કે શ્રીમદ્‌ની ગાંધીજી પર અસર હતી તેમ ગાંધીજીની પણ શ્રીમદ્ પર અસર હતી. તેઓ વધારે જીવ્યા હોત તો જેમ ગાંધીજીમાં શ્રીમદ્‌ની અધ્યાત્મધારા જોવા મળી હતી તેમ શ્રીમદ્‌માં ગાંધીજીની કર્મધારા જોવા મળી હોત.

આ બંને વિભૂતિઓને સાથે સાથે વિચારવાનું ઘણું રસપ્રદ છે.

ગાંધીજી કહેતા કે મારું જીવન એ જ મારો સંદેશ. શ્રીમદ્‌નું જીવન પણ ખુદ એક સંદેશ હતું. સંસારના આધિવ્યાધિઉપાધિ વચ્ચે પણ સમતા રાખી શકાય, આત્મકલ્યાણનાં ઊંચાં શિખરો સર કરી શકાય તે તેમણે બતાવ્યું. તેમનાં વચનોમાં હૃદયપરિવર્તનની શાંત તાકાત છે. ભૌતિક પ્રાપ્તિઓમાં અટવાતા માનવીને, અંતર્મુખ થવાનું આવાહન છે. 'આત્મામાં શૌર્ય ઉપજાવી વિકારને હટાવવાનો છે, મુમુક્ષુએ આ કદી ન ભૂલવું.' ગાંધીજી કહેતા કે કુરુક્ષેત્ર પોતાની અંદર જ છે. માણસે પોતાના દુર્ગુણો પર વિજય મેળવવાનો છે.

શ્રીમદે સમન્વય માર્ગ પસંદ કર્યો હતો. કહેતા કે મોક્ષમાર્ગ તો દરેક કાળમાં એકસરખો છે : 'આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય, થાશે કાળ ભવિષ્યમાં માર્ગભેદ ન કોય' તેઓ શુષ્ક જ્ઞાન કે જડ ક્રિયાકાંડને મહત્ત્વ ન આપતા. ભેદદૃષ્ટિ કે મતાગ્રહમાં ન માનતા. સમર્પણ, ભક્તિભાવ અને આત્મજ્ઞાની સદ્‌ગુરુની શોધને મહત્ત્વ આપતા. એ સમય જોતાં આ એક ક્રાંતિકારી વલણ કહેવાય. તેમનો વિરોધ પણ થયો જે તેમણે નિસ્પૃહભાવે સહ્યો. તેઓ જિન દર્શનને શ્રેષ્ઠ માનતા પણ અન્ય દર્શનનું ખંડન ન કરતા. ગાંધીજી પોતાને સનાતની હિંદુ કહેવાડવાવમાં ગૌરવ અનુભવતા પણ અન્ય

*શ્રીમદ્‌માં ગાંધીજીની કર્મધારા જોવા મળી હોત*

ધર્મોનો પણ તેટલો જ આદર કરતા. 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' શબ્દો બંનેને લાગુ પડે છે. બંને ગૃહાસ્થાશ્રમી હતા. સાધુનો વેશ કે તિલક-કંઠી ધારણ કર્યાં ન હતાં પણ તેમના જેવા વિરક્ત સાધુપુરુષો ત્રણે કાળમાં ભાગ્યે જ જોવા મળે.

શ્રીમદ્ કહેતા કે અધ્યાત્મમાર્ગની પહેલી શરત છે અભય. વિકટ વનોમાં તેઓ એકલા ચાલ્યા જતા, સાધના કરતા. ગાંધીજીના અગિયાર મહાવ્રતમાં અભય પણ છે. પ્રખર બુદ્ધિશાળી ને ગાંધીજીના ચરખા-પોતડીને રમૂજથી જોતા આચાર્ય કૃપલાની ગાંધીજીના પગલે ચાલ્યા, કારણ કે તેમણે જોયું કે ગાંધીજીમાં પોતાનું સત્ય લઈને આખી દુનિયા સામે એકલા ઊભા રહેવાની તાકાત છે. નિર્ભયતા ન હોય તો કોઈ વિચારને આચરણમાં ન મૂકી શકાય.

પણ મુખ્ય ભય તો મરણનો. શ્રીમદ્ કહેતા, 'અભયના સાધક માટે પહેલી શરત દેહથી પર થવાની છે. દેહની આસક્તિ, ભૌતિક સુખની ઇચ્છા જ દેહને તડપાવે છે. આયુષ્યબંધ પ્રમાણે જીવનનો અંત થવાનો છે – ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?' ગાંધીજીએ મીરાબહેનને લખેલું કે 'મૃત્યુ વિયોગ નથી, મૃત્યુથી તો માણસ દેહના પોતાના બંધનોમાંથી નીકળી મુક્તપણે મળી શકે છે.' ભાગલા વખતના કોમી દાવાનળ વચ્ચે ગાંધીજી એકલા ચાલ્યા જતા. મૃત્યુના દિવસે તેમણે કહ્યું હતું, 'જો હું સામી છાતીએ ગોળી ઝીલું ને રામનામ લેતો મરું તો હું સાચો મહાત્મા.'

ભયનું કારણ છે પરિગ્રહ. સંપત્તિ વધારવા ને પછી તેનું રક્ષણ કરવામાં જાતજાતની અસુરક્ષા અનુભવવી પડે છે. જૈન આગમો કહે છે, પરિગ્રહથી મોટી કોઈ જાળ નથી.' શ્રીમદ્ ઉત્તરસંડામાં સાધના કરતા હતા ત્યારે મુમુક્ષુ મોતીલાલભાઈ નડિયાદથી ભોજન લઈ આવતા. શ્રીમદ્ કહે, 'આ વીંટીઓ વગેરે પહેરીને આવોજાઓ છો તો ભય નથી લાગતો ?' 'લાગે છે.' 'તો ભય લાગે તેવું રાખો છો શા માટે ?' એક વાર કસ્તૂરબાની પેટીમાંથી કોઈ કંઈ ચોરી ગયું. 'ચોરવાનું મન થાય તેવું રાખવું જ શા માટે ?' ગાંધીજીએ કહ્યું. તેઓ આપણા રાષ્ટ્રપિતા હતા. પણ તેમની પાસે ન ઘર હતું, ન બેંકબેલેન્સ. ચશ્માં, ઘડિયાળ, ખાવાપીવાના બેચાર વાસણ વગેરે થઈને આઠદસ વસ્તુ એ જ તેમનો અસબાબ હતો.

શ્રીમદ્ સત્સંગ પર ભાર મૂકતા. કહેતા, 'કર્મ પણ કુસંગી હોઈ શકે. સ્થૂળ આનંદો સત્સંગ નથી. તે કષાયમાં ડૂબાડે છે અને દુ:ખી કરે છે' બંનેને તત્ત્વમાં રસ હતો. કામનાઓ પર વિજય મેળવે તે મુક્ત એવું બન્ને માનતા. એક સજ્જન ગાંધીજીને કહે, મેં પ્રાર્થના છોડી દીધી છે, કારણ કે પ્રાર્થના કરું ત્યારે મારું મન ભટકવા લાગતું હતું.' 'તો મનને ભટકતું અટકાવવું હતું. પ્રાર્થના શામાટે છોડી ?'

એક સજ્જન શ્રીમદ્‌ને કહે, 'મારે ભક્તિ કરવી છે, પણ પેટનું શું કરું?' 'હું તેની વ્યવસ્થા કરાવું. પણ તમારે ઉપાશ્રયમાં જ રહી ભક્તિ કરવાની. કોઈને મળવું નહીં, વેપાર, વ્યવહાર, ઉત્સવ, શણગાર, ગીતો વગેરેમાં મન નાખવું નહીં.' 'એ તો ન થાય.' 'ભક્તિ કરવી નથી તેથી પેટને આગળ ધરો છો. પોતાને છેતરો છો.'

ઇસુ-બુદ્ધ જેવી વિભૂતિઓની જેમ કરુણા આ બંનેનો સ્વભાવ હતો. સર્વ જીવો પ્રત્યે, સમગ્ર જડચેતન સૃષ્ટિ પ્રત્યે અપાર કરુણા. એક વાર બલિ માટે પશુને લઈ જવાતું જોઈ ગાંધીજીએ કહ્યું કે બલિ ચડાવવો જ હોય તો મારો ચડાવી દો. શ્રીમદ્ મુંબઈમાં હતા ત્યારે વિજયાદશમી વખતે ૧૦૮ પાડાનો બલિ ચડાવવાનો હતો તે અટકાવ્યો હતો. ઘોડાગાડીમાં બેસે તો શરત મૂકતા, 'ચાબુક નહીં મારવાની.' ગાંધીજીએ એક વાર કહ્યું હતું, 'શ્રીમદ્‌ને દરદ તો હતું, પણ સાથે જગતના તાપનું પણ દર્દ હતું. આટલા વિષમ કાળમાં લોકો આત્મજ્ઞાન કઈ રીતે કરશે તેની તેમને ચિંતા હતી, તેથી જ તેમનો દેહ નાની ઉંમરમાં પડી ગયો.' ગાંધીજીની અહિંસા એવી કે પાપને હણવું, પાપીને નહીં. તેના પ્રત્યે તો દુર્ભાવ પણ ન રાખવો. 'હું મારીશ નહીં, તમે મારશો તો માર ખાઈ લઈશ, પણ અન્યાયને તાબે નહીં થાઉં.' બ્રિટીશ શાસકો પકડતા ત્યારે કહેતા, 'શોષણ સામે અવાજ ઉઠાવવો તે જો અપરાધ હોય તો તે મેં કર્યો છે. ફરીવાર પણ કરીશ.' તેમની અહિંસા આમ બહાદુરની અહિંસા હતી.

ભૌતિક સુખની નિરર્થકતા બંને સમજતા. શ્રીમદ્ કહેતા, લોખંડની બેડીની જેમ સોનાની બેડી પણ બંધન કરે છે. ગાંધીજી સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબીમાં રહેતા અને સાદગીના ઉપાસક હતા. એકાંત અને અપ્રમત્ત સાધના બંનેને પસંદ હતી. શ્રીમદ્ વનોમાં, ગુફાઓમાં ચાલ્યા જતા. ગાંધીજી લોકોની વચ્ચે પોતાનું એકાંત મેળવી લેતા, નિ:સંગ થઈ શકતા. અંતરના વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરવું એ પણ સત્સંગ જ છે. દેહાતીત હોવા છતાં બંને દેહનું મહત્ત્વ સમજતા. શ્રીમદ્ દેહને આત્માનું મંદિર, મોક્ષનું સાધન માનતા.

'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો. ગાંધીજી દેહને સેવાનું સાધન સમજતા. દેહને લાડ ન લડાવતા, પણ કુશળ કારીગર જેમ પોતાના ઓજારને બરાબર રાખે અને તેનાથી સારામાં સારું કામ લે તેમ તેઓ પોતાના દેહને સાચવતા.

શ્રીમદ્ કહેતા, 'તું ગમે તે ધર્મ પાળે, જે રસ્તે સંસારમળનો નાશ થાય તે રસ્તે જજે.' મતાંધતા, મતભેદ, મતાગ્રહ આ બધાથી સાંપ્રદાયિકતા સર્જાય છે અને મૂળ દૃષ્ટિ ચૂકી જવાય છે. ૧૬ વર્ષની ઉંમરે સ્ત્રીનીતિબોધક પુસ્તકમાં તેમ જ અનેક કાવ્યોમાં તેમણે વહેમો કાઢવાની, સ્ત્રીશિક્ષણ આપવાની અને સમાજની કુરુઢિઓ દૂર કરવાની હાકલ કરી હતી : 'સળગાવી દો આ સમય, વળી વ્હેમની વાડ, અધિક નહીં તો નિરખશો ધોળે દહાડે ધાડ.' તેઓ કહેતા, 'હું કોઈ ગચ્છમાં નથી. માત્ર આત્મામાં છું.' વિધિવિધાનને 'ઉપધર્મો' અને ધર્મને 'અવ્યાખ્યેય' કહેતા. ગાંધીજી માનવધર્મને શ્રેષ્ઠ માનતા. માનવીને સમાનતા અને ગરિમાથી જીવવાનો અધિકાર અપાવવા તેઓ જિંદગીભર મથ્યા.

બંને સત્ તત્ત્વના ઉપાસક હતા. એક મુની શ્રીમદ્ પાસે આવ્યા. 'મેં સંસાર, કુટુંબ, વૈભવ, પત્ની-સંતાનો બધાનો ત્યાગ કર્યો છે.' 'ત્યાગ કર્યો? કેટલા શ્રાવકોના ઘર ગળે બાંધ્યા છે? કેટલી સ્ત્રીઓ પર દૃષ્ટિ ગઈ છે? કેટલા બાળકોનો મોહ થયો છે તે વિચાર્યું છે?' મુનિ વિચારમાં પડી ગયા. થોડીવારે લઘુતાભાવે બોલ્યા, 'હું ત્યાગી નથી.' ત્યારે તરત શ્રીમદે કહ્યું, 'હવે તમે ત્યાગી છો.'

ગાંધીજી અને શ્રીમદ્ બંનેએ ઘણું લખ્યું છે, બંને પોતાની ભાષાને અતિક્રમી ગયેલા છે. તેજસ્વી વિચારો પ્રબળ પ્રવાહ જેવા હોય છે. પોતાનો માર્ગ કંડારી લે. પુરાણા ઘસાયેલા શબ્દો અને અભિવ્યક્તિઓ તેમને ચાલે નહીં. 'અપૂર્વ અવસર', 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની ભાષા ત્યારે પ્રચલિત ભાષા કરતા અનોખું તેજ ધરાવે છે. ગાંધીજીની ભાષાએ તો સાહિત્યમાં એક યુગ સર્જ્યો છે.

શ્રીમદ્ નિજસ્વરૂપમાં એવા લીન હતા કે ગાંધીજીની જિજ્ઞાસા તેમણે પૂરી નિષ્ઠાથી સંતોષી પણ પોતાના જીવનકાળમાં જ જાહેરજીવનમાં વિશ્વનું ધ્યાન ખેંચવા લાગેલા ગાંધીજી 'મારી પાસે માર્ગદર્શન લેવા આવતા' તેવો ગર્વ શ્રીમદે કદી કર્યો નહીં, મનમાં પણ ધર્યો નહીં હોય. શ્રીમદ્ નિજસ્વરૂપમાં લીન થયા, ગાંધીજી વિશ્વસમસ્તમાં વિસ્તર્યા. પહેલા દક્ષિણ આફ્રિકાની ને પછી ભારતની શોષિત, કચડાયેલી પ્રજાને માનવ તરીકેનું ગૌરવ અને અધિકારો અપાવવા ગાંધીજીએ જીવન હોમી દીધું. તેમનું ધ્યેય તો વિશ્વ સમગ્રના પીડિત લોકો હતા. એક માનવીથી આટલું કામ થાય તેની કલ્પના પણ આપણને આવી શકતી નથી.

આ બંને મહાપુરુષોના અમર વચનોને સ્મરીને વિરમીએ: 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બ્રાહ્યાંતર નિર્ગ્રંથ જો, સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને વિચરશું કવ મહત્પુરુષને પંથ જો' અને 'હું તમને એક મંત્ર આપું છું. જ્યારે સંદેહ થાય અથવા અહંકાર માથા પર ચડી બેસતો લાગે ત્યારે આ કસોટી અજમાવો: જે સૌથી ગરીબ, સૌથી અસહાય તમે જોયો હોય, તેને યાદ કરી પોતાના દિલને પૂછો – મારા આ કામથી એનું શું ભલું થશે – અને તમને માર્ગ મળી જશે.'

✶ ✶ ✶

● **સોનલ પરીખ** : મોબાઈલ : ૦૯૨૨૧૪૦૦૬૮૮

**પ્રબુદ્ધ જીવન**


# કાલ–આજ–કાલ

❑ ડૉ. સેજલ શાહ

## જૈનો હજી ત્યાંના ત્યાંજ ?

*[ ભૂતકાળ અને વર્તમાનકાળની વચ્ચેના સમયમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અને સમય સાથે એનું રૂપ કઇ રીતે બદલાય છે તે તપાસવું મહત્ત્વનું છે, કારણ એદ્વારા આપણે વિચારો અને આપણા પ્રવાહોને ચકાસતા હોઈએ છીએ. કોઈ પણ વિચાર પોતાને સ્થિર રાખીને નહીં પરંતુ સમય સાથે બદલાઈને વધુ લાંબો સમય ટકે છે. એના મૂળમાં કોઈ બદલાવ નથી આવતો પરંતુ જે બદલાવ આવે છે તે માત્ર પ્રસ્તુત કરવાની રીતમાં અને આવરણમાં. આજે એટલે જ યુવાનો જૈન ધર્મ સાથે જૈન વિચાર પ્રવાહને જોડી રહ્યા છે. આપણા પુસ્તકોની ભાષા બદલાઈ છે, હાર્દ નહીં. ૨૧મી સદીમાં માહિતીના વિસ્ફોટના સમયમાં અને આધુનિક બનવાની હોડમાં દોડતા માણસને પરંપરાગત રીતે નથી ઝડપી શકાતો. એની સાથે સંવાદ સાધવો પડે છે. તાર્કિક વિચારણા સાથે આજ વાત ૨૦મી સદીના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પણ વિચારાઈ છે. જુદી જુદી રીતે.*

*આ વખતે બે જુદા-જુદા અંકની સામગ્રી પસંદ કરી છે સાથે હાલમાં વેબસાઈટ પર જૈન ધર્મ સામેના પડકાર અંગે એક વ્યક્તિએ લખેલ પ્રશ્નોને પણ મુક્યા છે. વાચક પોતે જ જોઈ શકશે કે આ ત્રણેય લખાણમાં કેવી સામ્યતા તો છે જ પરંતુ આજે પણ આપણે આનો ઉકેલ લાવવામાં પૂરે અંશે સફળ થયા નથી. કદાચ આજનો આ લેખ આપણે વિચારમંથન કરાવી નવી દિશા તરફ જવા વિચારતા કરી મૂકે. ]*


મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.
નવ્ય યુગનો સિદ્ધાન્તવાદ.

### મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

**સંવત ૧૯૮૫ના ભાદરવા વદ ૩ શનિવાર, તા. ૨૧-૯-૨૯**

### નવ્ય યુગનો સિદ્ધાન્તવાદ : સમય-ધર્મની હાકલ

**(યોજક–ન્યાયવિશારદ–ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી મહારાજ)**

***(૧) જૈનધર્મ વિષે મને દૃઢ શ્રદ્ધા છે. જિંદગી પર્યંત તે ઉપર મક્કમ રહીશ.***

***(૨) આરોગ્ય, સંયમ, વ્યાયામ અને સુશિક્ષણ એ જીવન-વિકાસના મહાન સાધન છે, એમ મારો દૃઢ વિશ્વાસ છે અને તેના અર્થે મારાથી બનતું કરીશ.***

***(૩) અન્યાયનું પગલુ ભરી સંઘમાં કુસંપ નહિ રાખીશ.***

***(૪) રાષ્ટ્રીય પ્રવૃત્તિની કોઈ પણ હીલચાલમાં હું ન જોડાઉં, એ જુદી વાત, પણ તેનો વિરોધ તો કદીય કરીશ નહિ બલ્કે તેવી યોગ્ય પ્રવૃત્તિનો યથાશક્તિ સમર્થક રહીશ.***

***(૫) આજના નોકારશી, કે જમણવારોમાં પૈસા વેરવા કરતાં કેળવણીમાં કે સાધર્મિક બન્ધુઓના ઉદ્ધારમાં આપવા બહુ જરૂરી અને વધારે લાભદાયક છે, એમ હું માનું છું.***

***(૬) પેટા જ્ઞાતિઓને તોડવા મારાથી બનતું થઈ શકશે તો ચૂકીશ નહિ.***

***(૭) જૈન ફિરકાઓની એકસંપી થવામાં સમાજ અને શાસનનું ભલું જોઉં છું.***

***(૮) શ્વેતામ્બર-દિગમ્બરોના ઝગડા હોલવાઈ જઈ તે બન્ને પરિવારો ઐક્ય-સૂત્રમાં બદ્ધ થતા જૈન ધર્મનો મહાન ઉત્કર્ષ થાય એમ હું માનું છું.***

***(૯) નબળી ગણાતી જૈન વણિક કોમમાં નબળાઈ અને કાયરતાને ખંખેરી નાખવા સારૂ વ્યાયામની વિશેષ જરૂરીઆત જોઉં છું.***

***(૧૦) રડવા-કુટવાના દુષ્ટ રિવાજને વખોડી કાઢું છું.***

***(૧૧) દેશમાં ખાદી અને રેંટીઆનો પ્રચાર દેશના ભલા માટે સરસ માર્ગ છે એમ હું માનું છું.***

***(૧૨) સંતાડી-ભગાડીને, ધાંધલ ઊભી થાય એવી બાળ-દીક્ષા કે અયોગ્ય દીક્ષાના કાર્યની હું વિરૂદ્ધ છું.***

*(૧૩) મર્યા પાછળ દાંડો કે ખર્ચ કરવો ગેરવ્યાજબી સમજું છું.*

*(૧૪) લગ્નાદિ પ્રસંગોમાં આડંબરો બતાવવા પાછળ પૈસો નહિ વેડફતાં પરોપકારમાં ખર્ચી ધર્મની શોભા વધારવી ઉચિત સમજું છું.*

*(૧૫) સ્વચ્છતા અને સુઘડતાના નિયમો પર ધ્યાન આપીશ.*

*(૧૬) બાળલગ્ન, અનમેલ લગ્ન અને વૃદ્ધલગ્નમાં શામિલ થવું એ પાપ માનું છું.*

*(૧૭) દેવદ્રવ્ય કરતાં સાધારણ દ્રવ્યને પુષ્ટ કરવાની વિશેષ આવશ્યકતા સમજું છું.*

*(૧૮) કાણે-મોકાણે જવાની અજ્ઞાન પ્રથા નાબુદ થવાની જરૂર જોઉં છું.*

*(૧૯) હિંસાજનક રેશમનો ઉપયોગ દોષિત હોઈ, તે અનાવશ્યક વસ્તુનું વર્જન કરવું ઘટે.*

*(૨૦) ત્યાગી મુનિવરોએ સામાજીક સુધારણા અને ગૃહસ્થાશ્રમની ઉન્નતિ અર્થે પણ સદુપદેશ આપવો જરૂરનો છે એમ મારો દૃઢ મત છે.*

*(૨૧) હાલનો બારીક વખત જોતાં સંઘ-યાત્રા, ઉપધાન, ઉજમણાં વગેરેમાં વપરાતું ધન જો વિદ્યાલય, ગુરૂકુળ, હોસ્પીટલ અને હુન્નરશાળા જેવી મહાન સંસ્થાઓ ઉભી કરવા પાછળ ખર્ચવામાં આવે તો સમાજ અને શાસનનો મહાન ઉદ્યોત થાય.*

*(૨૨) એક 'જૈન બૅન્ક' ખોલાય તો જુદાં જુદાં તીર્થો અને દેરાસર વગેરે સંસ્થાઓની અવ્યવસ્થિત ધનરાશિનો વ્યવસ્થિત પણે સદુપયોગ થઈ શકે. અને એ સમાજના ઉદ્ધારનો સબળ માર્ગ છે.*

*(૨૩) પ્રામાણિક બનવા બનતો પ્રયત્ન કરીશ.*


*(૨૪) સેવા-ધર્મ એ મહાન ધર્મ છે.*

ઓ! પ્રિય વાચક! આ પુણ્યમય સિદ્ધાન્તોના પંથે તારા જીવનને ઉન્નત બનાવવા તૈયાર થા!

ભાદરવા સુદ ૧ વિ. સં. ૧૯૮૫ **શ્રી જૈન યુવક-સંઘ, વડોદરા**

૧૯૨૯માં 'નવ્યયુગના સિદ્ધાંતવાદ' શીર્ષક હેઠળ ૨૪ હાકલની એક યાદી મળી. જેને આજે પણ વર્ષોની ધૂળ નથી ચડી. જરા જોઈએ કઈ રીતે...

જૈન ધર્મી પ્રજાએ માત્ર ધર્મ નહિ પરંતુ જીવનને સમૃદ્ધ અને પવિત્ર કરવા પર ભાર આપવો જોઈએ. ધર્મ આપણને જીવવાની રીતિ શીખવાડે છે, એવી રીતે જેનાથી સમાજને પણ સારા નાગરિક મળે અને દેશનું વાતાવરણ સૌહાર્દભર્યું બને. આ વિચરણ જોઈ સમજાય છે કે કેટલા આધુનિક અને મહત્ત્વના વિચારો અહીં રહેલાં છે. એક તરફ ધર્મની વિચારણાને દૃઢ કરવી અને બીજી તરફ સમાજને પણ અનુકૂળ બની માનવતાને મહેકાવવી. આજનો કોઈ યુવાન આજે


Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અમદાવાદ શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે

સરદાર વલ્લભભાઈ પટેલનું પ્રવચન

આને વાંચે તો એને સમજાય કે જૈન ધર્મના મૂળ કેટલા ઊંડા અને ગહન હતાં અને આજે જે રીતે આ યુવાનો ધર્મથી દૂર થતાં જાય છે તે ચિત્ર બદલાઈ શકે. જૈન પ્રયોગ માત્ર માઈનોરીટીના લાભાલાભ કે ઉપયોગ માટે નહિ પરંતુ ખરા અર્થમાં જીવવા માટેની તાકાત બને. હવે નીચેના લેખો જોઈએ. સરદાર વલ્લભભાઈ પટેલનું વ્યાખ્યાન જૈન ધર્મના મૂળને સ્પર્શે છે અને જીવન સાથે જ જોડવાની જ વાત કરે છે.

### શ્રી મહાવીર જૈન વિદ્યાલય અમદાવાદ શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલનું પ્રવચન

*આ વિદ્યાલયમાં જૈન ધર્મના મૂળ તત્વો જાણવાની વ્યવસ્થા છે એ વિશેષ અગત્યની વસ્તુ છે. એવી સાચી વિદ્યા મળે, જૈન ધર્મના સિદ્ધાંતોનું જો તેઓ પાલન કરતાં શીખે તો સખાવત કરનારાને પણ સંતોષ થાય. સાધુઓની માફક ગૃહસ્થાશ્રમીઓનો પણ ધર્મ છે. બધા સાધુ થાય તો જગત કેમ ચાલે ? જો સાધુનો ધર્મ કઠણ છે તો ગૃહસ્થીનો ધર્મ પણ સહેલો નથી. જૈનો ઠીક ઠીક પૈસા કમાય છે, એ વિદ્યા તો એમની પાસે છે જ. એ માટે એમને કોઈ વિદ્યાલયમાં જવું પડતું નથી, પણ જૈન સિદ્ધાંતોનો તેણે કેટલો અમલ કર્યો છે તેના પર તેને જૈન કહેવો કે નહિ તેનો આધાર રહે છે. જિતેન્દ્રિયને જૈન કહેવામાં આવે છે. એટલે તેણે કેટલો સંયમ કેળવ્યો એ માટે અંતરના ઉંડાણમાં ઉતરીને તેણે જોવાનું છે. બાહ્ય તો ઘણું થાય છે. ટીલાંટપકાં કરવા, જાત્રાએ જવું, મંદિરોમાં જવું, એ તો ધર્મની મર્યાદા છે, ધર્મને સમજવા માટે છે, પણ તેને ધર્મ માનીને અસલ સિદ્ધાંતોને ભુલી જાય તો એ નામનો જ જૈન કહેવાય.*

*આપણી આંખમાં મેલ હોય, જીભમાં જૂઠ ભર્યું હોય, દિલમાં મલીન વૃત્તિઓ ભરેલી હોય તો બાહ્ય આચાર બોજારૂપ થવાનો છે. સાથે સાથે અંદરની સ્વચ્છતા કરવી જોઈએ. મહાવીરનું નામ વિદ્યાલય સાથે જોડવું હોય તો તેમનું સ્મરણ હંમેશાં હોવું જોઈએ. આપણે વિદ્યા લેવી હોય તો મહાવીરની મૂર્તિ આપણી સમક્ષ હોવી જોઈએ, એમનું ચારિત્ર્ય આપણી સમક્ષ હોવું જોઈએ*

*અને તેઓ ઈચ્છે છે એ પ્રમાણે આપણે જીવવું જોઈએ. તો જ મહાવીર નામ સાથે જોડાયેલું જૈન વિદ્યાલયનું નામ શોભે. બાકી યુનિવર્સિટીઓ અને કૉલેજો તો ઠેકઠેકાણે નીકળે છે, પણ એમાંથી લાભ મેળવવો હોય તો ધર્મના મૂળ તત્વોને પકડવા જોઈએ.*

*'અહિંસા પરમો ધર્મ :' એ તો જૈનોનો મોટામાં મોટો સિદ્ધાંત છે. એને જો બરાબર સમજ્યા હોઈએ તો દુકાને બેઠા હોઈએ, ને ધંધો પણ ઠીક ચાલતો હોય અને બૂમ પડે કે હુલ્લડ થયું, ગુંડાઓ આવે છે, એટલે દુકાનમાં જે હોય તે સંકેલી લઈને ભાગવા માંડવું એ જૈન ન કહેવાય. એણે તો જે પાસે હતું તેને સાચી વસ્તુ માની, અને ભયથી ભાગ્યો. એનું નામ તો ભીરૂતા. કાયરતાને કોઈ ધર્મમાં સ્થાન ન હોઈ શકે. જૈન ધર્મમાં તો હરગીઝ નહિ. કોઈની હિંસા ન કરવી એ બરોબર છે, પણ ખરા જૈનમાં મરણ-પથારી કરવાની શક્તિ હોવી જોઈએ. એનામાં એવી તપશ્ચર્યા અને આત્મશુદ્ધિની શક્તિ હોવી જોઈએ કે તેને જોઈને ગુંડાના હાથમાંથી હથીઆર હેઠા પડી જાય. આજે તો મહાત્માજી એ ધર્મનું સેવન કરી રહ્યા છે, હિંદ પાસે તેઓ પદાર્થપાઠ મુકી રહ્યા છે, ઘોર તપશ્ચર્યા કરે છે અને અનેક વિંટબણાઓ વચ્ચે એ સિદ્ધાંતને મુકી રહ્યા છે.*

*ત્યારબાદ બીજી એક વિભૂતિ રવીન્દ્રનાથ ટાગોરના વિચારને જુઓ,*

*શ્રી રવીન્દ્રનાથ ટાગોર એ પ્રકરણના અનુસંધાનમાં નીચેના વિચારો રજૂ કરે છે :*

*'ધારો કે આપણા દેશમાં-હિંદુસ્તાનમાં-આવો કોઈ કાયદો થાય અને જેટલા જેટલા પંડ્યા પુરોહિતો અને સાધુ-સંન્યાસીઓ છે તેમની કાયદેસર કસોટી કરવામાં આવે તો ?*

*'જેઓ ખરેખરા સાધુ-સંન્યાસી છે તેમની યોગ્યતા પરીક્ષાથી પુરવાર થઈ શકતી નથી. એ વાત બરાબર છે પણ જ્યાં મરજી પ્રમાણે વેશ અને પદવીઓ લેવાતાં હોય ત્યાં સાચી સાધુતા પારખવી અત્યંત કઠિન થઈ પડે છે. આપણે એ વેશ અને પદવીને જ સાચી સાધુતા માની લઈએ છીએ. કેવળ વેશધારીઓ અને ઉપાધિના આડંબરધારીઓના ચરણોમાં લાખો હિંદુઓનાં મસ્તક ઝૂકે છે. ભૂખમરાના રોગથી પીડાતા આ દેશનાં ધનધાન્યનો ભારે દુર્વ્યય થાય છે. આત્માને છેતરવા સિવાય એનો બીજો કોઈ બદલો મળતો નથી.*

*'સાધુતા અથવા સંન્યાસ જો પોતાના આધ્યાત્મિક કલ્યાણની ખાતર જ હોય તો વેશ અને નામ બદલવાની ભાગ્યે જ જરૂર રહે છે. અને બીજો કોઈ બદલો મળતો નથી.*

*'સાધુતા અથવા સંન્યાસ જો પોતાનાં આધ્યાત્મિક કલ્યાણની ખાતર જ હોય તો વેશ અને નામ બદલાવવાની ભાગ્યે જ જરૂર રહે છે. અને જો એ બધું બીજાની ખાતર હોય તો પરીક્ષા કે કસોટીની જરૂર છે.*

*'ધર્મ જો આજીવિકાનો વિષય બને, અથવા તો લોકમાન્યતાનો વિષય બને અને ચોક્કસ પ્રકારના વેશ તથા વહેવાર વડે એ ધાર્મિકતાની જાહેરખબર ફેલાવવામાં આવતી હોય તો, આખરે બીજા કશા ખાતર નહીં–સ્વમાનની ખાતર એ જાહેરખબરમાં કેટલો દંભ-પાખંડ છે તે આપણે સૌએ સમજવાની તકલીફ લેવી જોઈએ.*

*(ઈરાન યાત્રા)*

x x x

આ જ અંકમાં પ્રગટ થયેલી એક કવિતા ક્રિયાકાંડ વિશે આક્રોશ વ્યક્ત કરે છે એમાં કોઈ એક ધર્મ નહીં પરંતુ ક્રિયાને મહત્ત્વ આપતી પરંપરા અંગેનો ગુસ્સો અને તેથી પડતી તકલીફો અંગે જાગૃતિ લાવવા અંગે છે. મહત્ત્વની વાત એ છે કે એ સમયમાં કોઈ એક સ્ત્રીને આવું લખવાની જાગૃતિ આવી.

## આંધળો ક્રિયાકાંડ

*પથ્થર ગારો ને ઝાડવાં પૂજ્યાં, પૂજ્યાં પીંપળ પાન,*
*પૂજ્યા ઉંદરડા ગાવડી પૂજી, શ્વાનને નીર્યું ધાન,*
*હરિજન તરસ્યો જાણી,*
*પાયું નહિ પાવળું પાણી.*
*ધૃત સુગંધી ને પુષ્પ ચડાવ્યાં, દીધાં ફળોનાં દાન,*
*દેવ ! મંગાવીને દેગડા મોટા, દૂધે કરાવ્યાં સ્નાન,*
*બાલુડાના દૂધમાં પાણી,*
*પીડિતોની ભીડ ના જાણી !*
*તારે કાજે મેં તો વાઘા સિવડાવ્યા ને સોળ ધર્યા શણગાર,*
*મહેલ સમા તારા મંદિર બાંધ્યાં, સાવ સોનાનાં દ્વાર,*
*ફાટ્યું ભંગી ગોદડું માગે,*
*બૈરી મારી લડવા લાગે !*
*તારે કાજે મેં કેસ વધાર્યાં ને લીધો અજાનો વેશ,*
*ચૂરમાં ચોળાવ્યાં ગોરમારાજોને, ના આપી ગરીબોને ઘેંશ.*
*એઠું જૂઠું માંગવા આવે,*
*નોકર મારો લાત લગાવે.*
*ઉંટ ગધેડાને પાણી પાવા કાજે બાંધ્યા હવેડાને વાવ,*
*માનવ કુળને ખાસડે માર્યું, પૂછ્યો નહિ કંઈ ભાવ.*
*હરિજન ઉતરે આડો,*
*બિચારાનો બગડે દહાડો !*
*પાણામાં પેઠેલા શોધવા તુજને આંખ મીંચી ધરૂં ધ્યાન,*
*ઉઘાડી આંખોની સામે ઉભેલો ભાળું નહિ ભગવાન.*

*છતી આંખે આંધળા જેવો,*
*મારા જેવો કોણને કહેવો ?*
*ગંગા નાહ્યો, ગોમતી નાહ્યો, નાહ્યો અડસઠ નીર,*
*હૈયું મારું તોયે પથ્થર પેઠે પલળ્યું નહિ લગીર.*
*પાકા કાળા પાણકા જેવો,*
*બન્યો મહાદેવની જેવો.*

**–દેવકૃષ્ણ પીતાંબર જોષી**

x x x

હવે આ કવિતા પછી હાલમાં જ જોવા મળેલ જૈન ધર્મના પડકાર અંગેની વાત એક વેબ સાઈટ પરથી.

### Two Big Challenges of Jainism

- The Challenge of Jainism from my perspective is that Jainism is practiced largely on an individual level. (nonviolence example)
- How will we make Jainism more than just a personal and individual level religion?
- Will the mark be left outside of the Jain community? (Activist poll)
- JainismIS changing whether we want it or not. What changes is our generation going to be about?

### What is `being Jain' about?

- My thoughts
  - Living non-ascetic life. Lives in the `modern' world.
  - Doing self reflection-meditation
  - Training one's mind on reducing anger, ego, greed, deceit or reducing attachment and aversion.
  - Acting on principles : Ahimsa, Satya, Asteya, Aparigraha, Brahmacharya
- Not so concerned with (but not against) :
  - Diet
  - Prescribed rituals

### Concluding Thoughts

- Our history outside of India is new.
- Jainism is growing and the Jain community is expanding in surprising ways.
- The Jain community has lotà of talent and resources.
- Jainism in changing. I hope we take a direction in which our Jainism spreads beyond our immediate families into the communities and nation we are a part of.

૨૦૧૧ના ભારતની વસ્તી ગણતરીના આંકડા જોઈએ તો ખ્યાલ આવે છે કે ભારતની વસ્તીના ૦.૪% ટકા લોકો જ જૈન ધર્મને અનુસરે છે. અર્થાત્ ૪૫ લાખ જૈનો જેઓ મુખ્યત્વે મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત, કર્નાટક અને દિલ્હીમાં વસે છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે જોઈએ તો ૪૨,૨૫,૦૫૩ની સરખામણીએ આંકડો વધ્યો છે. પરંતુ કુલ વસ્તી ગણતરીની તુલનાએ આ સંખ્યા બિલકુલ આનંદ આપે તેવી નથી. હવે જો જરા ઊંડાણથી વિચારીએ તો સંખ્યામાં જેટલા જૈનો દર્શાવ્યા છે તેમાંથી ધર્મના વિચારોને અનુસરનારા કેટલા ? આપ સહુના ઘરમાં રહેલા યુવાનોની સંખ્યા અને એમની આસ્થા જોતાં આપણે ખરેખર લઘુત્તમ સ્થિતિમાં આવી ગયા હોઈએ એવું લાગે છે. ખૂબ જ મહત્ત્વની વાત છે કે મોટા ભાગનું સંશોધન અને રિપોર્ટ કહે છે કે જૈનો ભણેલા છે અને ભારતની આર્થિક વ્યવસ્થામાં તેમનો ફાળો મહત્ત્વનો છે. કુલ ઈન્કમ ટેક્ષના ૨૪% ફાળો આપનાર. આ પ્રજાની બીજી કેટલીક વિગતો પણ ગર્વ અનુભવાવે એવી છે જેમ કે ૧૬૦૦૦ ગૌશાળામાંથી ૧૨૦૦૦ ગોશાળા જૈનો ચલાવે છે. અંદાજે ૫૦,૦૦૦ મંદિરો છે ભારતમાં. જી.ડી.પી. ગ્રોથમાં ૦૮% ફાળો છે ભારતનો. ૦૮% વસાહતો તેમની છે. ૪૬% ભારતીય સ્ટોક બ્રોકર જૈનો છે. ભારતની આર્થિક રીતે સદ્ધર પ્રજા છે અને અનેક નામાંકિત વર્તમાનપત્રો/ સામયિકોના માલિક જૈનો છે. જેના ભવ્ય ઇતિહાસ વિશે કે સંસ્કૃતિ વિશે કે તાત્ત્વિક વિચારો વિશે પણ ગર્વ લઈ શકાય એવા ખમતીધર. આ ધાર્મિક વિચારણાને પોતાના ભવિષ્ય અંગે તો ચિંતિત ન જ થવાનું હોય એવો ભ્રમ કદાચ આ વાંચ્યા પછી મનમાં આવે જ! પરંતુ વાસ્તવિકતા જુદી છે જેનાથી આપણે બહુ દૂર રહેવા માગીએ છે. યુવાનોનો આખો એક વર્ગ છે જે ધર્મની એકપણ પરંપરામાં નથી માનતો. અનેક કાર્યક્રમોમાં યુવાનોની વસ્તી ઓછી થતી જાય છે. કેટલીક લોકપ્રિય જગ્યાએ આવે છે પરંતુ તેમાં નિયમિતતા નથી. અંદરથી જ્યાં સુધી સહમતી નહિ સધાય ત્યાં સુધી કાર્યમાં નહિ ઉતરે તો પછી નામ અને ફોર્મ સુધી અટકી જવાશે. ખૂબ જ ઓછી સંખ્યાની પ્રજા પોતાના વિશ્વાસ અને શ્રદ્ધાથી જીવતી હોય છે. જે આંકડા ઉપર દર્શાવ્યા છે તે પૈકી યુવાનોને બાદ કરતાં આપણી સંખ્યા માત્ર ઓછી નહિ થાય પરંતુ ભવિષ્યની આશા પણ ભાંગી પડશે કારણ કે એને આગળ લઈ જનાર મશાલની જ્યોત જ ઝાંખી થઈ રહી છે. કદાચ એટલે જ ઉપર આપેલી હાકલ અંગે ફરીથી વિચારવા જેવું નથી લાગતું સહુને ? આ હાકલ કાલની નહિ પરંતુ પ્રત્યેક સમયે નવ્ય કહી શકાય એવી છે. ધર્મ જીવનમાં શિસ્ત આપે છે, જીવનને મૂલ્યો અને સંસ્કારથી બાંધે છે જેથી સ્વસ્થ અને સારા સમાજનું નિર્માણ થાય. ચાલો સહુ બ્યુગલ વાગી રહ્યાં છે.... ✷

બિલ્ડિંગ નં. ૧૦, વિંગ 'બી', ફ્લેટ નં. ૭૦૨, અલિકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ, કાંદિવલી (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૧૦૧મોબાઈલ : ૯૮૨૧૫૩૩૭૦૨.

**ગાંધી વાચનયાત્રા**

# 'બિલવેડ બાપુ'

## એક અનન્ય મૈત્રી–મહાત્મા અને મીરા

❑ સોનલ પરીખ

**(૪)**

## દર્દ, પ્રેમ, ભક્તિ, આઝાદી

(ડિસેમ્બર ૨૦૧૫ના અંકથી આગળ)

૧૯૩૪માં મીરાબહેન યુરોપ-અમેરિકાથી ભારત પાછા આવ્યાં અને ૧૯૪૪માં હિમાલયમાં ચાલ્યા ગયાં. આ દસ વર્ષનો ગાળો મીરાબહેનના જીવનની ભયાનક ઉથલપાથલનો ગાળો હતો.

યુરોપ-અમેરિકાની સફરેથી પાછા આવીને મીરાબહેન વર્ધા ગયાં. તેમને ઘણું કહેવું હતું, બાપુ પણ હંમેશાં લખતા કે પોતે બધું સાંભળવા આતુર છે, પણ હંમેશની જેમ બાપુ પાસે વખત ન હતો. તેઓ કૉંગ્રેસમાંથી નીકળી ગયા હતા, પણ રચનાત્મક કામ મોટે પાયે ઉપાડેલું હતું. એક તરફથી અસ્પૃશ્યતા નિવારણ, બીજી તરફ ગ્રામોદ્યોગને સજીવન કરવાની ઝુંબેશ.

મીરાબહેને બાજુના સિંદી ગામમાં સ્વચ્છતાના પાઠ શીખવવા શરૂ કર્યા. જો કે સહેલું નહોતું. ત્યાં સવર્ણો–અછૂતોના કૂવા જુદા હતા. એક વાર મીરાબહેને અછૂતના કૂવાનું પાણી પીધું. તે પછી સવર્ણોના કૂવા પાસે જવા પર પ્રતિબંધ આવ્યો. ત્યાર પછી ત્યાં કોલેરા ફાટી નીકળ્યો. ગંદકીને લીધે વધુ ફેલાયો. મીરાબહેને લોકોની સેવા કરવા માંડી. તે પછી ગામલોકો નરમ પડ્યા. મીરાબહેન જો કે હજી વધારે પછાત ગામડાની શોધમાં હતાં. થોડે દૂર સેગાંવ નામનું ગામડું હતું. મીરાબહેને ત્યાં રહેવા માંડ્યું. આ સેગાંવ એ જ ભવિષ્યનું સેવાગ્રામ.

બાપુ બીમાર પડી વિનોબા પાસે આવ્યા હતા. વિનોબાનો આશ્રમ સેગાંવથી ચારપાંચ માઈલ દૂર હતો. બાપુનું બ્લડપ્રેશર ખૂબ વધી ગયું હતું. મીરાબહેન બાપુ આટલે નજીક આવ્યા તેથી રાજી થયાં, પણ બીમાર પડીને આવ્યા હતા તેથી ચિંતામાં પણ પડ્યાં. પગે ચાલતાં તેઓ બાપુને મળવા ગયાં, પણ '*બાપુની તબિયત વધુ બગડશે*' કહી તેમને મળવા ન દેવાયાં. આ બાપુનો હુકમ હતો કે બીજા કોઈનું ડહાપણ તે સ્પષ્ટ થયું નહીં. મીરાબહેન આઘાતથી દિગ્મૂઢ થઈ ગયાં. *પોતાને મળવાથી બાપુની તબિયત ખરાબ થશે?* આંસુ ખાળી શકાતાં ન હતાં, પણ બાપુ સુધી વાત પહોંચાડવી ન હતી. ગુસ્સો, અકળામણ, વેદના, ચિંતા, ઘવાયેલો પ્રેમ – શું નહીં હોય એ આંસુમાં? તેઓ પાછા ગયાં. થોડા દિવસ પછી જમનાલાલ બજાજનો સંદેશો મળતાં બાપુ પાસે ગયાં. થોડી મિનિટો પછી તેમને જતા રહેવાનું કહેવાયું. તેમણે જોયું કે બીજા તો મુક્તપણે બાપુ પાસે જતા હતા. પોતાને જ આવું બંધન શા માટે? ઉપરથી સૂચના આપવામાં આવી કે મીરાબહેને સેગાંવમાં જ રહેવું, બાપુની તબિયત માટે એ જ સારું રહેશે.

આ આઘાત એવો હતો કે મીરાબહેન વર્ષો સુધી એમાંથી નીકળી શક્યાં નહીં. માનસિક યંત્રણા વધી જાય ત્યારે તેઓ માંદા પડી જતાં. અત્યારે પણ બીમાર પડ્યાં. બાપુ સાથે ગામડામાં રહી કામ કરવું એ તેમનું સ્વપ્ન હતું. '*ગામડાનું આકર્ષણ ને બાપુ પાસે રહેવાની ઈચ્છા – આ બે વચ્ચે હું ખેંચાયા કરતી. મને થતું, ક્યારેક આ બંને બાબત એકસાથે બનશે.*' તેઓ લખે છે. સેગાંવમાં આવ્યા પછી મીરાબહેનને લાગતું હતું કે બાપુ હવે અહીં આવશે અને તેમની સાથે રહી પોતે સેવા કરશે. પણ વાસ્તવિકતા જુદું જ કહેતી હતી.

તો પણ તેમણે આ ઈચ્છા બાપુ પાસે વ્યક્ત કરી. બાપુએ થોડો વિચાર કરીને જણાવ્યું, '*હું સેગાંવ જઈશ પણ મીરા સેગાંવ છોડશે ત્યાર પછી.*' બાપુ માટે ઝૂંપડી બનાવડાવી મીરાબહેન વરોડા ગામે રહેવા ગયાં. ત્યાંથી સેગાંવ નજીક હતું. પણ બાપુએ અઠવાડિયામાં એક જ વાર મળવાની પરવાનગી આપી હતી. મીરાબહેનથી આ કઠોરતા સહન થતી ન હતી. બીજી તરફ બાપુ આવ્યા એટલે સેગાંવમાં લોકો ભેગા થવા માંડ્યા. નાનો સરખો આશ્રમ ઊભો થયો, જેમાં બધા માટે જગ્યા હતી, માત્ર મીરાબહેન માટે ન હતી. બાપુની પરિચર્યા સુશીલા નય્યરે ઉપાડી લીધી હતી. સુશીલા મેડિકલ કૉલેજમાં ભણતી હતી અને ગાંધીજીના ભાવિ સચિવ પ્યારેલાલ નય્યરની બહેન હતી.

આઘાતજનક ઘટનાઓને લીધે

**'બિલવેડ બાપુ'**

ધી ગાંધી-મીરાબેન કોરસ્પોન્ડન્સ

પરિચય અને સંકલન – ત્રિદીપ સુહૃદ, થોમસ વેબર

પ્રકાશક : ઓરિએન્ટલ બ્લેક સ્વાન પ્રા. લિ.

૧/૨૪, અસફઅલી રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૨.

Email : delhi@orientalblackswan.com

પ્રથમ આવૃત્તિ-૨૦૧૪, પૃષ્ઠ ૫૩૫. કિંમત રૂ. ૯૫૦.

મીરાબહેન ફરી બીમાર પડ્યાં. બાપુ જાતે જઈને તેમને સેગાંવ લઈ આવ્યા. બળદગાડાની મીરાબહેનને અંદર સૂવાડી પોતે પાછળ ચાલતા આવ્યા. સેગાંવ આવીને મીરાબહેનની સારવાર બાપુએ જાતે કરી. ધીરે ધીરે મીરાબહેન સાજા થયાં. બાપુએ સેગાંવમાં રહેવાની પરવાનગી આપી. પણ સ્થિતિ ઉપેક્ષિત જેવી હતી. બાપુની દેખભાળ કરવા માટ સુશીલા ઉપરાંત જયપ્રકાશ નારાયણના પત્ની પ્રભાવતી, બેગમ અમતુસ્સલામ, લીલાવતી અને રાજકુમારી અમૃતકૌર પણ હતાં. મીરાબહેનના ભાગે બેત્રણ બાળકોને કાંતતા શીખવવા સિવાય કોઈ કામ ન આવ્યું. મીરાબહેનને ખાદીકામ ઓછું ગમતું. તેમને વધુ રસ પશુપાલનમાં હતો.

અંદર ઉપેક્ષાનું દર્દ, બહાર હેતુશૂન્યતા. બાપુની પરવાનગી લઈ મીરાબહેન પહેલાં સરહદ પ્રાંતમાં અને પછી બિહાર ગયાં. પણ બાપુનો વિયોગ ખૂબ સાલતો હતો. બાપુએ અઠવાડિયામાં એક જ પત્ર લખવાની છૂટ આપી અને પોસ્ટકાર્ડથી ચાલતું હોય તો પોસ્ટકાર્ડથી જ પતાવવું તેવું પણ સૂચવ્યું. લખ્યું, *'તું સેગાંવ પાછી ભાગી આવે તે કરતાં ત્યાં કામ કરતાં ખલાસ થઈ જાય તેમ હું ઈચ્છું છું.'* ઉપરાંત, *'તું મારી આંખથી* દૂર *છે. મનથી* દૂર *નથી.'* બાપુનું વલણ મીરાબહેન સમજી શકતાં ન હતાં.

મીરાબહેન સરહદ પ્રાંતમાં હતાં ત્યારે ગાંધીજી પાસે પૃથ્વીસિંહનું આગમન થયું. એ ૧૯૩૮ની સાલ હતી. પૃથ્વીસિંહ પાંચ હાથ પૂરા પ્રભાવશાળી પંજાબી પુરુષ હતા. રાષ્ટ્રવાદી, ક્રાંતિકારી હતા. બાબા પૃથ્વીસિંહ આઝાદ તરીકે જાણીતા હતા. બ્રિટિશ પોલિસથી બચવા અમેરિકા ચાલ્યા ગયા હતા. ત્યાં ગદર પાર્ટી સાથે કામ કર્યું, પછી પાછા ભારત આવી લાહોર કાવતરામાં જોડાયા, પકડાયા, ફાંસીની સજા થઈ. પછીથી જનમટીપ આપી આંદામાન મોકલી દેવાયા, ફરી ભારતમાં લવાયા. ૧૯૨૨માં તેઓ જેલમાંથી ભાગી ગયા. ૧૬ વર્ષના ભૂગર્ભવાસ પછી તે અહિંસા તરફ વળ્યા હતા અને ગાંધીજી પાસે આવ્યા હતા.

સરહદપ્રાંત અને બિહારમાંથી વર્ધા આવેલાં મીરાબહેનની મુલાકાત પૃથ્વીસિંહ સાથે થઈ ત્યારે એ બેમાંથી કોઈને આવી રહેલા તોફાનનો અણસાર આવ્યો ન હતો. બાપુને પણ નહીં.

સપ્ટેમ્બર ૧૯૩૯માં મીરાબહેનને પૃથ્વીસિંહની આત્મકથાનું અંગ્રેજી સુધારવાનું કામ સોંપાયું. ૧૯૪૦માં સેગાંવ સેવાગ્રામ બન્યું. આ બધો સમય પૃથ્વીસિંહ અને મીરાબહેન ત્યાં જ હતાં. મીરાબહેનને પૃથ્વીસિંહની બહાદુરી, સરળતા અને નિખાલસતા ગમ્યાં. *'આવા કોઈક સાથે કામ કરવાનું ગમે'* તેમને થયું.

પણ વાત એટલી જ ન હતી. પૃથ્વીસિંહની પડછંદ કાયા અને સૌમ્ય વર્તન, ગાંધીજી પાસેથી વારંવાર જાકારો પામીને ઘવાઈ ગયેલા મીરાબહેનના મન પર કામણ કરવા લાગ્યાં હતાં. પૃથ્વીસિંહની હાજરીમાં તેમનું સ્ત્રીત્વ જાગી ઊઠતું. ક્યાંય વહી ન શકેલો અવરુદ્ધ પ્રેમ પૃથ્વીસિંહ તરફ બેકાબૂ થઈને વહી નીકળ્યો. પૃથ્વીસિંહ મીરાબહેનને એટલા ગમી ગયા હતા કે તેઓ તેની સાથે લગ્ન કરવા, તેના બાળકની મા બનવા આતુર થઈ ગયાં. તેમણે પૃથ્વીસિંહને ઉત્કટતાભર્યા પત્રો લખ્યા. પૃથ્વીસિંહ સાથે જન્મોજન્મનો કોઈ સંબંધ છે તેવું તેમને લાગતું હતું. તેને સર્વસ્વ અર્પણ કર્યા વિના રહેવાતું ન હતું.

મીરાબહેને ગાંધીજીને પણ વાત કરી, આશીર્વાદ માગ્યાં. બાપુએ કહ્યું, *'તું પૃથ્વીને પૂર્ણપણે અનુસરજે.'* પણ પૃથ્વીસિંહ? તેને પ્રૌઢ વયે પહોંચેલાં મીરાબહેનમાં એટલો રસ ન હતો. તેમણે બાપુને કહ્યું, *'આશ્રમની સ્ત્રીઓને બહેન માનવાની સલાહ તમે મને આપી હતી. એ અનુસાર હું તો મીરાને બહેનની નજરે જોતો હતો.'* બાપુએ કહ્યું, *'એવી પરંપરા વ્યવસ્થા અને શિસ્ત માટે સર્જેલી છે, તે ખરું; પણ તેનાથી તું અને મીરા ભાઈબહેન નથી થઈ જતાં. તું ઈચ્છે તો મીરાને પરણી શકે છે.'*

પણ પૃથ્વીસિંહ બર્મા ચાલ્યા ગયા. પરણી પણ ગયા. મીરાબહેનનો સામનો કરવાની તેનનામાં હિંમત ન હતી, પણ મીરાબહેન માટે દુઃખ પણ થતું હતું. તેઓ બાપુને પત્રો લખતા, *'મીરા કેમ છે?'* પૂછતા. બાપુએ લખ્યું, *'મીરા આનંદમાં છે, સ્વસ્થ છે, કામમાં પરોવાયેલી છે. તે માને છે કે તમારો સંબંધ જનમોજનમનો છે ને આવતા જન્મમાં પણ તમે બંને મળશો. આ જન્મમાં તું આ ભૂલી ગયો છે તેનું તેને દુઃખ થાય છે.'*

ગાંધીજી સાથે પડી ગયેલું અંતર એ પૃથ્વીસિંહનો નકાર : મીરાબહેનની સ્થિતિ કેવી હશે? *'મારા રસ્તા પર ગાઢ ધુમ્મસ છવાયેલું હતું. મારી પીડાને હું મૌન તિતિક્ષા અને કઠોર પરિશ્રમમાં ભૂલવા મથતી. પ્રાર્થના કરતી કે ઈશ્વર મને શાંતિ આપે.'* આ મૌન પંદર મહિના ચાલ્યું. *'થોડો વખત હું દિવસમાં અડધી કલાક માટે બોલતી, બાકીનો વખત અઠવાડિયામાં બે વાર, જ્યારે બાપુને મળવા જતી ત્યારે પંદર મિનિટ માટે બોલતી.'*

પણ કળ વળતી નહોતી. મીરાબહેનને રોમાં રોલાં સાથેની છેલ્લી મુલાકાત યાદ આવતી. તેને દસ વર્ષ થઈ ગયા હતાં.

જિંદગી પાંચ દાયકાની મજલ કાપી ચૂકી હતી. તેમને ફરી વાર એવો અનુભવ થતો હતો કે ગાંધીજી માટે પોતે પોતાની જાતને શા માટે ભૂંસી નાખી. પૃથ્વીસિંહ પરના એક પત્રમાં તેમણે લખ્યું હતું, *'બાપુનો પ્રેમ મારા પર શાસન કરે છે. મારા કાર્યોને જ નહીં, મારા વિચારો અને લાગણીઓને પણ તે કબજામાં લે છે. તેમની શિસ્ત અને તાલીમે મને ઘણું શીખવ્યું, પણ તે મારી આત્મનિર્ભરતાના ભોગે થયું. બાપુ પાસે આવતા પહેલાં હું સ્વતંત્ર, મુક્ત ઊર્જાથી છલકતી, આત્મનિર્ભર હતી. એ હું આજે ક્યાંય નથી. પૃથ્વી, તું આવ્યો અને મારી વિસ્મૃત ચેતના ફરી જીવંત થઈ.'* જોકે પૃથ્વીનું વલણ સ્પષ્ટ હતું. તેઓ મીરાબહેનને ચાહતા ન હતા. મદદ પણ કરી શકે તેમ ન હતું.

પણ વાત અહીં પૂરી થતી ન હતી. પૃથ્વીસિંહ ગયા, મીરાબહેને મૌન એકાંતવાસ ઓઢી લીધો ત્યાર પછી દોઢ વર્ષે બાપુએ સરદાર પટેલને લખ્યું, *'મારો અને પૃથ્વીનો અનુબંધ પૂરો થાય છે. અમારી વચ્ચે હવે વિશ્વાસ રહ્યો નથી.' 'પૃથ્વીસિંહ અંગત લાભ માટે મારો હવાલો આપતો હતો. તે ફરી હિંસા તરફ વળ્યો હતો અને મીરા દ્વારા મને જીતી લેવાની દાનત રાખતો હતો. તેણે બે સ્ત્રીઓને પોતાની મોહજાળમાં ફસાવી હતી જેમાંની એકને તે પરણી ગયો.'* મીરાબહેનને પણ લખ્યું, *'પૃથ્વી વિશે વિશ્વસનીય સ્રોતો દ્વારા જે જાણવા મળ્યું છે તે નકારાત્મક છે. તેણે જેલમાંથી મને લખેલા પત્રો અને અહિંસા તરફ વળવાની વાતો તેની યોજનાનો એક ભાગ હતી. ક્યાંક સ્થિર થવા અને એ યોજના પાર પાડવા તેણે મારો ઉપયોગ કરવા ધાર્યું હતું.'*

આ ચેતવણી હતી? મીરાબહેનને પકડી રાખવાની વાત હતી? ૧૯૪૬ની શરૂઆતમાં બાપુ છેલ્લીવાર મીરાબહેન પાસે પૃથ્વીસિંહનો ઉલ્લેખ કરે છે: *'હું પૃથ્વીસિંહ વિશે કંઈ બોલવા માગતો નથી. મને તેના તરફ પૂર્વગ્રહ બંધાયો છે. ઈશ્વર બીજી બાબતોની જેમ આ બાબતમાં પણ તને દોરશે અને રક્ષા કરશે.'*

મીરાબહેન મૌન સેવી રહ્યાં. પૃથ્વીસિંહ તો આવીને ચાલ્યા ગયા હતા, પણ મીરાબહેનનું તેમના પ્રત્યેનું આકર્ષણ બાપુ અને મીરાબહેન વચ્ચે ખૂબ તાણ ઊભી કરી ગયું હતું. બીજી તરફ આશ્રમના ટ્રસ્ટીઓ મીરાબહેન પર વિશ્વાસ ગુમાવવા લાગ્યા હતા. *'તમારા પૈસા અહીં પડ્યા છે તે લઈને ચાલ્યા જાઓ.'* એવી સૂચના મળવા લાગી.

આ તરફ મીરાબહેન શિવાલિક ટેકરીઓમાં આવેલા એક નાના આશ્રમમાં થોડું રહી આવ્યાં. તેમનું મન ઘાયલ હતું. અશાંત, અસહાય હતું. અર્થહીનતા અનુભવતું હતું. મીરાબહેન પાછા સેવાગ્રામ આવ્યાં અને ચિંતન-પ્રાર્થના-કાંતણમાં મન પરોવવા કોશિશ કરી. ટ્રસ્ટીઓ તેમને અહીંથી કાઢવા ઈચ્છતા હતા. મીરાબહેનને થયું, *'જંગલમાં જઈ રહેવું, છાપાં ન વાંચવાં, વેદ વગેરે વાંચવું ને બાપુ સિવાય કોઈ સાથે પત્રવ્યવહાર પણ ન રાખવો.'* તેઓ ફરી હિમાલય ચાલ્યા ગયાં. લાલા કનૈયાલાલે પોતાની એસ્ટેટમાં મીરાબહેનને ઝૂંપડી બનાવી આપી. પત્રવ્યવહાર ચાલતો જ હતો. *'તારા મનમાં થઈ રહેલી મથામણ હું સમજું છું.'* બાપુએ લખ્યું. *'પ્રકૃતિના સાન્નિધ્યમાં મન શાતા અનુભવે છે.'* મીરાબહેને ઉત્તર આપ્યો.

થોડા મહિના ત્યાં ગાળી મીરાબહેન વરોડા પાછા આવ્યા ને પોતાના ખાલી ઝૂંપડામાં રહેવા લાગ્યાં. ચુરવાડ, સેવાગ્રામ રહ્યાં. સેવાગ્રામની ઝૂંપડીમાં દેડકા, વીંછી, સાપ આવતા. મીરાબહેન એમને પકડતાં અને એમની સાથે રહેતાં શીખી ગયા હતાં.

દર્દ અને આંસુના એક વિસ્ફોટ પછી મૌન તૂટ્યું ત્યારે જાપાન બર્મા સુધી આવી પહોંચ્યું હતું. લોકો ડરી ગયા હતા. ૧૯૪૨ની મહાસભામાં બાપુને ચળવળનું નેતૃત્વ કરવા વિનંતી કરવામાં આવી. બાપુએ વિનંતી સ્વીકારી–પોતાની રીતે આંદોલન ચલાવવાની શરતે. અંગ્રેજ સરકારે ક્રિપ્સ યોજના મૂકી. મીરાબહેન નવસારી જઈ સ્ત્રીઓ માટે શિબિર કરવાના કામમાં જોડાયાં. સંયુક્ત રાષ્ટ્રો ભારતને યુદ્ધના થાણા તરીકે વાપરી ભારતની પ્રજાના મોંએથી છેલ્લા કોળિયા ઝૂંટવતા હતા. વિદેશથી મોટી ફોજો ભારતમાં ઊતરતી. ભારતના યુવાનોને લડવા મોકલાતા. આ બધા પછી યે આઝાદી આપવાની કોઈ વાત ન હતી. બાપુ લેખો, મુલાકાતો, ભાષણોમાં સતત રોકાયેલા રહેતા. પ્રજા કદી ન હતી તેટલી જાગૃત બની હતી.

આ સંજોગોમાં મીરાબહેન પર આશ્રમ છોડવાનું દબાણ આવ્યું હતું. તેઓ પોતાના પૈસા લઈ તેનાથી હિમાલયમાં સ્વતંત્ર કામ શરૂ કરવા માગતા હતાં. બાપુએ હા તો પાડી, પછી લખ્યું, *'મારી અસંમતિ છતાં ચાલતી તારી પ્રવૃત્તિમાં હું સામેલ નથી.'* મીરાબહેને લખ્યું, *'એક તરફથી તમે મને સ્વતંત્ર કરો છો, મારા પૈસા આપી દો છો. એ પૈસાને જો હું વાપરું તો જાહેર અસંમતિ દર્શાવો છો કે પછી મને મારી રીતે કામ કરતી રોકો છો. આ શું?'*

## મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ

### 'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી ૨૦૧૬નો વિશિષ્ટ અંક ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે

આ વિશિષ્ટ અંકનું સંકલન કરશે ગાંધી જીવન અને ગાંધી સાહિત્યના અભ્યાસી ગાંધી વંશજ શ્રીમતી સોનલ પરીખ.

પૂ. ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન સ્વાતંત્ર્ય, શિક્ષણ, રાજકીય, આધ્યાત્મિક, સાહિત્ય વગેરે અનેક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું. આ યાત્રામાં એમને અનેક મહાન આત્માનો સાથ મળ્યો અને ગાંધીજીની વિચારધારા દ્વારા એ મહાનુભાવોનું અને એને પરિણામે સમગ્ર ભારતનું ઘડતર થયું અને દેશ અને સમાજને એક નવી દીશા મળી.

આ વિષયમાં અનેક વિદ્વાન લેખકોની કલમે લખાયેલ લેખો આ અંકમાં પ્રગટ થશે.

અભ્યાસુ લેખકોને આ સંદર્ભે શ્રીમતી સોનલ પરીખનો સંપર્ક કરવા વિનંતિ. -09221400688.

–તંત્રી

આ ગાળાના બાપુના પત્રોમાં લોહી કાઢે તેવી ઠંડી ધાર છે. 'ચિ. મીરા' ના સ્થાને 'ડિયર મિસ સ્લેડ' એવું સંબોધન પણ આવી જાય છે. પછી માફી પણ માગે છે.

બાપુનું આ વલણ મીરાબહેનને જ નહીં, આપણને પણ સમજાતું નથી. અને સમજાતો નથી એમનો અને મીરાબહેનનો સંબંધ પણ. શું મીરાબહેનનો પ્રેમ મૂર્તિપૂજક હતો? બિથોવન, બાપુ, પૃથ્વીસિંહ–કોઈ નક્કર આધાર વગર તેમને ચાલતું ન હતું? દેશની ચિંતાથી ગ્રસ્ત, મોટા પડકારોનો સામનો કરી રહેલા બાપુને મીરાબહેનની આ અસહાય દશા ભારરૂપ, પોતાના અસ્તિત્વ પર આક્રમણ રૂપ લાગતી હતી? બંને વચ્ચે ઘટનાઓ જ નહીં, સ્થળાંતરો પણ હતા, લોકો પણ હતા. તેને લીધે પરિસ્થિતિ વધુ મુશ્કેલ, વળ ચઢાવનારી બની જતી હતી? કે પછી બંનેની એકબીજા પાસેની અપેક્ષાનો આટલી નિકટતા છતાં મેળ પડતો ન હતો?

અનુમાનથી વિશેષ કશું કરી શકવાની સ્થિતિમાં આવી શકાતું નથી.

લડત પૂરજોશમાં ચાલી રહી છે. વ્યક્તિગત બાબતો પર ધ્યાન દેવાની બાપુને ઝાઝી ફુરસદ નથી. પોતાના ઘા પર મીરાએ પોતે જ મલમ લગાડવાનો છે. પત્રો કે આત્મકથામાંથી પૃથ્વીસિંહ પ્રકરણનું અને મીરા અને મહાત્માના દીર્ઘ અને વિવિધરંગી સંબંધોનું પૂરું ચિત્ર મળતું નથી, છતાં ઘટનાઓ ઘણું સૂચવી જાય છે. બાપુ સતત મીરાબહેનને એક અંતર પર રાખે છે. નથી ત્યાંથી દૂર જવા દેતા, નથી તેનાથી પાસે આવવા દેતા. મીરાબહેનનું ઉત્કટ સમર્પણ વારેવારે નજીક આવવા માથું પછાડે છે અને પછી પછડાટ ખાઈને દૂર થાય છે. મન પર પથ્થર મૂકી ત્યાર પછી તેઓ દેશની સેવામાં પરોવાઈ જાય છે.

દેશમાં શું ચાલતું હતું? સ્વાતંત્ર્ય પૂર્વેની સૌથી મોટી રાજકીય ચળવળ 'હિંદ છોડો' તેની ચરમ સીમાએ હતી. બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જાપાન પૂર્વ સીમાની નજીક આવી ગયું હતું. મીરાબહેનને થયું કે પોતે પડદા પાછળ રહી જાપાનને અટકાવે તેવું અહિંસક બળ ઊભું કરવા માટે કામ કરે. તેમણે બાપુને આ લખ્યું. બાપુએ જવાબ આપ્યો, *'તરત આવી જા.'* બીજી જ ટ્રેન લઈ મીરાબહેન વર્ધા પહોંચ્યા. પહોંચ્યા તેવા જ ગાંધીજીએ હાથમાં થોડા કાગળ મૂક્યા. એ હિંદ છોડો ઠરાવનો મૂળ ખરડો હતો. એ લઈને મીરાબહેન અલાહાબાદ ગયાં અને જવાહરલાલ અને મૌલાનાને મળી એ ખરડો તેમને આપ્યો.

આ ઘટના બાપુ અને મીરાબહેન એકબીજાને કેટલું સમજતા હતાં તે દર્શાવે છે. ખરડો લઈ તેમણે મીરાબહેનને મોકલ્યા, બીજા કોઈને નહીં. મીરાબહેન લખે છે, *'મેં કાર્યવાહક સમિતિ પાસે ખરડો વાંચ્યો. આટલો મોટો ઠરાવ ને બાપુ હાજર નહીં. બાપુની હાજરીના પ્રભાવ વગર આવા મહત્ત્વના પ્રશ્ન પર એકમત થઈ કોઈ ચોક્કસ નિર્ણય પર આવવાની સભ્યોની શક્તિની આ કસોટી હતી. આ જ કારણથી બાપુ ગેરહાજર રહ્યા હશે.'* સભ્યોએ ચર્ચા કરી સુધારેલો ઠરાવ બાપુને મોકલ્યો. બાપુને બહુ સંતોષ ન થયો, પણ બોલ્યા, 'ચાલશે.'

સેવાગ્રામ પાછા આવ્યા પછી બાપુએ મીરાબહેન સામે ત્રણ વિકલ્પ મૂક્યા : મદ્રાસ જઈ રાજગોપાલાચારીને સમજાવવા, દિલ્હી જઈ વાઈસરોયને સમજાવવા, ઓરિસ્સા જઈ જાપાનના આક્રમણ સામે અહિંસક અસહકાર આંદોલન માટે લોકોને તૈયાર કરવા. એક પળ પણ વિચાર્યા વિના મીરાબહેને ત્રીજો વિકલ્પ પસંદ કર્યો અને ઓરિસ્સા ચાલ્યા ગયા. ઓરિસ્સાનું કામ ઘણું ઉપયોગી ને પ્રશંસનીય સાબિત થયું. ફળસ્વરૂપ મીરાબહેનની ધરપકડ થઈ અને તેમને પૂનાના આગાખાન પેલેસમાં બાપુ સાથે જેલવાસ ભોગવવાનો થયો. 'હિંદ છોડો'ની ચળવળને પરિણામે બાપુ અને અમુક સાથીઓને આગાખાન પેલેસમાં પૂરવામાં આવ્યા હતા. આ જેલવાસ બે વર્ષ લાંબો હતો. આ ગાળામાં મહાદેવભાઈ અને કસ્તૂરબા વારાફરતી મૃત્યુ પામ્યાં.

**(ક્રમશઃ)**

મોબાઈલ : ૦૯૨૧૧૪૦૦૬૮૮

## અતીતનું કરુણાભીનું પૃષ્ટ

'પ્રબુદ્ધ જીવન' ઑક્ટોબર ૨૦૧૫નો અંક મળ્યો. હંમેશની જેમ તે વાંચતાં આનંદ આવ્યો. બેન સોનલ પરીખનો લેખ 'આગમન' વાંચ્યો. આ છે વાત મિસ મેડલીન સ્લેડ (મીરાબેન)ના ભારત આવવાની. મીરાબેને આ વિશ્વમાંથી વિદાય લીધી તે સમયનો પ્રસંગ મેં મારા પ્રવાસવર્ણન 'પેરિસથી વિયેના'માં નીચે પ્રમાણે ટાંક્યો છે:

''વળી પાછા મ્યૂનિક સ્ટેશન પર પહોંચી ગયાં. જર્મનીની સરહદ છોડીને જેવું ઑસ્ટ્રિયામાં દાખલ થઈએ તેવું જ પહેલું સ્ટેશન આવે બ્રાઉનો. મને યાદ આવ્યું : અરે! આ તો ઐતિહાસિક ગામ છે. હિટલર અહીં જન્મેલો. હિટલર મૂળ જર્મન નહોતો. ઑસ્ટ્રિયાનો હતો. અને અહીંયા જ ગાંધીજીના સાથી મીરાબેન પણ છે. મેં ચંદાને કહ્યું, 'ચાલો, ઊતરી પડીએ. અહીંયા હિટલરનું ગામ જોઈએ અને મીરાબેનને મળીએ.'

અમે હિટલરના જન્મસ્થાનના ઘર માટે દસેક જણને પૂછ્યું., પણ કોઈએ જવાબ આપ્યો નહીં. મીરાબેનનું ઘર અમે શોધી કાઢ્યું. એક પારિચારિકા એમની સેવામાં હતી. તેણે કહ્યું, 'મીરાબેનને તો મળી શકાય એમ છે જ નહીં. તે તો બેભાન અવસ્થામાં છે.'

એક રૂમમાં ખાટલા ઉપર હતાં. અમને કાચની બારીમાંથી એમનાં દર્શન કરાવ્યાં. તેથી વધુ કાંઈ બની શક્યું નહીં.''

**☐ મોહનભાઈ પટેલ**
મુંબઈના માજી શેરીફ
ફોન : ૦૨૨ ૨૦૧૪૨૭૨૫
૦૨૨ ૨૬૧૪૪૭૩૫

# જૈન ધર્મમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ

☐ મહાશતાવધાની મુનિશ્રી અજિતચંદ્ર સાગરજી મ.સા.

*[ **પૂ. અજિતચંદ્ર સાગરજીનો પરિચય :** પૂજ્યપાદ બહુશ્રુત આગમોદ્ધારકશ્રીના સમુદાયના આ મુનિશ્રીએ ૧૨ વર્ષની વયે દીક્ષીત થઈ જૈન દર્શનના અભ્યાસ સાથે વ્યાકરણ-ન્યાય-કાવ્યનો અભ્યાસ કર્યો છે. ૮ વર્ષ સુધી મૌનપૂર્વક જ્ઞાન-ધ્યાન સાધનાના માધ્યમે ૨૨ આગમો કંઠસ્થ કર્યા છે. ૨૧મી સદીમાં સર્વ પ્રથમવાર સ્વયંભૂ શતાવધાન-મહાશતાવધાન અને અર્ધ સહસ્રાવધાન કરી સમગ્ર વિશ્વના બૌદ્ધિક વર્ગને આકર્ષ્યા છે. સરસ્વતી સાધનાના માધ્યમે માઈન્ડ અને મોરલ સુધારવા માટે રિસર્ચ ન્યુરો ડૉ.ના માધ્યમે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કરી રહ્યા છે. લગભગ ૨૫ હજાર વિદ્યાર્થીઓને સરસ્વતી સાધના પ્રદાન કરી છે. ]*

જૈન ધર્મના આચારમાં, જૈન ધર્મના વિચારમાં જૈન ધર્મની ક્રિયામાં, કલામાં, સ્થાપત્યમાં, જૈન ધર્મની સંપૂર્ણ જીવનશૈલીમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સમાયેલો છે.

જે સંદર્ભમાં વિજ્ઞાન હજુય સ્પષ્ટ તારણ ઉપર નથી આવી શક્યું તે અંગે જૈન ધર્મએ સદીઓથી સૈદ્ધાંતિક પ્રરૂપણા કરી છે. જ્યારે જૈન ધર્મને ઊંડાણથી તપાસીએ છીએ ત્યારે આજનું વિજ્ઞાન તો ઘૂંટણીયે ચાલતું બાળક જ લાગે છે.

હવે વિજ્ઞાન પશુસૃષ્ટિ અને વૃક્ષસૃષ્ટિને બચાવવાની ટહેલ નાખે છે. વિજ્ઞાનના મતાનુસાર એ પશુઓને અને વૃક્ષોને સાચવશું નહીં તો આવનારી પેઢીનું જનજીવન જરૂર ખોરવાશે...જ્યારે જૈન ધર્મએ આ અંગે સદીઓથી પુરુષાર્થ આદર્યો છે. જીવહિંસા અને વૃક્ષ વિનાશને મહા આરંભ-સમારંભ રૂપે ગણાવ્યો છે. સાથોસાથ 'અહિંસા પરમોધર્મ:'નો ઘોષ વહેતો કર્યો છે. એટલું જ નહીં પશુસૃષ્ટિ અને વૃક્ષસૃષ્ટિનું સન્માન પણ જૈન ધર્મમાં અનોખું છે. અહીં દરેક તીર્થંકર ભગવંતોના લાંછનો પશુ કે પક્ષી જ છે. દરેક તીર્થંકર ભગવંતોને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ વૃક્ષ નીચે જ થઈ છે. શ્રી ઋષભ દેવપ્રભુએ રાયણ વૃક્ષ નીચે બેસીને દેશના ફરમાવી હતી અને તે પણ ૯૯ પૂર્વવાર (આંકડામાં ૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦૦૦=૯૯ પૂર્વ) દરેક તીર્થંકર ભગવંતોએ દીક્ષા પણ વૃક્ષ નીચે જ લીધી હતી. એટલું જ નહીં બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુએ તો પશુઓનો પોકાર સાંભળી લગ્નની જાન પાછી વળાવી હતી. અર્થાત્ વિજ્ઞાન જે બાબતે હવે જાગૃતિ ફેલાવવા પ્રયત્ન કરે છે, તે અંગે જૈન ધર્મએ તો હજારો વર્ષ પૂર્વે જ મજબૂતીથી રજૂઆતો કરી છે.

જૈન ધર્મએ એક વાત વિશ્વ ફલક ઉપર રજૂ કરી કે વનસ્પતિ પણ સજીવ છે. હજારો વર્ષ સુધી આ વાત માત્ર ને માત્ર 'જૈન ધર્મની માન્યતા' રૂપે રહી. પરંતુ ગઈ સદીમાં ડૉ. જગદીશચંદ્ર બોઝે પ્રયોગો કરીને એ વાત સાબિત કરી બતાવી કે વનસ્પતિ પણ સજીવ છે. આથી જૈન ધર્મની માન્યતાને વૈજ્ઞાનિક આધાર મળ્યો.

સમસ્ત સૃષ્ટિમાં એક માત્ર જૈન ધર્મ એવો છે કે જે કહે છે- 'પરસ્પરોપગ્રહો જીવાનાં' આવી મૈલિક વિચારધારા અન્ય કોઈ દર્શન પાસે નથી. જૈન ધર્મ કહે છે–પૃથ્વીમાં પણ જીવ છે. અને આથી એની હત્યા ન કરો–એને નુકશાન ન પહોંચાડો. આજે સદીઓ બાદ વિજ્ઞાન પણ આ વાતને સ્વીકારે છે કે જમીનમાં પણ જમીનના કોષ જીવંત હોય છે. જ્યારે ખેતી વિગેરે માટે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે છે ત્યારે જમીનના જીવંત કોષો મૃત બનતા જાય છે. આમ જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખેતીથી ઉજ્જડ બનેલી જમીનને જોઈને વિજ્ઞાને પણ સજીવ ખેતી– સેન્દ્રિય ખાતર વિગેરેની વાતો અસ્તિત્વમાં – પ્રકાશમાં લાવવા પ્રયાસો હાથ ધર્યા.

જૈન ધર્મમાં તો જણાવ્યું છે કે મંદિરનું, દેરાસરનું નિર્માણ કરવું છે તો પહેલાં તે પૃથ્વીની અનુજ્ઞા માગો, ક્ષમા માગો, પૂજા કરો અને ક્ષમા માગી અનુમતિ લઈને પછી જિનાલય અંગેની આગામી કાર્યવાહી હાથ ધરવી.

જૈન ધર્મની ક્રિયાઓ પણ ઘણી જ અદ્‌ભુત છે. ક્રિયામાં આવતું ખમાસમણ શ્રી વૈરાગ્ય કલ્પલતા નામના ગ્રંથમાં જણાવ્યું છે કે ખમાસમણ શુદ્ધ વિધિપૂર્વક આપવામાં આવે તો એ શરીરમાં મૂલબંધ- જાલંધરબંધ-ઉડ્ડીયાન બંધ ત્રણેયનો લાભ કરાવે છે. યોગની દૃષ્ટિએ આ ત્રણેય બંધ સ્વાસ્થ્ય માટે ઘણા ઉપયોગી અને આવશ્યક છે. આમ વિધિપૂર્વકનું ખમાસમણ આધ્યાત્મિક દૃષ્ટિએ તો લાભપ્રદ બને જ છે પણ શારીરિક દૃષ્ટિએ પણ ઘણું હિતકારી બને છે.

કાયોત્સર્ગ પણ ઘણી ગહન સાધના પદ્ધતિ છે. શરીરના સ્તરથી ઉપર હઠી આત્માના સ્તર સુધીની યાત્રા અને આત્મામાં સ્થિર થવાની ગુરુચાવી એટલે કાયોત્સર્ગ. કાયા એટલે શરીર અને ઉત્સર્ગ એટલે ત્યાગ. જે ક્રિયા દ્વારા આપણે કાયાના મમત્વનો ત્યાગ કરી આત્મહીન- આત્મલીન બનવાનો રાજમાર્ગ છે

**જૈન ધર્મ 'સ્વદ્રવ્ય' નહીં પણ 'ન્યાય સંપન્ન દ્રવ્ય'ની વાત કરે છે.**

કાયોત્સર્ગ.

ભગવાન મહાવીરને પોતાની સાધના દરમ્યાન ગોવાળે આવીને કાનમાં ખીલા ઠોક્યા અને છતાંય તેઓ ભયંકર વેદના વચ્ચે પણ સ્વસ્થ રહી શક્યા. શરીરના સ્તરે ઘટિત થતી તમામ ઘટનાઓને માત્ર શરીર પૂરતી જ સીમિત રાખવાનું મહાન મનોવિજ્ઞાન માત્ર જિન શાસનની દેણ છે. વિજ્ઞાન હવે એનેસ્થેસિયા વિગેરેની શોધ કરી શરીર અને મનના કનેક્શનને ડિસ્કનેક્ટ કરવાની વાત કરે છે. જ્યારે જૈન ધર્મએ હજારો વર્ષ પૂર્વે આ સાધના સમાજને શીખવી છે કે શરીરના સ્તરથી ઉપર કેમ ઉઠવું.

શરીરના સ્તરને છોડી આધ્યાત્મિક દૃષ્ટિકોણની વાત કરીએ તો કાયોત્સર્ગ સાતેય ચક્રો અને કુંડલીની શક્તિને જાગૃત કરવાની ગહન સાધના પ્રક્રિયા છે જેમાં આરાધકે પોતાની આધ્યાત્મિક શક્તિને ઉજાગર કરવાની છે.

જૈન ધર્મની પ્રતિક્રમણ ક્રિયા પણ ઘણી રહસ્યમય છે. દિવસ દરમ્યાન લાગેલા તમામ પાપોથી પાછા હટવાની પશ્ચાતાપ ક્રિયાને પ્રતિક્રમણ કહે છે. આજનું વિજ્ઞાન પણ હવે એ વાત સાથે સહમત છે કે જ્યાં સુધી વ્યક્તિને પોતાની ભૂલોનો એકરાર ન થાય ત્યાં સુધી તે વ્યક્તિ અપરાધોથી પાછો હટી શકતો નથી. અપરાધી વૃત્તિનો ખાતમો બોલાવવા સર્વપ્રથમ એ વાત અપરાધીને ખ્યાલમાં હોવી જરૂરી છે કે મારે માટે આ બાબતો હાનિકારક છે. આજે દિન-પ્રતિદિન વધતી જતી ગુનાખોરી અને એકના એક જ ગુનેગારો દ્વારા થતી પુનઃ પુનઃ ગુનાખોરીથી આખુંય વિશ્વ ત્રસ્ત છે ત્યારે જૈનધર્મ એક મૌલિક વિચારધારા રજૂ કરે છે. પ્રતિક્રમણ કરો - અપરાધી માનસનું પરિવર્તન કરો.

જૈન ધર્મના તપમાં પણ ઘણી વૈજ્ઞાનિકતા સમાયેલી છે. આ ધરતી ઉપર થયેલા એક માત્ર ભગવાન મહાવીર જ એવા મહાપુરુષ છે જેમણે ઉણોદરીને પણ તપ કહ્યો છે. ભૂખ્યા રહેવું કે શરીરને કષ્ટ આપવું એને તો દુનિયા પણ 'તપ' કહે છે. પરંતુ ખાધા પછી પણ ૨-૪ કોળીયા બાકી હોય ત્યારે જ ભોજન સમેટી લેવું, પેટ ભરીને ન ખાવું એ પણ 'ઉણોદરી' તપ છે. જ્યારે આજનું વિજ્ઞાન - ડૉક્ટર પણ એ વાત કબૂલી રહ્યા છે કે જેટલા માણસો ભૂખમરાથી નથી મરતા તેનાથી વધુ અકળાઈને ખાનારા મરી રહ્યા છે. ખાવામાં સંયમ આધ્યાત્મિક દૃષ્ટિએ તો લાભદાયી હશે જ પરંતુ એથી આગળ શારીરિક દૃષ્ટિએ પણ ઘણો લાભદાયી છે. આહાર ઉપરના અસંયમથી શરીરમાં આવતી સ્થૂલતા-જડતા વ્યક્તિને કાળક્રમે રોગી બનાવે છે અને એ જ ક્રમ આગળ વધે તો આયુષ્ય પણ ટૂંકાવે છે. વિશ્વ આખુંય જ્યારે રોજ-રોજ નવા ઉગી નીકળતા રોગોથી વ્યથિત છે ત્યારે જૈનધર્મએ એનો રામબાણ ઇલાજ સદીઓ પૂર્વે જ જણાવ્યો છે અને તે છે 'ઉણોદરી' તપ.

સદીઓથી વિજ્ઞાને 'આત્મા'-'પુનર્જન્મ' વિગેરે બાબતે નનૈયો જ ભણ્યો છે. વિજ્ઞાન અત્યાર સુધી આ બાબતોને હંમેશાં કપોળ કલ્પિત જ માનતું આવ્યું છે. પરંતુ હમણાં જ થોડાં વર્ષો પહેલાં અસાધ્ય રોગોના નિવારણ માટે વિજ્ઞાને પોતે રિસર્ચ શરૂ કરી જેમાંથી 'પાસ્ટ લાઈફ રીગ્રેશન થેરાપી'નો જન્મ થયો. અર્થાત્ તમારા પૂર્વજન્મોનું સ્મરણ કરાવી શકતી થેરાપી; અને હવે આ વાત વિજ્ઞાને સ્વીકારવી જ રહી કે આત્મા છે. જ્યારે આ અંગે જૈન ધર્મએ હજારો વર્ષ પૂર્વે એક સત્ય-તથ્ય રજૂ કરેલું કે 'આત્મા છે'-'પરલોક છે' અને આત્મા પોતાના કર્મોને અનુસાર પછીનો જન્મ ધારણ પણ કરી શકે છે. અર્થાત્ પુનર્જન્મ-પૂર્વજન્મ વિગેરે તમામ વાતો જૈનધર્મએ કરી હતી. એટલું જ નહીં તમારા પૂર્વજન્મની યાદોને તમે 'તાજી' પણ કરી શકો છો. જેને 'જાતિસ્મરણ' જ્ઞાન કહેવાય છે. જે વાત વિજ્ઞાન હવે સમજ્યું તેવી વાતો જૈન ધર્મના સિદ્ધાંત રૂપે સદીઓથી છે.

એટલું જ નહીં જૈન ધર્મની જીવન શૈલી પણ ઘણી જ વિજ્ઞાન સભર છે. જગતના દરેક ધર્મો ભગવાન પાસે સુખ-સમૃદ્ધિની માગણી કરે છે ત્યારે જૈન ધર્મ ભગવાન પાસે 'સમાધિ મરણ'ની ડીમાન્ડ કરે છે. જીવનમાં ખુમારી અને મરણમાં સમાધિની અદ્‌ભુત વાત એ જૈન ધર્મની વિશેષતા છે.

મૃત્યુ એ અલૌકિક ઘટના છે. જીવનભર તમે જે કાંઈ કરો છો તેનો સરવાળો એટલે મૃત્યુ. જીવનભર પાપપ્રવૃત્તિ કરીને જીવનને અંતે આપણે ભગવાનને યાદ કરીશું એવું માનનારા ક્યારેય સફળ નથી બની શકતા, કારણ કે મૃત્યુ જીવનનું પરિણામ બતાવે છે-સરવાળો બતાવે છે. સરવાળામાં ઉત્તર એ પ્રમાણે જ આવવાનો કે જે પ્રમાણે ઉપર આંકડા ગોઠવવામાં આવ્યા હોય. આખુંય જીવન કાળાબજાર, ગોરખધંધા, જૂઠ, માયા-પ્રપંચ અને આવી અનેકવિધ પાપકારી પ્રવૃત્તિને અંતે ભગવાન યાદ આવશે એ વાત જ શક્ય નથી. ગાંધીજીને ગોળી વાગી અને તુરત જ મોઢેથી શબ્દો નીકળ્યા 'હે રામ!' જીવનમાં જે રામ-નામનો જાપ કર્યો હતો, જીવનમાં જે મૂલ્યનિષ્ઠ સદાચારો આચર્યા હતા તેનો સરવાળો અંતે આવી ગયો.

જૈનધર્મ સમાધિમરણની વાત કરે છે તો સાથે-સાથે જીવનને અંતે સમાધિ પ્રાપ્ત કેમ થાય? એ માટેની સુંદર જીવનશૈલી પણ જણાવે છે. જેમાં નૈતિકતા, સદાચાર, ન્યાયસંપન્ન વૈભવ આદિ વાતોનો સમાવેશ થાય છે. આજે આપણને ઠેર ઠેર 'સ્વદ્રવ્ય'થી સત્કાર્યો કર્યાના ઉલ્લેખો સાંભળવા મળે છે, જેમકે 'સ્વદ્રવ્યથી જિનાલય નિર્માણ કરાવ્યું' વિગેરે-વિગેરે...જૈન ધર્મ 'સ્વદ્રવ્ય' નહીં પણ 'ન્યાય સંપન્ન દ્રવ્ય'ની વાત કરે છે. ભલે થોડું અને નાનું સત્કાર્ય થાય પરંતુ તે 'ન્યાય' સંપન્ન દ્રવ્યથી થશે તો તેનું પરિણામ ખૂબ જ

સારૂં આવશે...આ સાથે જ સમાજમાં વધતી જતી અશાંતિ-ઉદ્વેગ-ખેદ આ બધું જ અસંતોષને આભારી છે. અને તેનો નિકાલ 'ન્યાય સંપન્ન વૈભવ' દ્વારા જૈનધર્મ જણાવે છે. અપરિગ્રહની પણ વાત કરીને સમાજને શાંતિની અને સમાધિની દિશામાં જૈન ધર્મએ જ અંગુલિ નિર્દેશ કર્યો છે. એક તરફ મૂડીવાદ છે. બીજી તરફ સામ્યવાદ છે. બંનેય 'વાદો' રાષ્ટ્રને અને સમાજને સંતપ્ત રાખે છે ત્યારે જૈન ધર્મ અપરિગ્રહની અમૂલ્ય વાત રજૂ કરે છે.

જીવન અને મરણ શાંતિ અને સમાધિમય કેમ બને? તથા સમાજમાં અને રાષ્ટ્રમાં શાંતિનો લય કેવી રીતે જળવાય? સમસ્ત વિશ્વમાં શાંતિનો રાજમાર્ગ કેવી રીતે સ્થપાય? આ તમામ પ્રશ્નોના સચોટ ઉત્તર આપણને જૈન ધર્મ તરફથી મળી રહ્યા છે.

વિકાસલક્ષી વિજ્ઞાન દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહ્યું છે. છતાંય એક વૈજ્ઞાનિકના સિદ્ધાંત કેટલો સમય સ્થાયી હશે? તે કહી શકાય તેમ નથી. ન્યૂટનની વાતને આઈન્સ્ટાઈન ખોટી સાબિત કરી શકે છે. આ જોતાં એમ લાગે છે કે વિજ્ઞાન હજું નાનું બાળક છે જે ચાલતાં-ચાલતાં ક્યાંક પડી જાય છે. ભૂલ કરી બેસે છે.

વિજ્ઞાન જેમ-જેમ આગળ વધી રહ્યું છે તેની દિશા અંતે જૈનધર્મ તરફ લંબાય છે. યદ્યપિ ઘણાં સહસ્યોને તે શોધવા મથી રહ્યું છે, થોડાં રહસ્યો શોધ્યા પણ છે. પરંતુ હજુ તે અપૂર્ણ છે. આજ રીતે વિજ્ઞાન આગળ વધશે તો એક દિવસ જરૂર તેને શરીરના સ્તરથી આગળ વધી આત્માની વાત સુધી પણ પગલાં ભરવાના શરૂ કરશે અને ભગવાન મહાવીરને વિશ્વના આદ્ય મહાન વૈજ્ઞાનિક ઘોષિત કરે તો પણ આશ્ચર્યની વાત નથી. કારણ કે જૈન ધર્મ બિલકુલ વૈજ્ઞાનિકતા સભર છે. ✷✷✷

## 'વૈષ્ણવજન તો તેને કહીએ...'

# પૂજ્ય મહાત્મા ગાંધીની ૬૮મી પુણ્યતિથિએ શબ્દાંજલિ

❑ પન્નાલાલ છેડા

થોડા દિવસ પહેલાં 'વૈષ્ણવજન તો તેને કહીએ...' નામની નાની પુસ્તિકા મળી. 'કચ્છમિત્ર'માં પ્રસિદ્ધ થયેલ લેખ અને આ કાવ્યના નવતર પ્રકલ્પ દ્વારા સમગ્ર જનસમાજ, ખાસ કરીને બાળકોના જીવનમાં ઉત્તમ માનવીય ગુણોનું આરોપણ થાય એ દૃષ્ટિએ વિવિધ માધ્યમો દ્વારા આ ગીતનો પ્રચાર અને પ્રસાર થાય એ વિષયક સાહિત્ય મળ્યું.

સાહિત્ય તો મારા અભ્યાસકાળના સમયનો વિષય હતો. વર્ષોથી નરસિંહ મહેતાનું આ કાવ્ય વાંચું છું પણ, ક્યારેય નિરાંતે પલાંઠી વાળીને શાંતિથી એ કાવ્યનું અર્થઘટન કર્યું ન હતું. પુસ્તિકા મળતાં, કાવ્ય મમળાવતાં કંઈક નવી જ અનુભૂતિ થઈ.

હમણાં 'જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ' વિષયની છણાવટ કરતો 'પ્રબુદ્ધ જીવન'નો અંક વાંચતો હતો. જૈન ધર્મમાં આત્માના ક્રમિક વિકાસના સામાન્ય કક્ષાથી સર્વોચ્ચ કક્ષા સુધીના મહત્ત્વના ગુણસ્થાનો દ્વારા વ્યક્તિની આત્મરમણતા અને સમભાવી માધ્યસ્થતા, પરીષહો પર વિજય અપાવે છે.

ભગવાન મહાવીર સ્વામીએ આત્મસાધનામાં પ્રવૃત્ત થવા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર વ્રતોનું નિરૂપણ કર્યું છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને જૈન ધર્મમાં પાંચ મૂળ ગુણ રૂપ તરીકે ઓળખવામાં આવ્યા છે. આ ગુણસમૂહો દ્વારા સમતા, ક્ષમા, નમ્રતા, દયા, કરુણા, સરળતા, સંતોષ, વિનય, શાંતિ આદિ અનેક ગુણોનો અભ્યાસ વધતાં ઉત્કૃષ્ટ આચાર સંહિતા પાળવામાં આ ગુણો સહાયરૂપ બને છે. માત્ર જૈન જ નહિ, પ્રત્યેક ધર્મની આવશ્યક ક્રિયાઓમાં પારમિતાને પ્રાપ્ત કરવા માટે અંતિમ લક્ષ્ય હોય છે.

જૈન ધર્મમાં આ વિષયોનું અતિ સૂક્ષ્મ વિશ્લેષણ, વિષયોના અનેક પ્રકારો, પેટા પ્રકારો દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી કરાયું છે. તેમાંય, આહાર પાણીની સૂક્ષ્મ મર્યાદા દુનિયાના અન્ય કોઈ ધર્મમાં જોવા મળતી નથી. ભગવાન મહાવીરે અહિંસાની ભાવનાને માનવ દયા પૂરતી સીમિત ન કરતાં સમગ્ર વિશ્વના તમામ જીવો પ્રતિની દયા સુધી તેને વિસ્તારી છે. સ્પષ્ટ છે કે, હિંસા વિના એક ક્ષણ પણ જીવન ન ટકી શકે એટલે 'અલ્પતમ' હિંસાનું ધ્યેય સ્વીકારાયું છે.

મૂળ વાત કરવી છે 'વૈષ્ણવ જન તો તેને કહીએ' કાવ્યની. ગાંધીજીનું સમગ્ર ભવ્ય જીવન આ ભજનથી પ્રભાવિત છે. તેમણે આ ભજનને માત્ર પોતાની પ્રાર્થના પૂરતું સીમિત ન રાખતાં સમગ્ર ભારતનું ભજન બનાવ્યું. આ ભજનમાં રહેલી ઊંડી માર્મિકતા અને આધ્યાત્મિકતા વિશ્વના તમામ ગ્રંથોના સારરૂપ છે એમ કહીએ તો ખોટું ન ગણાય. શ્રી મોરારીબાપુએ તો આ ભજનને અઢાર અધ્યાયની 'ગીતા' સાથે સરખાવ્યું છે, તેના દરેક ચરણમાં એક એક અધ્યાય જેવું જ્ઞાન ભર્યું છે.

મનમાં સોંસરવા ઊતરી જાય તેવા આ શબ્દો; (૧) જે પીડ પરાઈ જાણે રે (૨) પર દુ:ખે ઉપકાર કરે (૩) મન અભિમાન ન આણે (૪) સકળ લોકમાં સહુને વંદે (૫) નિંદા ન કરે કેની (૬) વાચ-કાછ મન નિશ્ચલ રાખે (૭) સમદૃષ્ટિ (૮) તૃષ્ણા ત્યાગી (૯) પરસ્ત્રી જેને

માતરે (૧૦) જીહ્વા થકી અસત્ય ન બોલે (૧૧) પરધન નવ ઝાલે હાથ (૧૨) મોહ, માયા વ્યાપે નહિ (૧૩) દૃઢ વૈરાગ્ય જેના મનમાં (૧૪) રામનામ શું તાળી લાગી (૧૫) સકળ તીરથ જેના તનમાં (૧૬) વણલોભી (૧૭) કપટરહિત (૧૮) કામક્રોધ નિવાર્યા રે.

ગાંધીજીએ આપણા જીવન વહેવારને ઉપયોગી એવા અગિયાર વ્રતોને જુદાં તારવ્યાં છે. આ અગિયાર વ્રતો એટલે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, જાતમહેનત, અસ્પૃશ્યતા, અભય, સ્વદેશી, અસ્વાદ અને સર્વધર્મસમભાવ. નિરસિંહ મહેતાના કવિકર્મમાંથી ઉદ્‌ભવેલાં આ ગુણોને કારણે ગાંધીજી છાતી ઠોકીને કહી શકતા કે 'ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો ન હોય એવું કદી બન્યું નથી.'

ઉત્તમ માનવ જીવન અને આદર્શ વ્યક્તિત્વની ઓળખ પર પ્રકાશ પાડતું આ માત્ર આધ્યાત્મિક ભજન નથી, મૂલ્ય શિક્ષણ માટેનું ઉત્તમ ભાથું તેમાં સમાયેલું છે. દેશકાળને અનુસરીએ તો સાંપ્રત જીવનમાં આ ગુણો તેની આવશ્યકતા દ્વારા ભગવાન મહાવીરની અહિંસા, પ્રેમ અને કરુણાની ભાવનામાં વ્યક્તિને તેના જીવનમાં એની ચરમ કોટી સુધી પહોંચાડી શકે એવી શક્તિ રહેલી છે.

કાવ્યમાં નથી કોઈ આંટીઘૂંટી, નથી કોઈ ગર્ભિત અર્થો કે અઘરાં શબ્દોની ભરમાર, નથી કોઈ તત્ત્વજ્ઞાન કે વિદ્વતાનો ભાર. સમજવા માટે નથી કોઈ ગુરુના ઉપદેશની જરૂર. એમાં દર્શાવેલ ગુણો માણસને સાચો શ્રાવક બનાવી આપે, સાચો વૈષ્ણવજન બનાવી આપે. નથી એમાં કોઈ નરકનો ભય કે સ્વર્ગની લાલચ, સરળતા અને સચ્ચાઈનો આ મહાગ્રંથ છે.

માનું છું કે કાવ્યમાં રહેલું વિચારોનું મુલાયમ પોત આજના ક્ષેત્ર અને કાળને જરૂર સ્પર્શશે. અશુભ અધ્યવસાયોમાં પડી ગયેલાં ચિત્તને તેનાથી મુક્ત કરીને શુભ ઉચ્ચતમ અધ્યવસાયોમાં પ્રસ્થાપિત કરી આપશે. વ્યક્તિના પુણ્યકર્મોનો પ્રભાવ વધશે. પાપકર્મોનો પ્રભાવ ઘટતો જશે, કષાયોનું ઉપશમન થતું જશે. જીવાત્મા જાણે કર્મરહિત થયો હોય તેવી નિર્મળતા પ્રાપ્ત કરી શકશે.

શાસ્ત્રોને કોઈપણ ધર્મની પરિભાષામાં ઢાળો, અર્થ એક જ હશે; જીવનનું પ્રતિક્ષણે અવલોકન અને દોષોનું શોધન. ✷✷✷

ફોન નં. : ૦૨૨-૨૩૫૨૩૩૨૮. મો. નં. : ૯૮૨૦૨૮૪૦૪૪.

# માવજીભાઈ સાવલા પૂછવા જેવું ઠેકાણું

**☐ ડૉ. ગુલાબ દેઢિયા**

*[ મારો પૂ. માવજીભાઈ સાથેનો લગભગ પચ્ચીસ વરસનો સંબંધ. ગીતા દીદીએ આ અમૂલ્ય સંબંધ મને પકડાવ્યો. એમની સાથેના દીર્ઘ પત્રોની મારી યાત્રાએ મને અંદરથી વિકસાવ્યો છે. 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી સ્વીકારી ત્યારે માવજીભાઈએ મને ગજબનું પ્રોત્સાહન આપ્યું હતું જે વર્તમાન સુધી ધબકતું રહ્યું. સાચેજ માવજીભાઈ પૂછવાનું ઠેકાણું હતું. કચ્છમાં જૈન સાહિત્ય સમારોહ યોજાયો ત્યારે એમના દર્શન કરવાની તક મને મળી હતી. જાણે ગીતાના કોઈ સ્થિતપ્રજ્ઞ ઋષિ! બહુશ્રુત માવજીભાઈ પ્રત્યેક અર્થમાં પ્રાજ્ઞ અને પ્રબુદ્ધ પુરુષ હતા. એમની સાથેના પત્રવ્યવહારોનો સંપૂટ પ્રકાશિત થવો જોઈએ. ગુજરાતી ભાષા અને તત્ત્વજ્ઞાન પિપાસુ માટે એ નજરાણું બની રહેશે.*

*આ દિવાળીના દિવસ દરમ્યાન ગીતા દીદી યોગ શિબિર માટે કચ્છમાં હતાં ત્યારે ફોન ઉપર મેં સૂચન કર્યું કે, 'કચ્છમાં છો તો માવજીભાઈને મળતા આવજો ને!'*

*આવા પ્રાજ્ઞ પુરુષો આપણને અંદરથી બોલાવતા હોય છે. એ ભવ્ય આત્માને કોટિ કોટિ વંદન.*

*ચાલો, ઋજુહૃદયી વિદ્વદ્‌જન ગુલાબભાઈની શબ્દ આંગળી પકડી આપણે માવજીભાઈને મ્હાણીએ.* –**ધનવંત**. ]

કારતક સુદ ચોથના દિવસે, ૧૪ નવેમ્બર ૨૦૧૫ના રોજ, બીજા દિવસની તૈયારી એટલે જ્ઞાન પાંચમની તૈયારી માટે માવજીભાઈ ઉપડી ગયા. આપણા માટે જ્ઞાન પાંચમ કે લાભ પાંચમ વર્ષમાં એક દિવસ આવે પણ એમને માટે તો પ્રત્યેક દિન જ્ઞાન પાંચમ. પ્રત્યેક પળ જ્ઞાનોપાસનાની પળ. ૮૫ વર્ષનું આયખું કેવું ભર્યું ભર્યું, પ્રસન્નતાસભર હોઈ શકે એનો એક જીવતો જાગતો દાખલો આપણે જોયો તે માવજીભાઈ.

તા. ૨૦-૯-૧૯૩૦ના દિને કચ્છના નાની તુંબડી ગામે એમનો જન્મ. માતાનું નામ લાછબાઈ અને પિતાનું નામ કેશવજીભાઈ. પિતાજીની અનાજ કરિયાણાની દુકાન મુંબઈના કાલાચોકી મિલ વિસ્તારમાં. શાળાનો અભ્યાસ મસ્જિદબંદર વિસ્તારની પાલાગલી જૈનશાળામાં. ૧૯૪૯માં માટુંગાની રૂઇયા કૉલેજમાં આર્ટ્‌સના પ્રથમ વર્ષમાં અભ્યાસ અધૂરો છોડ્યો. નોકરી, વ્યવસાય, મુશ્કેલીઓ, અનુભવો, સ્થળાંતર બધું સાથે ચાલ્યું. તે વખતે વિકાસ પામી રહેલા ગાંધીધામ શહેરમાં સ્થાયી થયા. પછી ત્યાં જ પલાંઠી વાળીને બેઠા. ગાંધીધામ અને માવજીભાઈ બે નામ ચાહકોમાં સાથે બોલાય છે.

કૉલેજ છોડી હતી, અભ્યાસનો રસ નહોતો છોડ્યો. તેથી વર્ષો પછી પૂરેપૂરા ગૃહસ્થ થયા બાદ વિદ્યાર્થી બન્યા. ૧૯૬૮માં રાજકોટની

ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાંથી ફિલસૂફીના વિષય સાથે એમ.એ. થયા. દર શનિ-રવિવારે ગાંધીધામથી રાજકોટ વર્ગો ભરવા જતા. એ દર સપ્તાહની લાંબી મુસાફરીઓ વિદ્યાપ્રીતિ દર્શાવે છે.

મીરાંબાઈએ લખ્યું છે: 'બેઠી ઠેકાણું કરી.' મીરાંબાઈએ તો ભક્તિમાં અઠે દ્વારકા કરી હતી. માવજીભાઈએ વિદ્યાનંદમાં બેઠક જમાવી. ચાનો વેપાર કરતી એમની દુકાન "N-45" ચાહકો માટે ચાહની બેઠક બની ગઈ. દુકાનના અંદરના ભાગમાં મોટી ખુરશી પર બેસી એમણે ચર્ચા-વિચારણા, જ્ઞાન-ગોષ્ઠિ, પત્ર લખવા લખાવવાનો અવિરત યજ્ઞ આદર્યો હતો. એમની પાસે જાણીતા કે અજાણ્યા, વિદ્વાન કે ગામડિયા કોઈપણ આવે. નિઃસંકોચ વાત માંડે. ચર્ચા કરે. માવજીભાઈ બધા પાસેથી પામવા તત્પર અને પમાડે પણ ખરા જ. એમના કાન મોટા અને શોભાયમાન હતા. માવજીભાઈ તત્ત્વજ્ઞાનના અઠંગ અભ્યાસી પણ શુષ્ક જરાય નહિ. વાદ કરે વિવાદ ન કરે, સંવાદ કરે. વાંચવામાં તો એમને કોઈ ન પહોંચે. જીવનરસનો જીવ. કલાકારો, સાહિત્યકારો, ચિત્રકારો, અનેકાનેક માટે કચ્છની મુલાકાતમાં આ તીરથ તો ખરું જ.

એમના લેખન અને અનુવાદના પુસ્તકોની સંખ્યા ૭૫થી વધુ છે. હજી અપ્રગટ સાહિત્ય પણ છે.

ગુર્જયેફ, ખલીલ જિબ્રાન, ઓશો રજનીશ, વિપશ્યના, ઝેન માર્ગ, જે. કૃષ્ણમૂર્તિ, આનંદઘનજી, તાઓ ફિલસૂફી, સોક્રેટીસથી સાર્ત્ર, જ્ઞાનેશ્વર, રવીન્દ્રનાથ, જૈનાગમ બધું જ એમના લેખનમાં આવે છે. માવજીભાઈ શૈલીકાર નહોતા. સીધું, સરળ, સોંસરું લખનારા. રોજ લખે-લખાવે. શ્રુતલેખન આપવામાં પાવરધા. બોલતા જાય, વાક્ય ન તૂટે, ફરી ન લખવું પડે, ન મઠારવું પડે. તેથી જ એમના લેખનમાં વાતચીતનો, સંવાદનો રણકો મળે છે. અહીં મને ડૉ. રમણલાલ શાહ અને શ્રી વાડીલાલ ડગલી યાદ આવે છે. તેઓ પણ શ્રુતલેખન આપવામાં માહિર હતા.

માવજીભાઈને લહિયા પણ એવા મળ્યા કે એમની વાણીને યથાવત ભાષાશુદ્ધિ સાથે ઝીલીને લખ્યું. માવજીભાઈ પોતાને સાહિત્યકાર માનતા જ નહોતા. કોઈ પણ પ્રકારની મોટાઈનો ધખારો નહિ. પોતે જે ખાદીના વસ્ત્રો પહેરતા એ ખાદીનો આદર્શ એમની પારદર્શક જીવનશૈલીમાં બધાને જોવા મળતો. કોઈ જૂથબંધી નહિ. સર્વમિત્ર. ભાગ્યે જ કોઈ સંસ્થામાં જોડાયા હશે, સમારંભોથી, ભાષણોથી, જોજનો દૂર. સન્માન ન સ્વીકારે. સાદર ના પાડે અને ના પાડી છે તેનું ગાણું પણ નહિ, ક્યાંય ઉલ્લેખ પણ નહિ.

માવજીભાઈ મૂળ વાચનનો જીવ. દર મહિને ત્રીસ-ચાળીસ જેટલા સામયિક તો સહેજે વાંચી લે. અખંડ આનંદ, પગદંડી, વિચારવલોણું, નવનીત સમર્પણ, રિડર્સ ડાયજેસ્ટ, કુમાર, હરિભાવ, પરબ, ભૂમિપુત્ર વગેરે અનેકાનેક.

આપણે સારું વાંચીએ, ગમે તો મમળાવીએ, ક્યારેક કોઈને વાત કરીએ પછી ભૂલી જઈએ. માવજીભાઈનો ઇલમ અહીંથી જુદો પડે, એ તો આખા લેખની સારભૂત વાતને માર્ક કરી લે, ઉતારો કરી લે. એને લગતા પોતાના વિચારો સાથે જ નોંધી લે. એમાંથી 'વાચનવિશ્વ ઝરુખો' જેવું માતબર પુસ્તક બન્યું છે. આ વાચનનો શોખ એમને તેર વર્ષની કિશોર વયથી પિતાજીના પ્રોત્સાહનથી જાગ્યો હતો, જે જીવનભર તાજો ને તાજો રહ્યો. ઉત્તમ ગ્રંથો વાંચે, એમનું અંગ્રેજી ઘણું જ સારું.

પચાસ હજારની સંખ્યા કોને કહેવાય? એટલા પત્રો માવજીભાઈએ લખ્યા અથવા એમના પર ચારે દિશાએથી આવ્યા હતા. પોસ્ટમેનની સાઇકલની ઘંટડીનો રણકાર જીવનમાં ચેતનાનો સંચાર કરતો હતો. પોતાને મળેલા પત્ર પર રબ્બર સ્ટેમ્પ મારે, જેમાં પત્ર મળ્યાની તારીખ અને જવાબ વાળ્યાની તારીખ નોંધેલી હોય. ચીવટ, વ્યવસ્થા તો એમના જિગરી ઓજાર. માવજીભાઈના બચપણથી મિત્ર તે ડૉક્ટર ગિરીશ વીછીવોરા. ડૉક્ટર સાહેબ નોંધે છે કે, અમારો વિવિધ વિષયો પર ૪૫ વર્ષ સુધી પત્રવ્યવહાર અવિરત ચાલતો રહ્યો. લગભગ વીસેક હજાર પત્રો અરસપરસ લખાયા હશે. એક એક ક્ષેત્રના દિગ્ગજો સાથે મૈત્રી અને પત્રવ્યવહાર એમના સ્વભાવ અને જ્ઞાનની સાખ પૂરે છે. ડૉ. વીછીવોરા, મર્મજ્ઞ કવિ રમણીક સોમેશ્વર, ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા., પ્રભાશંકર ફડકે જેવા અનેકનો સમાવેશ થઈ શકે.

એમને સંગીત રુચિ હતી. જૂની ફિલ્મોના ગીતો વારંવાર સાંભળે. કદી ન કહ્યું, મારી પાસે સમય નથી. બહુ કામ છે. બધું આયોજનબદ્ધ પણ જડતા ક્યાંય નહિ. માવજીભાઈ જેવાની સોબતે સમય પણ રાજી થયો હશે. આપણે એમને સમયમિત્ર કહી શકીએ. ટૂંકું લખ્યું, માર્મિક લખ્યું, ભરપૂર લખ્યું. ભાષાંતર કરીને ભાષાઓના અંતર ઘટાડ્યા.

માવજીભાઈએ કોઈ કંઠી ન બાંધી, આકાશ જેવા મુક્ત, પાણી જેવા તરલ, પવન જેવા પ્રસન્ન રહ્યા. આદર સૌનો કર્યો પણ પોતે દર્પણ જેવા, પ્રતિબિંબ દેખાડે પણ પોતે અંજાઈ ન જાય છેલ્લે તો નિર્લેપ જ રહે. સહજતા એ જ એમનો શ્રેષ્ઠ ગુણ હતો. એમના પરિવારે એમને પારાવાર મદદ કરી. એમના ઉમદા સ્વભાવ અને અજોડ શોખને પૂરો કરવામાં સદાય સાથ આપ્યો. માવજીભાઈ નવોદિતોના, યુવાનોના ખરા ચાહક ખરા પ્રોત્સાહક હતા. પ્રેરણા આપે. સમજાવે, માર્ગ દેખાડે પછી પોતે હટી જાય, આગ્રહ કશાનો નહિ. વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, વૈદક, સંગીત, ધર્મ બધા જ એમના રસના વિષય. નવું નવું શીખવાની એમની જિજ્ઞાસા લીલીછમ હતી. તેથી જ સર્વ ક્ષેત્રના મિત્રોને માવજીભાઈ પોતાના લાગતા. માવજીભાઈ સાચા અર્થમાં અનેકાન્તવાદી હતા. જે કંઈ વાંચે, જે

અનુભવ થાય, જે સાંભળે બધામાંથી સાર ગ્રહી લે. નવનીત તારવતાં આવડે. મૂળભૂત તો તત્ત્વજ્ઞાનનું કાઠું એમને મદદે આવ્યું. જીવન, કર્મ, જગત, સંબંધ બધા વિશે હકારાત્મક વલણ રાખતા. તેથી તો કહી શકતા: જીવન એટલે જીવન એટલે જીવન. એમના અનુવાદ એટલા સરળ અને રોચક હતા કે 'એટ્ટીની રોજનીશી' જેવા પુસ્તકની ચાર આવૃત્તિઓ થઈ છે. કવિવર રવીન્દ્રનાથ વિશેની જીવનકથા માટે કેટકેટલું વાંચ્યું હશે એ તો એ પુસ્તક વાંચતાં જ અંદાજ આવે.

સાધુ-સાધ્વી ભગવંતોને તત્ત્વજ્ઞાનનું ઉત્તમ માર્ગદર્શન આપી શકતા. જિજ્ઞાસુ સાધુસંતને મર્મની વાત ચીંધી શકતા. કોઈ વ્યક્તિ એમની પાસે અંગત સલાહ માટે જાય તો એને પણ સમ્યક્ માર્ગદર્શન આપી ધરપત આપતા. એટલે જ થાય છે કે, ઉપનિષદનો માણસ, ચોરાનો માણસ, વાતડાહ્યો, જ્ઞાનડાહ્યો, જીવનરસસભર માણસ જતાં ઘણાં માટે પૂછવાનું ઠેકાણું ગયું છે.

એની બુદ્ધિમાં નમ્રતા હતી. લાગણીમાં વિવેક હતો, વિદ્યામાં ડહાપણ હતું અને એમની કર્મશીલતામાં સૌના કલ્યાણની ભાવના હતી.

કચ્છી ભાષા અને કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતું 'કચ્છ કલામ' નામે એક સામયિકનું પ્રકાશન થોડા વર્ષો માટે કર્યું. એ સામયિકે એક આદર્શ સામયિકની વ્યાખ્યા બાંધી આપી. સાહિત્યની ભૂમિકા નિર્માણ કરી આપી. સાહિત્યરસિકો એ સામયિકને હજી યાદ કરે છે.

જ્ઞાનપાંચમના એ આત્માને મારા ભાવપૂર્વક વંદન હોજો. ✷

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષનગર, ચાર બંગલા,
અંધેરી (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૩.મો. ૯૮૨૦૬૧૧૮૫૨

# સ્વર્ણિમ હૈ વલ્લભીપુર કા ઇતિહાસ

☐ મહેન્દ્ર કુમાર મસ્ત

ચીન આદિ દેશોં સે આને વાલે વિદ્યાર્થી યા શોધાર્થી કેવલ નાલંદા મેં હી આતે થે, ઐસા કહના કુછ ઠીક નહીં લગતા, ક્યોંકિ તબ ભારત મેં ઉચ્ચ શિક્ષા કે કઈ અન્ય કેન્દ્ર ભી મૌજૂદ થે. પૂર્વ મેં નાલંદા ઔર પશ્ચિમ મેં તક્ષશિલા કે અલાવા ઉચ્ચ અધ્યયન કે અન્ય કેન્દ્રોં મેં ભી વિદેશી વિદ્વાન આતે રહે થે.

ઇતિહાસ ગવાહ હૈ કિ નાલંદા કે સમકક્ષ વ સમકાલીન કઈ અન્ય સુવિખ્યાત કેન્દ્ર ઇસ દેશ મેં વિદ્યમાન થે જિનકે નામ હૈં:

૧. વિક્રમશિલા કે નામ સે ભાગલપુર (બિહાર મેં)

૨. પુષ્પગિરિ કે નામ સે કલિંગ (ઓડીશા મેં),

૩. ઉદાંતપુરી મહાવિહાર (મગધ), પાલવંશીય રાજા ધર્મપાલ દ્વારા ૮વીં સદી સે સ્થાપિત

૪. સોમપુર, મહાવિહાર (બંગાલ), પાલવંશીય રાજા ધર્મપાલ દ્વારા ૮વીં સદી મેં સ્થાપિત

૫. દક્ષિણ મેં ત્રિવેન્દ્રમ ઔર કોચીન કે કેન્દ્ર

ઉપરોક્ત કે અલાવા જૈન દર્શન કે જ્ઞાનવર્ધન કા સબ સે મહત્ત્વપૂર્ણ કેન્દ્ર થા વલ્લભીપુર. ૫વીં સદી મેં ગુપ્તવંશ કે રાજ્ય કી સમાપ્તિ કે બાદ સૌરાષ્ટ્ર કે વલ્લભીપુર મેં સ્થિત ઉચ્ચ અધ્યયન કે ઇસ શિક્ષા કેન્દ્ર ને પૂરી ખ્યાતિ પ્રાપ્ત કી તથા ૬વીં સે ૧૨વીં સદી તક વલ્લભી કો પશ્ચિમ કા નાલંદા માના જાતા થા.

હાલાંકિ વલ્લભીપુર કો મગધ કી રાજસત્તા સે કુછ ભી લેનાદેના નહીં થા, ફિર ભી ચીની યાત્રી હ્યૂનસાંગ ઔર ઈઇસિંગ, દોનોં હી ક્રમશઃ વલ્લભી મેં આકર રુકે થે. ઉન્હોંનો વલ્લભી ઔર નાલંદા કો અન્ય સબ સે અચ્છે અધ્યયન કેન્દ્રોં કે સમાન હી માના. ઈસ્વી સન ૪૦૦ સે ૭૦૦ કે બીચ અનેક ચીની યાત્રિયોં ઔર બૌદ્ધ ભિક્ષુઓં ને ભારત કા ભ્રમણ કિયા ઔર વે વલ્લભી મેં ભી આતે રહે.

વલ્લભી કે ઇતિહાસ કો જૈન ગ્રંથોં મેં દેખેં તો પતા ચલતા હૈ કિ શ્રી મહાવીર નિર્વાણ કે ૯૮૦ વર્ષ પશ્ચાત્ (વિ. સં. ૫૧૧ મેં) શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ વ અન્ય ૫૦૦ વિદ્વાન આચાર્યોં ને યહાં પર શ્રીસંઘ કો ઉપસ્થિત કર જૈન આગમોં કો પ્રથમ બાર લિપિબદ્ધ કિયા. યહાં કે ગ્રંથ ભંડાર મેં તબ અનેક હસ્તલિખિત ગ્રંથ થે, ઐસા શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ને ઉલ્લેખ કિયા હૈ. 'વિશેષાવશ્યક ભાષ્ય' ગ્રંથ કી રચના ભી યહીં હુઈ થી. 'શત્રુંજય મહાત્મય' ગ્રંથ કે રચયિતા આચાર્ય ધનેશ્વર સૂરિજી ને યહાં કી રાજ્યસભા મેં સમ્માન પાયા થા.

સંવત ૮૪૫ કે લગભગ ગુર્જરપતિ હમ્મીર કે સમય, શત્રુંજય તીર્થ કી તલેટી કહલાને વાલે વલ્લભીપુર કા પતન હુઆ થા.

પ્રચલિત આલેખોં કી પરિધિ સે હટ કર મેરી વિનમ્ર અભ્યર્થના હૈ કિ વલ્લભી મેં હુઈ ધર્મસભા મેં ૫૦૦ કી સંખ્યા મેં ધુરંધર આચાર્ય, દર્શનાચાર્ય, વાચનાચાર્ય, વિભિન્ન પીઠાસીન શ્રમણ તથા કઈ મર્મજ્ઞ મુનિ ભગવંત ભી અવશ્ય સમ્મિલિત રહે હોંગે જિનકે નામાદિ ઇતિહાસ કી પરતોં મેં છિપે હૈં. ઉસ કાલ કી વિદુષી સાધ્વિયોં કી નામાવલી કી ભી ખોજ હોની ચાહિએ. વલ્લભી કી ઉપરોક્ત ધર્મસભા કે આસપાસ કે સમય મેં હી પરમ વિદુષી સાધ્વી મહત્તરા યાકિની કા ભી વિચરણ ઇન પ્રદેશોં મેં હુઆ થા. અતઃ વલ્લભીપુર કી ધર્મસભા મેં કુછ વિદુષી સાધ્વિયોં કી શિરકત સે ઇંકાર કરના મુશ્કિલ હોગા. ✷✷✷

૨૬૩, સૈક્ટર ૧૦, પંચકૂલા-૧૩૪૧૧૩ હરિયાણા.
મો. ૦૯૩૧૬૧-૧૫૬૭૦

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૧ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

**(તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૫)**

## પાંચમો દિવસ : તા. ૧૪-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - નવમું

**• વિષય : આપણું જીવન અને જૈન ધ્યાન • વક્તા : શ્રીમતી જાગૃતિ ઘીવાલા •**

### ધ્યાન એ અભ્યંતર તપ અને કર્મનિર્ઝરાનું સાધન છે

*[ જાગૃતિબહેન ઘીવાળાએ જૈન ધર્મના વિષય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી છે. તેમણે એમ.ફિલની ડિગ્રી પણ મેળવી છે. હાલ તેઓ સી. યુ. શાહ યુનિવર્સિટીમાંથી 'જૈન ધ્યાન' વિષય ઉપર પી.એચ.ડી. કરી રહ્યા છે. ]*

શ્રીમતી જાગૃતિબહેન ઘીવાલાનું આ વક્તવ્ય આ અંકમાં પ્રકાશિત છે. જિજ્ઞાસુને વાંચવા વિનંતી.

## પાંચમો દિવસ : તા. ૧૪-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - દસમું

**• વિષય : જૈન ધર્મ અને ભગવદ્ગીતા • વક્તા : શ્રી સુરેશ ગાલા •**

### ગીતામાં જૈનત્વનો આત્મા સોળે કળાએ ખીલ્યો છે

*[ સુરેશ ગાલાએ બંધુ ત્રિપુટીના કીર્તિચંદ્ર મહારાજ પાસે જૈન ધર્મનો અભ્યાસ કર્યો છે. ગીતા, ઉપનિષદ, પતંજલિ યોગશાસ્ત્ર, સંતસાહિત્ય અને સૂફી પરંપરાનો અભ્યાસ કર્યો છે. તેમણે મેકણદાદાની કચ્છી સાખીઓનો ગુજરાતી અનુવાદ - અનહદની બારી, મરમનો મલક અને નવપદની ઓળી પુસ્તકો લખ્યા છે. 'અસીમને આંગણે' પુસ્તકને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. ]*

સુરેશ ગાલાએ 'જૈન ધર્મ અને ભગવદ્ગીતા' વિશે વ્યાખ્યાન આપતા જણાવ્યું હતું કે, મન જ બંધ અને મોક્ષનું કારણ છે. વચન અને કાયા તો બાંધી શકીએ પણ મનને બાંધવું મુશ્કેલ છે. ભવભ્રમણનું કારણ પણ મન ભ્રમણ જ છે. જે મનને જીતે છે તે પાંચ જ્ઞાનેન્દ્રીયને જીતે છે. પાંચ કર્મેન્દ્રીયને પણ જીતી શકે છે. જે ક્રિયા કરવાથી રાગદ્વેષ લઘુ થઈને નાશ પામે તે જિનાજ્ઞા છે. રાગદ્વેષ નાશ પામતા સમતા આવે છે. સમતા પ્રગટે તે જ જૈનધર્મ છે. તેથી જૈનધર્મમાં સમતાના આરાધકને શ્રમણ કહે છે: દિગમ્બર આચાર્ય ઝોએન્દુએ 'યોગસાર' પુસ્તકમાં લખ્યું છે કે આત્મભાવમાં સ્થિર થવું એ ધર્મ છે અને તેનાથી મોક્ષ મળી શકે છે. તેઓ વધુમાં કહે છે કે આત્મસ્થ વ્યક્તિ કર્મ કરતી હોવા છતાં કર્મથી બંધાતી નથી. આ વાત સમજાય તો ગીતાને સમજવામાં સરળતા પડશે. સમતા તમારા ધર્મમાં ન આવે તો તે ધર્મ નથી. શ્વેતામ્બર પરંપરાના આચાર્ય ચિદંતાચાર્યએ લખ્યું છે કે કેવળજ્ઞાન માત્ર સમતાથી જ આવે. જૈન ધર્મ એટલે રાગદ્વેષથી મુક્તિ દ્વારા સમતાની પ્રાપ્તિ. ગીતાના ત્રીજા અધ્યાયના ૩૪મા શ્લોકમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે દરેક ઇન્દ્રીયને પોતાના રાગદ્વેષ હોય છે. તું તેને વશ થતો નહીં. આત્મસાક્ષાત્કારના માર્ગમાં રાગદ્વેષ અવરોધરૂપ છે. કર્મ આસક્તિના ત્યાગથી રાગદ્વેષથી મુક્ત થવાય છે. જૈન પરંપરામાં કર્મસંન્યાસનો માર્ગ છે. કર્મઆસક્તિનો ત્યાગ અને કર્મસંન્યાસ અલગ અલગ દેખાતા હોવા છતાં વાસ્તવમાં એક જ છે. બંનેનું ધ્યેય સમાનતાની પ્રાપ્તિ અને રાગદ્વેષથી મુક્તિ છે. સંતબાલજીએ કહ્યું છે કે ગીતામાં જૈનત્વનો આત્મા સોળે કળાએ ખીલ્યો છે. ગીતા માતા અને આચારાંગ સૂત્ર પિતા છે. તે સંસ્કૃતિ વિશ્વવ્યાપી છે. ગીતા અહિંસામાંથી ઉદ્ભવી છે. ગીતા બધા ધર્મો માટે સાર્વભૌમ ગ્રંથ છે એમ સંતબાલજી ઉમેરે છે. જીવનના અંગત પ્રશ્નો જ નહીં પણ સર્વ ક્ષેત્રોના સર્વ પ્રશ્નોના ઉત્તર તેમાં મળે છે. જૈન ધર્મનું જે ચારિત્ર છે તે ગીતાનો કર્મયોગ છે. આત્મભાવમાં સ્થિરતા એ ચારિત્ર છે. ગીતામાં સ્થિતપ્રજ્ઞ છે એ આપણા જૈન ધર્મનું કેવલજ્ઞાન છે.

અમેરિકાના મહાત્મા થોરો કહે છે કે દુનિયામાં ગીતા જેવો ગ્રંથ લખાયો નથી. પંડિત સુખલાલજી કહે છે કે કૃષ્ણ કર્મવીર છે, જ્યારે મહાવીર ધર્મવીર છે. શુદ્ધ ધર્મ અને શુદ્ધ કર્મ એક જ છે. તેમાં ભેદ છે, પરંતુ વિરુદ્ધ નથી. આપણે કર્મસંન્યાસની વાત કરીએ છીએ પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે કોઈપણ વ્યક્તિ કર્મ કર્યા વિના રહી શકતી નથી. તપસ્વી ધ્યાન કે સમાધિમાંથી બહાર આવે પછી તેને અન્નની જરૂર પડે જ છે. કબીર વણકર અને મીરાંબાઈના ગુરુ રોહીદાસ ચમાર ચર્મકારનું કામ કરતાં હતાં. શ્રીકૃષ્ણ જાણતા હતા કે અર્જુન ક્ષત્રીય હતો. તેમની સામે જો સગાં ન હોત તો વધ કરવામાં કોઈ વાંધો નહોતો. અર્જુનનો વૈરાગ્ય મોહગર્ભિત છે. તે ક્ષણિક આવેગમાંથી સર્જાયો છે. અર્જુનનો આ પલાયનવાદ છે એ શ્રીકૃષ્ણ જાણતા હતા.

શ્રીકૃષ્ણ જાણતા હતા કે આ નિયતિના મુજબ નથી. તેથી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે તારે આસક્તિ અને રાગદ્વેષ તજીને પરમતત્ત્વ સાથે સંલગ્ન થવાનું છે. નિયતિએ આપેલું કર્મ કરવાનું છે. ગીતાના બીજા અધ્યાયના ૩૭મા શ્લોકમાં કહેવાયું છે કે અનાસક્તભાવે કરેલું કર્મએ બંધન નથી. પ્રવૃત્તિ નહીં વૃત્તિ કર્મ બંધનનું કારણ છે. ક્રિયા નહીં પણ ક્રિયામાં રહેલા મોહને છોડવો જોઈએ. જૈન સૂત્રમાં ઐર્યાપથીકી (મોહ વગરની ક્રિયા) અને સાંપ્રયીક (મોહ સાથેની ક્રિયા)ની વાત છે. ઐર્યાપથીકી ક્રિયા કરવાથી કર્મબંધન થતું નથી. ભગવાન મહાવીરના સમયમાં યજ્ઞમાં પશુબલિનો રિવાજ હતો. તેથી તેમણે અહિંસાનો ઉપદેશ આપ્યો. શ્રીકૃષ્ણે અર્જુનને દુર્જનોનો નાશ કરવાનો ઉપદેશ અર્જુનને આપ્યો હતો. મહાવીર 'ફિઝીશયન' હતા. શ્રીકૃષ્ણ સમયે 'ગાંઠ' મોટી હતી તેથી તેઓ 'સર્જન' બન્યા હતા. જૈન ધર્મમાં મહાન કાલિકાચાર્ય ૧૫૦૦ વર્ષ પહેલાં ઉજ્જૈનમાં થયા હતા. તેમના સાધ્વીબહેન રૂપવતી હોવાથી રાજાએ તેમનું અપહરણ કર્યું હતું. ત્યારે કલિકાચાર્યએ શકોની મદદ લઈ રાજા સાથે યુદ્ધ કરી બહેનને મુક્ત કરાવી હતી. ત્યાર પછી તેમણે ફરી સાધુવેશ ધારણ કર્યો હતો. અહિંસા ક્ષમ્ય છે. અહિંસાએ ધર્મનું પાસું છે પણ ધર્મ નથી. ધર્મ બચે તો અહિંસા બચશે. બીમાર પડીએ ત્યારે મલેરિયાના જંતુ મારવા દવા તો લેવી જ પડે. મલેરિયાના જંતુ મારવા હિંસા છે? આરોગ્ય મહત્ત્વનું છે. સમાજમાં શાંતિ અને સદાચાર જાળવી રાખવા અનિષ્ટ તત્ત્વોની હિંસા જરૂરી છે. શ્રીકૃષ્ણ કહે છે કે સર્વ આરામનો પરિત્યાગ કરે તે ભક્ત મને પ્રિય છે. શ્રીકૃષ્ણે ફળની આશા વિના કર્મ કે પુરુષાર્થ કરવાનો ઉપદેશ આપ્યો છે. જૈન ધર્મ કહે છે કે, કોઈ કાર્યની ફળશ્રુતિ માટે પાંચ કારણ કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ અને ભાગ્યની જરૂર પડે છે. અનાસક્તપણે નિરંતર કર્મ કરવાના શ્રીકૃષ્ણના ઉપદેશ અંગે જૈન સૂત્ર કહે છે કે જયણાપૂર્વક (અનાસકતપૂર્વક) ચાલે છે, બોલે છે, સૂએ છે અને ખાય છે તે પાપકર્મ બાંધતો નથી. કૃષ્ણમૂર્તિ તેને 'ચોઇસલેસ અવેરનેસ'થી કર્મ કરવાનું કહે છે. જૈન ધર્મ કહે છે કે સમતાથી સમણ થવાય છે. પરમતત્ત્વમાં રમણ થવાથી બ્રાહ્મણ થવાય છે. આત્મજ્ઞાનથી મુનિ થવાય છે અને તપથી તાપસ થવાય છે. ગીતાના શ્લોકમાં કહેવાયું છે કે આત્મા શસ્ત્ર વડે છેદી શકાતો નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતો નથી અને હવા સૂકવી શકતી નથી. જે જન્મે છે તેનું મૃત્યુ નક્કી છે. મૃત્યુ પામે છે તેનો જન્મ નક્કી છે. જન્મ પહેલાં અપ્રગટ હોવ છો. જન્મ પછી પ્રગટ થાવ છો. મૃત્યુ પછી અપ્રગટ થાવ છો, તેમાં શોક કરવો નહીં. તેનું કારણ આ ટાળી શકાય એમ નથી.

## છઠ્ઠો દિવસ : તા. ૧૫-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - આગિયારમું

**● વિષય : મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચંદ્ર ● વક્તા : સોનલ પરીખ ●**

### શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીના જ્ઞાન અને વ્યક્તિત્વનો પાર પામવો મુશ્કેલ

[ *મહાત્મા ગાંધીજીના વંશજ સોનલ પરીખે ગુજરાતીના વિષય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી છે. એમ.એ.માં તેમને સુવર્ણચંદ્રક મળ્યો હતો. 'નવનીત-સમર્પણ' સામયિકમાં થોડો સમય કામ કર્યા પછી હાલ તેઓ 'જન્મભૂમિ' દૈનિકમાં કામ કરે છે. તેમણે ૩૫૦ જેટલા પુસ્તકોનું વિવેચન કર્યું છે.* ]

શ્રીમતી સોનલ પરીખનું વક્તવ્ય આ અંકમાં પ્રકાશિત કરેલ છે. જિજ્ઞાસુને વાંચવા વિનંતી છે.

## છઠ્ઠો દિવસ : તા. ૧૫-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - બારમું

**● વિષય : માન અને સાધક ● વક્તા : પૂ. યોગી શ્રી અમરનાથજી ●**

### પરમાત્મા અને આપણી વચ્ચે અજ્ઞાન અને અહમ્‌ના બે પડદા છે

[ *આર્કીટેક્ટ અને ઇન્ટિરિયર ડિઝાઇનરનો ધીકતો ધંધો છોડીને તેમણે વર્ષ ૨૦૦૯માં યોગી અમરનાથજી નામ ધારણ કર્યું છે. તેઓ ધર્મ કે સંપ્રદાયમાં માનતા નથી. તપોવન, ઋષિકેશ અને ઉત્તરાખંડમાં તપસાધના માટે જાય છે. ભૌતિકતા છોડીને તેઓ પરમસુખ, પરમઆનંદ અને આત્માની શોધમાં નીકળી પડ્યા છે.* ]

યોગીશ્રી અમરનાથજીએ 'મન અને સાધક' વિષે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે મન આપણને ભ્રમિત કરે છે. મન એક પછી એક આશા દેખાડશે. મૃત્યુ સમયે કહેશે મારી પાસે આપવા જેવું કંઈ જ નથી. આપણે શાસ્ત્ર, ધર્મ, ડિગ્રી, ધંધો અને પ્રતિષ્ઠાને જાણીએ છીએ પરંતુ મનને ઓળખતા નથી. ચંચળતા, ચાલાકી અને ચતુરાઈ એ મનના ગુણો છે. વિશ્વમાં ૬૦૦ કરોડ લોકો છે. તે રીતે વિશ્વમાં ૬૦૦ કરોડ જાતના મન છે. વિશ્વમાંના ધર્મના પુસ્તકો વાંચવામાં ૨૧ જન્મ પૂરા થઈ જશે તો પણ વાંચવાનું પૂરું નહીં થાય. મનને જાણવા તેના ગુણઅવગુણ જાણો. આપણું મન છે તે આપણો સ્વભાવ છે. મૃત્યુ સમયે જે વિચાર હશે એવું મન આવતા ભવમાં મળશે. મનમાંથી ક્રોધ અને વિકારને કાઢવા મુશ્કેલ છે. તેના માટે આમૂલાગ્ર પરિવર્તન લાવવું પડે. મન ઉપર ધર્મના સંસ્કાર પાડો. આધ્યાત્મના

પગથિયા ઉપર ચઢવા ધર્મના સંસ્કારની જરૂર છે. પરમાત્મા અને આપણા વચ્ચે અહમ અને અજ્ઞાન એ બે પડદા છે. અજ્ઞાન દૂર કરવા સત્સંગ, પુસ્તક અને ધાર્મિક પ્રવચનો જેવા અનેક માર્ગો છે. એક શિક્ષિત પ્રાચાર્યએ નવ વર્ષ સુધી ભગવાન બુદ્ધની સાધના ગુફામાં કરી પણ બૌદ્ધ ભગવાનના દર્શન કે સંકેત ન મળ્યા. ગુફામાંથી બહાર નીકળી નીચે ઉતર્યા ત્યારે લોહીલુહાણ કૂતરો જોયો. તેના ઘા નદીના પાણીથી ધોયા અને જડીબુટી લગાડીને થોડી રાહત આપી. તે સમયે તેમને બૌદ્ધત્વ પ્રાપ્ત થયું. તેમણે ભગવાનને પૂછ્યું હું નવ વર્ષ ગુફામાં ધ્યાનમાં બેઠા હતો ત્યારે તમે આવ્યા નહીં. ભગવાને જવાબ આપ્યો, હું નવ જન્મથી તારી સાથે છું. શિક્ષણની પાત્રતાનું ઘમંડ ઉતર્યું એટલે હું હાજર થયો. ઉપરાંત ઘણા લોકો ફરિયાદ કરે છે કે પ્રાર્થના સફળ થતી નથી. તેનું કારણ એ છે કે આપણું મન શુદ્ધ હોતું નથી. તપ અને ધ્યાન સાથે મનની શુધ્ધિ અનિવાર્ય છે. દુનિયાને બદલવાનો પ્રયાસ કરશો નહીં. તમારા વિચારો બદલો દુનિયા બદલાઈ જશે. કર્મ બદલાશે અને કર્મના પરિણામ પણ બદલાશે. પ્રાર્થના કે ધ્યાનમાં એકાગ્રચિત્ત રાખવું. ત્યારે નજર સમક્ષ દાન, સેવા અને સાધનાનો ત્રિકોણ રાખો. આ ત્રિકોણના બે પાયા દાન અને સેવા છે. સાધના ઉપર છે. આપણે અન્ન, વસ્ત્ર અને જ્ઞાનદાન કરીએ છીએ. તે દાન ગુપ્ત હોવું જોઈએ. માતાપિતા અને પરિવારની સેવા ફરજ કે કર્તવ્ય છે. સેવા અજાણી વ્યક્તિની અને ભવિષ્યમાં જેને ક્યારેય મળવાના નથી એવી વ્યક્તિની કરો. સાધના એ પરમાત્મા સાથે પ્રેમનો ગુપ્ત સંબંધ છે. પ્રેમિકાને ભેટ આપો એ ગુપ્ત રાખો છો. તે રીતે સાધના, દાન અને સેવાની વાત ગુપ્ત રાખો. સાધના, સેવા અને દાન સમયે મન અને ભાવ શુધ્ધ રાખો. મને પરમાત્મા ગમે છે એવા વિચારની સાથે પરમાત્માએ મને સ્વીકાર્યો? એવો પ્રશ્ન કરો. તેના માટે હંમેશા સજાગ રહો અને પોતાનું વિશ્લેષણ કરો. કર્મ ચોખ્ખા રાખો. આપણું મન બીજાના કર્મમાં બહુ રસ લે છે. આખા ગામનો હિસાબ રાખે છે.

બીજાના કર્મોના અનએપોઇન્ટેડ ઓડીટર બનવાનું છોડો. બીજાના દોષને શોધવાનું છોડો અને બધાનો દોષ પોતાના માથે લો. ગાલીબ કહે છે કે જિંદગીભર ગાલીબ યહી ગલતી કરતા રહા, ધૂલ ચહેરા પરથી ઔર આયના સાફ કરતા રહા. યોગ એટલે મનને સમત્વ અવસ્થામાં રાખો. ભગવાન મહાવીરે ઉપદેશ આપ્યો છે કે મન, વચન અને કાયાને સ્થિર કરો. તે જ ક્ષણે સેરેબ્રલ કોર્ટેક્સમાં સાયલન્ટ એરિયા છે તેનું કામ ચાલુ થાય. તેથી તમારી મનની શક્તિ વધે. સારાસાર, વિવેકશક્તિ, નિર્ણયશક્તિ અને યાદશક્તિ વધે. યુવાવર્ગ કહે છે કે ધર્મ સાધના કરતા ડિગ્રી મેળવીએ તો કારકિર્દી ઘડાય. હું કહું છું કે તમે ધર્મ અને આધ્યાત્મ ભૂલી જાવ. પરંતુ સારાસાર, વિવેકશક્તિ, યાદશક્તિ અને નિર્ણયશક્તિની જરૂર પડશે. મનની આદત બદલવા વિચાર બદલો. તેથી તમારી સાધના સફળ થશે.

✷ ✷ ✷

**વધુ વક્તવ્યો આવતા અંકે**

## ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041
  --Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**

**સંપર્ક :હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**

વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

–**મેનેજર**

## 'પ્રબુદ્ધ જીવન'ના વાચક મિત્રોને

'પ્રબુદ્ધ જીવન' દર મહિનાની ૧૬મી તારીખે જી.પી.ઓ.ની સોર્ટિંગ ઑફિસેથી ડિસ્પેચ થાય છે. આ ચોક્કસ તારીખે સમગ્ર મુંબઈ અને ભારતમાં અંકો એકી સાથે રવાના થાય છે. પોસ્ટ ખાતાના લાયસન્સના નિયમ મુજબ એક દિવસ પણ આગળ-પાછળ ચાલે નહીં. સોર્ટિંગ ઑફિસે પરાઓમાં તથા બહારગામ ડિસ્પેચિંગ થયા બાદ લોકલ પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં અંકો આવે છે અને ત્યાર પછી પોસ્ટમેનો પોતાની અનુકૂળતા તથા સમય મળે તેમ ડિલિવરી કરે છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં વહેલું-મોડું થતું હોય છે. પોસ્ટ ખાતા પાસે પૂરતો સ્ટાફ પણ નથી. આ બધાં કારણોસર અંકો નિયમિત ન મળતાં હોય તેવું બને છે પરંતુ થોડી ધીરજ અને સંયમ રાખવા આપીલ છે. આજના મોંઘવારીના સમયમાં ફક્ત પોસ્ટખાતું જ રૂા. ૧માં અંક આખા દેશમાં પહોંચાડે છે. જ્યારે કુરીયર ૨૫થી ૩૦ રૂપિયા અંક દીઠ ચાર્જ કરે છે જે કોઈપણ હિસાબે શક્ય નથી. કાર્યાલયે એકવાર જી.પી.ઓ.માં અંકો હેન્ડ ઓવર કર્યા એટલે સમજવું કે તીર હાથમાંથી છૂટી ગયું. ત્યારબાદ પોસ્ટખાતા સમક્ષ આપણાં હથિયાર હેઠાં પડી જાય છે. માટે સુજ્ઞ વાંચકોને વિનંતી કે અંક વહેલો-મોડા મળે તો દરગુજર કરશો. વિશેષમાં પોતાની સ્થાનિક પોષ્ટ ઑફિસમાં પણ તપાસ કરવી અથવા લેખિત ફરિયાદ પણ સ્થાનિક પોષ્ટ ઑફિસમાં કરી શકાય છે.

☐ **મેનેજર**

# ભાવ-પ્રતિભાવ

(૧)

આપના દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ના જૂના અંકોની C.D. મોકલાવી અને ૧૯૨૯ના વર્ષમાં કેવું પ્રિન્ટીંગ લખાણ હતું ને તાદૃશ્ય થતાં ખૂબ જ આનંદ થયો, કારણ કે અમારા જન્મ પહેલાંના ૨૫ વર્ષોની વિગતો જાણવી, માણવી મજા આવી.

'પ્રબુદ્ધ જીવન' દ્વારા વર્ષોવર્ષ કોઈ એક વિષયને લઈ બહાર પડતા નવા ખાસ અંકો વાંચવામાં ઘણું જ નવું જાણવાનું મળે છે. શાસ્ત્રોનું જ્ઞાન કે જે સામાન્ય વ્યક્તિને ન હોય તેવી વિગતો જાણવાથી ખૂબ જ સારૂં લાગે છે તથા અંધશ્રદ્ધાના અંધકારમાંથી બહાર નિકળવાનો રસ્તો દેખાય છે. આપશ્રી 'પ્રબુદ્ધ જીવન' દ્વારા વર્ષોના અંધકારને ઉલેચવા જે પ્રયત્નો કરો છો તે ભલે લાંબા ગાળે પણ અંધકારમાંથી જ્ઞાન તરફ જવાના પ્રયાસને વેગ જરૂર મળશે અને સફળતા તરફ જાગૃતિ લાવશે તે ચોક્કસ છે તેમ અમારૂં માનવું છે. હજુ પણ ગર્ભગૃહ સિવાય બહાર જે દેવ-દેવીની મૂર્તિ હોય તેમાં બીજા-ત્રીજા સ્ટેજે સ્પર્શના કરીએ તો શ્રાવકો કે જે પોતાને ખરા ભક્ત માનતા હોય તે આભડછેટનો હવાલો આપે છે. ખરેખર મૂર્તિ સ્થાપનથી બીજા ત્રીજા સ્ટેજે સ્પર્શના કરવાથી શ્રાવકના ભાવ વધુ થાય તેમ માનવું છે. પરંતુ છતાં અમુક દેરાસરમાં આનો વિરોધ થાય છે? શું ભગવાન કે દેવ-દેવી-માનવીથી અભડાય? આ બાબતે સ્પષ્ટ માર્ગદર્શન આપવા વિનંતિ.

**□ બી. સી. શાહ**

શાન્તાવિહાર, ૧૩ શ્રી કોલોની સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

(૨)

નિયમિત રીતે 'પ્રબુદ્ધ જીવન' અંક મોકલવા બદલ આનંદ અને આભાર. તેમાં સમાવિષ્ટ સામગ્રી સ્તરીય, વૈવિધ્યપૂર્ણ અને ચિંતનસભર હોય છે.

પ્રાકૃત (અર્ધમાગધી)નો હું કૉલેજમાં પ્રાધ્યાપક હતો ત્યારે અધ્યાપન પણ કરેલું છે. એ રીતે જૈન ધર્મ સહિત વિશ્વના તમામ ધર્મો મને પ્રિય છે. ડૉ. કુમારપાળ દેસાઈ મારા બંધુવત્ મિત્ર છે. તા. ૫ નવેમ્બર, ૨૦૧૫ના દિને સ્વ. 'જયભિખ્ખુ'ના જીવન પર આધારિત નાટક નિમિત્તે ટ્રસ્ટી તરીકે આવવાનું બનત, પણ અનિવાર્ય પારિવારિક સંજોગોને કારણે આવવાનું મુલત્વી રાખવું પડ્યું છે.

'પ્રબુદ્ધ જીવન' પ્રબુદ્ધત્વનો ધર્મસાદ-ધર્મનાદ કરતું સામયિક છે. સામગ્રી, સંપાદન, લે-આઉટ, મુદ્રણ બધું જ સુંદર. આવા લોકોપયોગી ધર્મ અને સમાજલક્ષી પ્રકાશન બદલ પુનઃ હાર્દિક શુભેચ્છાઓ અને દીપોત્સવીની આગોતરી શુભકામનાઓ.

**□ ચંદ્રકાન્ત મહેતા**

પૂર્વ ઉપકુલપતિ ગુજરાત યુનિવર્સિટી

(૩)

અમારા વિસ્તારના ગરીબ બાળકો તથા ગરીબ પરિવારો ઉપર અનહદ કૃપા વરસાવી દર મહિને એકપણ પૈસા વગર મફત 'પ્રબુદ્ધ જીવન' મોકલાવો છો એ બદલ અમે આપનો ગરીબ પરિવારો વતીથી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

અમને 'પ્રબુદ્ધ જીવન' એક વ્યસન બની ગયું છે. દર મહિનાની પંદર તારીખ પછી 'પ્રબુદ્ધ જીવન'ની દિલથી રાહ જોઈએ છીએ. જેવી રીતે દિવસ ઉગ્યા પછી ચા કોફી વગર ચેન નથી પડતું તેમ 'પ્રબુદ્ધ જીવન' વાંચ્યા વગર ચેન નથી પડતું.

**□ જય મા ખોડીયાર સેવા ટ્રસ્ટ**. રાયગઢ

(૪)

આપના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા બહાર પડતા 'પ્રબુદ્ધ જીવન'નો અંક મને એક શ્રદ્ધેય મુમુક્ષુ જોડેથી વાંચવા મળ્યો. વાંચીને ખૂબ આનંદ થયો. મેં તો વાંચ્યો પણ સાથે સાથે મેં મારા ગ્રુપના તમામ વિદ્યાર્થીઓને પણ વંચાવ્યો.

હવે સદર અંક જો મને મારા ઉપરોક્ત સરનામે આપશ્રી મોકલી આપો તો હું તે અંકનો પૂરેપૂરો સદ્ઉપયોગ કરી મારી આસપાસના તમામ ગરીબ વિદ્યાર્થીઓને બેસાડી જાહેરમાં દરરોજ અંકમાં આવતા એક-એક લેખનું વાંચન કરાવી શકું. હું પોતે અપંગ છું. કુદરતે આપેલ ખામીને પણ ખૂબ જ ખુમારીથી જીરવી લઈને મારી જીવન નૈયા આપ જેવા ભગવાન સમા વડીલોને સહારે આગળ ધપાવું છું. સેવાનો શોખ છે. અડોશ-પડોશના બાળકોને પણ વિના મુલ્યે કોમ્પ્યુટર તથા અંગ્રેજીનું જરૂરી જ્ઞાન આપતો રહી મારી જીવન નૈયાને આગળ ધપાવતો રહું છું. આ પત્ર સાથે મોકલેલી સંકલીત કરેલી વાર્તા વાંચશો તો આપણને તેનો જરૂર ખ્યાલ આવશે.

**□ શિરીષ એસ. પંચાલ**

૬૬, રોનક પાર્ક, ભૂમિપૂજા ફાર્મ પાસે, હિંમતનગર,
જિ. સા. કાં.-૩૮૩૦૦૧. મો. : ૯૪૨૯૪૭૬૯૬૦

(૫)

'પ્રબુદ્ધ જીવન'ના અંકો મેં ખૂબ હોંશભેર વાંચ્યા. ખૂબ જ આનંદ થયો. કારણ કે સર્વ ધર્મનો આ અંકમાં સમન્વય કરાયો છે. વળી સાથેના બીજા અંકના છેલ્લા પાને જે સહયોગ-રાજેન્દ્રનગરનો રક્તપિત્તગ્રસ્તભાઈનો લેખ વાંચી આંખમાં આંસુ આવી ગયા. શું છે આજના અદના માનવીની સ્વાર્થ ભરેલી આ જિંદગી? આપના આ અંકો હું મારા વિદ્યાર્થીઓ તેમજ અડોશ પડોશના તમામ મિત્રોને વંચાવી તેનું પૂરેપૂરું ચિંતન કરાવીશ. ભવિષ્યમાં પણ મને આવા અંક મળતા રહે એવી અભિલાષા.

આપ જણાવશો તો સદર અંકો માટેનું લવાજમ આપને મોકલી

આપીશ.

□ શિરીષ એસ. પંચાલ
૬૬, રોનક પાર્ક, ભૂમિપૂજા ફાર્મ પાસે,
હિંમતનગર-૩૮૩૦૦૧. (એસ. કે.)

(૬)

ડૉ. નરેશ વેદનો 'સમયતત્ત્વ' ઉપર લેખ પણ વાંચ્યો. કેટલો બધો ઊંડો અભ્યાસ છે આ માણસનો! સાહિત્ય, અર્થકારણ, રાજકારણ, વિજ્ઞાન અને ધર્મ, સંસ્કૃતિ કેટલા બધા વિષયો ઉપર એમની પકડ છે. તેમનું પ્રવચન સાંભળવું એક લ્હાવો છે. ઘણી વખત તો કોઈ જાતની નોટ્સ કે કાગળિયાંનો આધાર લીધા વગર પણ સતત જ્ઞાન અને સમજણની વાતો આપણને પીરસતા રહે

એ બોલતાં થાકે નહિ, આપણે સાંભળતા.

મારા પરમ મિત્ર નટવર દેસાઈનો લેખ 'ક્ષણભંગુર' પણ વાંચ્યો. તેમની જોડે તો કાયમ લગભગ એકાદ વખત ટેલિફોન ઉપર વાતચીતનો લાભ મળે જ.

□ મોહન પટેલ
ચંદ્રિકા, બારમો રસ્તો, ન્યૂ ઈન્ડિયા સોસાયટી,જૂહુ સ્કીમ,
મુંબઈ-૪૦૦ ૦૪૯. ટેલિ. ૨૬૧૪૨૭૨૫,૨૬૧૪૪૭૩૫

(૭)

તંત્રીશ્રી,

વિષય : માંસાહારી, (મૂર્તિ) પૂજા વિરોધી, (દાઉદી) વ્હોરાઓનો જૈનો જેવા અહિંસાવાદી, શાકાહારી. મૂર્તિપૂજક લોકો સાથે શું લાગે વળગે?

મુંબઈથી પ્રગટ થતાં બોહરા ક્રોનિકલ માસિકમાં ઉપરોક્ત વિષયવાળો લેખ અમારા વાંચવામાં આવેલ છે જે આ સાથે અસલમાં આપના તરફ પ્રેષિત કરી રહ્યો છું.

''એ બાબતથી આપ સુપેરે વાકેફ છો કે દાઉદી વ્હોરા કોમ માંસાહારી છે. બિનમૂર્તિપૂજક તેમજ એકેશ્વરવાદમાં માનનારી છે.

જૈન સમાજ શાકાહારી, મૂર્તિપૂજક તેમજ એકેશ્વરવાદમાં માનનારો નથી. જૈન ધર્મનો ઉદ્ભવ બ્રાહ્મણ ધર્મની સામે બંડ પોકારવા માટે થયો છે.

જૈન ધર્મના તેમજ ઈસ્લામ ધર્મના મૂળભૂત સિદ્ધાંતોમાં સામ્ય નથી. તેઓ પરસ્પર વિરોધી જણાય છે. બંને ધર્મના સિદ્ધાંતો વચ્ચે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવનું અંતર જણાય છે. અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જૈનો તેમનાથી વિપરિત સિદ્ધાંતોને માનવાવાળાઓને પોતાના ધાર્મિક સમારંભોમાં શા માટે નિમંત્રણ આપે છે? શું તેઓ (દાઉદી વ્હોરાઓ) વણનોતર્યા-Uninvited આવે છે?''

શું જૈનો સગવડિયો ધર્મ પાળે છે? જૈનો જેવી સાધન સંપન્ન, બુદ્ધિજીવી કોમને માંસાહારીઓ બિનમૂર્તિપૂજક સાથે ભળી ધર્મ ભ્રષ્ટ કરવાની શું જરૂર છે? જૈન સમાજ માંસાહારી લોકોને બોલાવીને જૈન ધર્મના સિદ્ધાંતોને છેહ નથી આપતો? મહાવીરના સિદ્ધાંતોને દગો દઈ આપ મહાવીર સાથે વિશ્વાસઘાત કરતા હો તેમ જણાતું નથી?

એક અન્ય મુદ્દાની પણ આપના જેવા વિદ્વાન અને બહુશ્રુત મહાનુભાવના ધ્યાન પર મૂકવાનું ઉચિત સમજીએ છીએ.

ભારતમાં માંસાહારી પ્રજા સામેનો વિરોધ પ્રાયઃ જૈન સમાજ અને તેના Stooges કરે છે. જૈનો જગતનાં અન્ય મુસ્લિમ દેશોમાં વેપાર વાણિજ્ય અર્થે પથરાયેલાં છે, વસવાટ કરે છે. જૈનો જે મુસ્લિમ દેશમાં વસવાટ કરે છે તે દેશની સરકારને પર્યુષણ પર્વ દરમ્યાન માંસાહાર અને પશુઓની કતલ-Slaughter-પર પ્રતિબંધ મુકવાની માગ કેમ નથી કરતા? જો જૈનોની માગણી સાથે જે તે દેશની મુસ્લિમ સરકાર સંમત ન થાય તો તેઓ જે તે દેશ છોડી- ત્યાગ કરી (જેમ મહાવીરે સંસાર ત્યાગ કરેલો.) સ્વધર્મનું રક્ષણ કેમ નથી કરતા? અહીં એમ સાબિત થાય છે કે જૈનો ધર્મને ક્રમનં. ૨ પર સ્થાન આપે છે. રોજી રોટી, આજીવિકાને ક્રમ નં. ૧ પર સ્થાન આપે છે.

અમારા લખાણથી આપને માઠું લાગે તો દોષનો ટોપલો અમારા પર ઢોળી દેવા વિનંતી છે. મિચ્છામિ દુક્કડમ્

□ ફારૂક એ. ગફ્ફાર બાવાની
'બાવાની મેન્શન', ભીડભંજન સ્ટ્રીટ નં. ૧,
રાજકોટ-૩૬૦ ૦૦૧. (ગુજરાત) મો. : ૯૮૭૯૧ ૮૮૧૭૯

(૮)

સામાન્ય રીતે એવું અનુભવાઈ રહ્યું છે કે હવે પ્રાદેશિક ભાષાઓનું શિક્ષણ, વાંચન, પુસ્તક-પ્રકાશન તથા વિસ્તરણ મહદ અંશે ઓછું થઈ રહ્યું છે. શિષ્ટ સામયિકોનું પ્રમાણ પણ દિન પ્રતિદિન ઘટી રહ્યું છે. બહુ જ ઓછા શિષ્ટ સામયિકો હોવા છતાંય, મારા મતે જેને 'અતિ શિષ્ટ કક્ષા'નું કહી શકાય એવું સામયિક એટલે 'પ્રબુદ્ધ જીવન' રહ્યું છે. એ માટે 'પ્રબુદ્ધ જીવન'ના ભૂતપૂર્વ તંત્રીઓ જેમને રૂબરૂ મળવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું એ શ્રી પરમાનંદભાઈ કુંવરજી કાપડિયા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તથા ડૉ. રમણલાલ સી. શાહ ઉપરાંત, વર્તમાન તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહનો ફાળો સવિશેષ તથા અણમોલ છે. આ બહુમુલા રત્નો સમાજ માટે માર્ગદર્શક અને ઉપકારક રહ્યા છે એમાં બે મત નથી.

'પ્રબુદ્ધ જીવન'ના ઓક્ટોબર, ૨૦૧૫ના અંકનો તંત્રીલેખ 'મિચ્છા મિ દુક્કડં' ખરેખર એક અતિ ઉચ્ચ કક્ષાનો કહી શકાય એવો લેખ છે. એમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાના ભૂતપૂર્વ સફળ સંચાલક શ્રી ચીમનલાલ જે. શાહે પચીસેક વરસ પહેલાં ગીતાબેન જૈનને લખેલ 'જ્યાં જાગૃતિ છે ત્યાં ક્ષમાપનાની આવશ્યકતા નથી!' વાક્ય કેટલું બધું કહી જાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના દશમા અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીએ પોતાના પટ્ટ શિષ્ય ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણકાર એવા પૂજ્ય ગૌતમ સ્વામીને છત્રીસ છત્રીસ વખત 'समयं गोयम मा पमायए' કહ્યું છે એમાં જાગૃતિની જ વાત છે ને! જાગૃતિ સેવીને સમય માત્રનો પ્રમાદ ન કરવામાં આવે એવો ઉપદેશ આપવામાં આવ્યો છે. આપણા જીવનના રોજબરોજના વ્યવહારોમાં આપણા સંપર્કમાં આવતા પ્રત્યેક માનવો સાથે જો આપણે

જાગૃત રહીએ તો પછી મનદુ:ખનો પ્રસંગ જ ઊભો ન થાય અને જ્યાં કોઈ જ પ્રકારનું મનદુ:ખ નથી ત્યાં, સ્વાભાવિક રીતે 'મિચ્છા મિ દુક્કડં' ઉચ્ચારવાનો કે ક્ષમા માગવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

મન, વચન અને કાયાના યોગોની પ્રવૃત્તિઓને પળે પળ જાગૃતિ સેવીને જો કોઈનું પણ મનદુ:ખ ન થાય એવી રીતે ગોઠવવામાં આવે તો નવા કર્મો નહીં બંધાય અને સામી વ્યક્તિના અઘટીત-અનપેક્ષિત વ્યવહારો થકી આપણને મનદુ:ખ થતું હોય એ વખતે પણ જો સમતામાં રહેવાય તો પણ નવા કર્મો બંધાતા નથી. જે પણ થઈ રહ્યું છે એ માત્ર અને માત્ર આપણા પોતાના પૂર્વભવના કર્મોના ઉદય થકી જ થઈ રહ્યું છે એ સ્વીકારવું જ રહ્યું. આવો સાક્ષીભાવ કેળવવાથી પૂર્વના કર્મો ઓછા થતા જશે અને નવા કર્મો બંધાશે નહીં એટલે આપણાં પૂર્વના સંચિત કર્મોનો જથ્થો ઓછો થતો જશે અને આપણે ધીમે ધીમે કર્મરહિત થતા જઈએ અને મોક્ષની દિશામાં ચોક્કસપણે આગળ પ્રયાણ કરીએ એ હકીકત છે.

ક્યારેય પણ નિમિત્તને દોષ દેવાને બદલે સર્વદા જાગૃતિ સેવીને મન, વચન કે કાયાના યોગો દ્વારા બધાય જીવો સાથે જો મૈત્રીભાવપૂર્વક વર્તવામાં આવે તો ક્ષમાપના યાચવાનો જ પ્રસંગ ઊભો નહીં થાય એવો અનુમોદનીય સંદેશ આપવા બદલ તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહને હૃદયપૂર્વકના અભિનંદન.

□ **જાદવજી કાનજી વોરા**
મો. : ૯૮૬૯૨૦૦૦૪૬

(૯)

પર્યુષણ વિશેષાંક મળ્યો. યોગ્ય સમયે તમે વાચકોના હાથમાં મૂક્યો. સહુ વાચકો તમારા આભારી રહેશે. શાસ્ત્રોના આધારે લખાયેલો આ અંક શાસ્ત્ર સમો બન્યો છે. અલબત્ત શાસ્ત્રગ્રંથ સમો આ અંક સુવર્ણ થાળ બરાબર છે. તેમાં અલ્પ ક્ષતિ પણ ન હોવી જોઈએ.

- શ્રી પંચિદિય સૂત્ર (પાન-૨૪ R) અનુસ્વાર ચૂકી ગયું.
- પુણીઓ-પુણિયો! (પાન-૨૫ વચ્ચે) કેમ?
- સજ્જાય-સજ્ઝાય! કેમ?

પૂરો અંક વાંચ્યા બાદ આથી વધુ અશુદ્ધિ ન જડે તો સારું.

ઘણાં માસિકોના તંત્રીને તેમના અંકોની આવી ભૂલો પ્રત્યે આંગળી ચીંધુ ત્યારે 'ચાલે' એવા જવાબ મળ્યા છે જે તમારે ત્યાંથી તો નહીં જ મળે.

□ **રમેશ બાપાલાલ શાહ**
સુરત-૩૯૫૦૦૧

ત્રણ ત્રણ વખત પ્રુફ રીડીંગ થાય છે, છતાં ક્ષતિ રહી ગઈ એ અક્ષમ્ય છે જ. હવે વધુ ચોકસાઈ કરીશું. આપ વિના સંકોચે ભૂલો બતાવતા રહેશો. **–તંત્રી**

(૧૦)

નવેમ્બર ૨૦૧૫નો અંક વાંચ્યો, દરેક લખાણો અદ્ભુત છે. ડૉ. અભય દોશી દ્વારા 'અજિતશાન્તિ અને બૃહત્ શાન્તિના રહસ્યો' નામનો લેખ લખાયેલો તે વાંચ્યો.

ખૂબ સુંદર છણાવટ કરી છે. ભાષાકીય અને લેખકીય પકડ સારી છે. છતાં પ્રબુદ્ધ લેખક પણ ક્યાંક થાપ ખાઈ જાય છે.

જેમ કે–૯મી ગાથા માટે લેખકશ્રી લખે છે-

અજિતનાથ ભગવાન શ્રાવસ્તિ નગરીમાં જન્મ્યા હતાં. (શ્રાવસ્તિથી અહીં અયોધ્યા નગરી અર્થ લેવો). ભલા, શ્રાવસ્તિ નગરી અલગ છે અને અયોધ્યાનગરી અલગ છે. કયા નિયમથી તમે શ્રાવસ્તિને અયોધ્યા બનાવો છો!?

વળી અજિતનાથ શ્રાવસ્તિમાં જન્મ્યા હતાં લખવું પણ યોગ્ય નથી. અજિતનાથ તો અયોધ્યામાં જ જન્મ્યાં હતાં.

એટલે મને લાગે છે કે લેખકશ્રી 'સાવ્વત્થિ પુવ્વ પત્થિવં'ના મર્મને તે સમજી શક્યા નથી. અથવા એના ચિંતનમાં ઉંડા ઉતર્યા નથી. સાવ્વત્થિ પુવ્વ પત્થિવંનો અર્થ એમ સમજવો જોઈએ કે–શ્રાવસ્તિ નગરના પૂર્વ (પહેલાંના) પત્થિવં એટલે રાજા. શ્રાવસ્તિના રાજા સંભવનાથ અને સંભવનાથના પૂર્વેના રાજા–પૂર્વના તીર્થંકર એટલે અજિતનાથ ભગવાન. એટલે શ્રાવસ્તિ અને અયોધ્યાની ભેળસેળ કરવાની જરૂર નહિ રહે.

લોકોને ખોટી માહિતી ન મળે એ આશયથી આ સૂચન કરેલ છે.

□ **આચાર્ય શ્રી રત્નચંદ્રસૂરિજી**
C/o. શારદાબેન કાળીદાસ જવેરી જૈન ઉપાશ્રય
૫, મિત્રમંડળ સોસાયટી, પાણીની ટાંકી પાસે,
આશ્રમ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
સંપર્ક મો. : ૮૩૦૬૪ ૨૩૫૩૧.

(૧૧)

'પધારો વિક્રમ સંવત ૨૦૭૨,
વીર સંવત ૨૫૪૨. હે કાળ દેવતા

તંત્રી લેખ ગમ્યો. ખૂબ જ ગમ્યો. વાર્તાલાપની શૈલીથી જીવનના વિકટ પ્રશ્નોની સુંદર છણાવટ થઈ છે. મારી કવિતાની પંક્તિ યાદ આવે છે.

'દેનારો આપે સમજીને, એને પછી શું માપે'
સહજતાનું સુખ અનેરું મનને શાતા આપે'

તમે સાચું જ કહ્યું છે કે 'આપણાં કર્મ પ્રમાણે પ્રારબ્ધ-નિયતિનું પટ તૈયાર થાય છે. નિયતિ ક્રમાનુસારિણી. કર્મોનો હિસાબ તો આપવો જ પડે છે. એના ફળ સારા પણ હોય અને ખરાબ પણ હોય. આપણે સત્કર્મો કરતાં રહીએ તેથી આવતો ભવ તો સુધરે. કાળ દેવતાને તમે કરેલી પ્રાર્થનામાં મારો સૂર પુરાવું છું.

તા.ક. ગાંધી વાચનયાત્રા...પણ ખૂબ જ ગમે છે.

સોનલબેન અભિનંદન.

□ **મેઘબિન્દુ**
૪, ઉમિયા ભુવન, ડૉ. આર. પી. રોડ,
વર્ધમાન નગર સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૮૦.
ફોન : ૨૫૬૮ ૦૩૮૫. સેલ : ૯૩૨૦૪ ૪૦૮૭૭.

(૧૨)

ડિસેમ્બર, ૨૦૧૫નો અંક મળ્યો, તેમાં **વિદેશોમાં જૈનો અને જૈન ધર્મ** વિષય પર શ્રી હિંમતલાલ ગાંધીનો લેખ વાંચ્યો, ખૂબ ગમ્યો.

વિદેશમાં પૈસા હોવાથી અને ભારતના પ્રમાણમાં ત્યાં ધર્મ પાછળ ખર્ચવાના ઓછા મોકા મળતા હોવાથી જ્યારે દહેરાસર/ઉપાશ્રય બંધાય ત્યારે અમુક ટકા વર્ગ તેનો રોજ-બરોજ ઉપયોગ કરી શકે. કારણ ત્યાં મોટે ભાગે નોકરિયાત વર્ગ હોવાથી સવારના સમયે ન મળે અને રાત્રે પણ મોડા આવવાનું બને. તે સામાન્ય છે.

ઉપરાંત પંડિતનો સહવાસ સામાન્ય પણે પર્યુષણ પર્વના ૧૦/૧૨ દિવસનો હોવાથી ધર્મની સમજ ઓછી અને ક્રિયાઓ અધકચરી અને પરંપરાગત હોય છે તે વાત સાચી છે.

જો કે સામાન્યપણે ભારતમાં પણ શ્રાવક/શ્રાવિકાઓ ધર્મક્રિયા કરે છે અને ધાર્મિક દેખાવું છે ધાર્મિક થવું નથી. મોટા તપ ચોમાસા દરમ્યાન થાય તેમાં બેઆસણા સામાન્ય પણ સંઘના ભાવિકો તરફથી કરાવાય છે. જેમાં લાંબું Menu ભક્તિભાવથી રાખવામાં આવે છે પણ આરાધકોએ કેટલા દ્રવ્ય વાપરવા તે પોતે જ નક્કી કરવાનું હોય છે; પણ એમ થતું નથી અને તપ કરવા/કરાવવા પાછળની આહાર સંજ્ઞા પર નિયંત્રણ તે થતું નથી.

□ **વિજય પી. શાહ,** મુંબઈ
મોબાઈલ : ૯૯૮૭૮૯૫૭૫૧

(૧૩)

ડિસેમ્બર, ૨૦૧૫ના અંકમાં વિદેશોમાં જૈન અને જૈનધર્મ વિષે લેખ વાંચ્યો. ભારતમાં વાચકોને આ પ્રકારની માહિતી મળે તે આવકાર્ય છે. જો કે જ્યારે વિદેશમાં જૈનધર્મની વાત કહીએ ત્યારે આ વિષેની ગહનતા સમજવી જોઈએ. આ માટે સંશોધનાત્મક કાર્ય કરવું પડે. અમેરિકા, યુ.કે., ઈસ્ટ આફ્રિકાના દેશો તથા અન્ય દેશોમાં જ્યાં જૈનો વસે છે તેની માહિતી, તેમના પ્રશ્નો, તેમની ગતિ-વિધિ જાણવી જોઇએ. તેમની સાથે કદાચ રહીને, અનેકના ઈન્ટરવ્યુ લઈને જ આવા શીર્ષકને ન્યાય આપી શકાય. અન્યથા ઉપરછલ્લી અને ૯૫ ટકા માત્ર અમેરિકાની વાત કરવાથી ક્યાંક અન્યાય તો નથી થતો ને તે માટેની સંપૂર્ણ જાગરૂકતા જોઈએ. હિંમતભાઈ ગાંધીનો લેખ તેથી જ નિરાશાનો અહેસાસ કરાવે છે.

આગળ કહ્યું તેમ લેખમાં બેત્રણ નામો સિવાય માત્ર અમેરિકાની જ વાત છે. યુ.કે.માં તથા ઈસ્ટ આફ્રિકાના દેશોમાં અને હવે તો મીડલ ઈસ્ટમાં પણ ગણનાપાત્ર જૈનો રહે છે. આ સ્થળોએ એક સરખી પરિસ્થિતિ નથી. તેથી બધાને 'એક લાકડીએ હાંકવા'ની ઉતાવળ ન કરવી જોઇએ. અમેરિકામાં જૈનધર્મની વાત થઈ છે એમાં પણ Sweeping Statements છે તે યોગ્ય નથી.

ધર્મ પાલનની બાબતોમાં તથા આચાર સંહિતાના અર્થઘટનમાં જરૂર તફાવત લાગે. પરંતુ સાથે રહીને ઊંડા ઉતરનારને જ વસ્તુનું હાર્દ સમજાય. સંસ્થાઓમાં રાત્રી ભોજન અને એમાંયે જૈન પર્વમાં થાય તે અક્ષમ્ય છે તે સ્વીકારૂં છું. પણ 'થોડા અપવાદ સિવાય ત્યાં લગભગ બધાને ઘેર રાત્રિભોજન થતું હોય છે' એમ વાંચીએ ત્યારે એક વાતનો સાધારણ ઉલ્લેખ કરી લઉં.

અત્યારે લંડનમાં ૨૪ ડિસેમ્બરે બપોરના સાડા ત્રણ થવા આવ્યા છે. સૂર્યાસ્ત થવાની તૈયારી છે. આવા સમયે ઑફિસો, સ્કૂલ-કૉલેજ, સ્ટોર્સ બધું ચાલુ હોય અને સહુ ઘરે આવે ત્યાં રાત હોય. આવા સંજોગોમાં રાત્રિ ભોજનના નિષેધના નિયમને કેટલા વળગી રહેશે ?. (મુંબઈમાં શું પરિસ્થિતિ છે ?)

કાર્યક્રમોમાં જમવાનું હોય તો જ લોકો આવે છે તેમ ટીકાત્મક રીતે લખતા પહેલાં, અમેરિકામાં દૂર દૂરથી કાર્યક્રમમાં હાજરી આપવા આવનારા, ક્યારે ઘરે જાય, ક્યારે રસોઈ કરે ને ક્યારે જમે.

દેવદ્રવ્ય વિશે–હું લંડનમાં મહાવીર ફાઉન્ડેશનનો પ્રમુખ છું. અમારે દેરાસર છે અને દેવદ્રવ્યની ખાસ અલગ વ્યવસ્થા અને એકાઉન્ટ્સ રાખેલ છે. આ બધું હોવા છતાં કેટલીક અન્ય સંસ્થાઓની મને જાણ છે જેઓએ આ વ્યવસ્થા રાખી નથી. આ બરાબર નથી. પણ હું એ સમજું છું કે એમના માટે સાધારણની આવકમાંથી ગેસ, ઈલેકટ્રીકસિટીના બીલ, ઈન્સ્યુરન્સના જબ્બર બીલ, સ્ટાફના પગાર ભરાઈ શકાતા નથી. મારી પાસે આનો ઉપાય નથી. પરંતુ આ વાત પણ વિચારણા માગી લે છે.

અમેરિકામાં જૈનોની નવી પેઢી (ઈંગ્લૅન્ડમાં પણ ઘણા અંશે) ધર્મથી વિમુખ થતી જાય છે. બહારના પરિબળો યુવા પેઢીને એક તરફ તાણે છે તો મા-બાપ તેમને બીજી તરફ તાણે છે. અમેરિકામાં ૬૦ થી ૭૦ ટકા યુવક-યુવતીઓ અજૈનને પરણે છે. આ આધારભૂત માહિતી છે. આવા સંજોગોમાં તીર્થની, લીલોતરીની, રાત્રિભોજનની વાતોને પ્રાધાન્ય આપવું કે atleast શાકાહરી તો બની રહે તે વાતને પ્રાધાન્ય આપવું તે હું સુજ્ઞ વાંચકોને પૂછું છું... પરદેશના જૈનોને સામા પ્રવાહે તરવાનું હોય છે. ક્યારેક એવું પણ લાગે કે `we are fighting a lossing battle.'

અંગત રીતે મને એ સંતોષ છે કે અહીં સતત ૩૦ થી વધારે વર્ષોથી આગમોનો અભ્યાસ કરી રહ્યો છું. ઘણાને શાકાહારી બનાવ્યા છે અને દેરાસર આપવામાં મહત્ત્વની કામગીરી કરી છે. સ્વપ્રશંસાના દોષને વહોરીને પણ કહી શકાય કે વિદશમાં જૈન ધર્મનું ભાવિ નિરાશાનજક નથી.

–Vinod Kapashi
II Lindsay Drive, Kenton,
Middlesex-U.K. HA3 OTA
bhaktamar11@gmail.com.

# સર્જન–સ્વાગત

**□ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **તીર્થયાત્રા**
લેખક : પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદ સાગરસૂરિજી મહારાજ
સંપાદક : પૂ. પન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.
પુન: સંપાદક : બંધુ ત્રિપુટી
પૂ. આ. શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ.
પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ.
પ્રકાશક : શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
અયોધ્યાપુરમ્ મહાતીર્થ, નવાગમ ઢાળ,
તા. વલ્લભીપુર, જિ. ભાવનગર.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૨૭૫.

પૂ. સાગરજી મહારાજના જ્ઞાનપીઠનો અમૂલ્ય વારસો અને તેમના અમૂલ્ય તત્ત્વચિંતનના જાજરમાન અંશો 'આગમ-જ્યોત'માં ત્રિમાસિક રૂપે લગાતાર ૧૬ વર્ષ સુધી પ્રગટ થયા. આ ભગીરથ કાર્ય તેમના માનસ પુત્ર આગમ-વિશારદ પૂ. પન્યાસ અભયસાગરજી મહારાજે વિવેક બુદ્ધિ અને સંપૂર્ણ જાગૃકતાથી પાર પાડ્યું. પૂ. આ. જિનચંદ્રસાગર સૂરીશ્વરજી અને પૂ. આ. હેમચંદ્ર સાગરસૂરીશ્વરજી મ.એ આ. ૧૬ ભાગોને વિષયવાર કરી પુન: સંપાદન કર્યું. અને ફળસ્વરૂપે 'તીર્થયાત્રા'ના નિબંધની સુવાસ રેલાવતું પુસ્તક આપણા હાથમાં ફોરમ વેરી રહ્યું છે.

'તીર્થયાત્રા' મહાનિબંધની વિષયવસ્તુ, કથયિતવ્ય, વૈચારિક તથા તાત્ત્વિક વિચારધારા અને શાસ્ત્રીય ઊંડાણ જોતાં પ. પૂ. સાગરજી મહારાજને મનોમન વંદના. આ 'તીર્થયાત્રા' પુસ્તકમાં પૂ. સાગરજીની અપૂર્વ વિદ્વત્તા અનોખું વ્યક્તિત્વ, ગજબની કર્મઠતા, અનન્ય દૂરદર્શિતા, શાસ્ત્રોના અતલ ઊંડાણમાં જવાની તીવ્રતા અને તે ઉપરાંત વર્તમાન કાળમાં ય વિરલ સાધુત્વ-આ બધાં ગુણોનું પ્રતિબિંબ સ્પષ્ટ વર્તાય છે.

આગમગ્રંથો ઉપરાંત પ્રસ્તુત મહાનિબંધના અનેક સંદર્ભો, સ્વમત પુષ્ટિકારક વિધાનો પૂજ્યશ્રીના શ્રુતજ્ઞાનની અગાધતા સ્પષ્ટ કરી જાય છે.

આ મહાનિબંધમાં પૂજ્યશ્રીની પરમતખંડન પટુતા, સ્વમત સ્થાપનની આગવી રીત અને સામા પક્ષને માન્ય તેવી શૈલી ખૂબ આકર્ષક છે.

સાહિત્ય સંશોધન પ્રેમીઓ તરફથી પૂજ્યશ્રીના સમાધિમય આત્માને આપણો સૌનો હાર્દિક આદરભાવ પ્રગટ કરીએ છીએ.

XXX

પુસ્તકનું નામ : **સાહિત્ય પ્રદેશે**
(ગિરા-ગુર્જરી એવોર્ડ પુરસ્કૃત)
લેખક : પ્રા. ડૉ. નીતા રામૈયા
પ્રકાશક : શુભમ્ પ્રકાશન
૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૮.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬,
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦.
મૂલ્ય-રૂા. ૨૨૫/-, પાના-૨૪૫, આવૃત્તિ : પ્રથમ, ઈ. સ. ૨૦૧૧.

'અહીં વાત છે એક વાંકાચૂંકા મારગ પર નિરાંતે ડગ માંડવાની. આગોતરા અંદાજ વિના ખાબકવાનું જાણ્યા અજાણ્યા શબ્દખંડોમાં.' જેઓ જાણ્યા અજાણ્યા શબ્દખંડોમાં સતત ખાબકે છે અને ગુજરાતી સાહિત્યના ખોળે ચોવીસ પુસ્તકો આપે છે એવા પ્રા. ડૉ. નીતા રામૈયાને ગિરા ગુર્જરી એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન.

આ સાહિત્યના પ્રદેશમાં વિહાર કરતા ૨૯ લેખકો અને તેમની કૃતિઓનો પરિચય લેખિકાએ કરાવ્યો છે. આ કૃતિઓનો પરિચય માત્ર પરિચય નથી એનો આસ્વાદ-એક અનેરો સાહિત્યિક આનંદનો અનુભવ કરાવે છે.

આ પુસ્તકમાં લેખિકાએ પરદેશના લેખકો ઓગસ્ટ સ્ટ્રીન્ડબર્ગ, જ્યોર્જ બર્નાર્ડ શૉ, ટોલસ્ટોય, ફ્રેન્ક ડેવી,માર્ગરેટ એપ્વુડ, મિરોસ્લાવ હોલુબ અને શેલીની કૃતિઓનો સાહિત્યિક આસ્વાદ કરાવ્યો છે. અમૃતા પ્રીતમ, અશ્વિની ધોંગડે અને અજ્ઞેય જેવા ભારતીય સર્જકો તથા ગુજરાતી ભાષાના સુંદરજી બેટાઈ, હીરાબહેન પાઠક, હરીન્દ્ર દવે, વેણીભાઈ પુરોહિત, નિરંજન ભગત, પ્રિયકાંત મણિયાર, વિપિન પરીખ, રમેશ પારેખ, ઘનશ્યામ દેસાઈ તથા મનોજ્ઞા દેસાઈ, મહેશ શાહ અને સતીશ વ્યાસ વગેરેની કૃતિઓનો સ-રસ આસ્વાદ કરાવ્યો છે. તો સાથે સાથે પર્શિયન કહેવતો, સમકાલીન વગેરે છે. કેનેડિયન કવિતા અને નારીવાદી કેનેડિયન કવિતા તથા કેફિયત છે. 'આ બધાં લેખોમાં એક સજાગ સર્જકે કરેલી સાહિત્યિક પત્રકારત્વની સફરનો આલેખ અહીં જોવા મળે છે. સાહિત્યને, સાહિત્ય વિષયને, સાહિત્ય વિશેની વાતોથી જાણવા માણવાનો ઉપક્રમ અહીં જોવા મળે છે.' સતીશ વ્યાસ.

પ્રા. ડૉ. નીતા રામૈયાને અઢળક અભિનંદન.

XXX

પુસ્તકનું નામ : **વિશ્વ સાહિત્યની પ્રસિદ્ધ વાર્તાઓ**
ભાગ-૧, ભાગ-૨.
ભાવાનુવાદ : સતીશ વ્યાસ
પ્રકાશક : શ્રીમતિ લીના વ્યાસ
પ્રકાશક : શુભમ્ પ્રકાશન
૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૮.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬,
મોબાઈલ : ૯૮૨૦૮ ૬૬૪૫૦.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, ભાગ-૧ના. પાના ૧૦૦
આવૃત્તિ ૨૦૨૪.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, ભાગ-૨ના.પાના-૯૩,
આવૃત્તિ : પ્રથમ

ભાવાનુવાદ કરવો એ એક વિશિષ્ટ કળા છે. જેમાં અન્યની કૃતિને કલાત્મક રૂપ આપીને લેખ તેને અન્યની રાખીને પોતાની બનાવી શકે છે. સતીશભાઈ વ્યાસ આ કળામાં સફળ થયા છે. બન્ને વાર્તા સંગ્રહોમાં તેમણે કરેલા ભાવાનુવાદો ગુજરાતી વાર્તા સાહિત્યમાં વિશિષ્ટ સ્થાને છે : બન્ને વાર્તા સંગ્રહોમાં કુલ ૨૧ વાર્તાઓ આપીને તેમણે પરદેશના જાણીતા, માનીતા અને વિશિષ્ટ લેખકોની વાર્તાકળાનો પરિચય કરાવ્યો છે. અને સાથે સાથે સતીશભાઈની ભાવાનુવાદની કળાનો પરિચય પણ થાય છે. વાર્તા અંગ્રેજ લેખકની હોય કે, રશિયન, અમેરિકન, નોર્વેજીયન, ફ્રાન્સ, વગેરે નામાંકિત લેખકોની વાર્તાઓના આ ભાવાનુવાદો ગુજરાતી ભાષાની વાર્તા વાંચતા હોઈએ તેવો અનુભવ કરાવે છે અને એ જ લેખકની સફળતા છે. સતીશભાઈને મારા હૃદયના અઢળક અભિનંદન.

વિશ્વ સાહિત્યની પ્રસિદ્ધ વાર્તાઓને ગુજરાતીમાં સરળ ભાવાનુવાદ કરીને આપણી પોતાની ભાષાની વાર્તાઓ હોય તેવી પ્રતીતિ સતીશભાઈની કલમ દ્વારા થાય છે. અહીં આપેલ વાર્તાઓમાં પ્રેમ, વિરહ, હાસ્ય, યુદ્ધ, બલિદાન એમ વિવિધ વિષયો લેખકે વણી લીધા છે. ગુજરાતીમાં યુદ્ધ વિશેની વાર્તાઓ જૂજ હોય એ સ્વાભાવિક છે. સતીશભાઈએ આવી વાર્તાઓનો આ વાર્તાસંગ્રહમાં ઉમેરો કરીને ખાસ ધ્યાનપાત્ર બનાવી છે. આ વાર્તાઓ ભાવાનુવાદ હોવા છતાં ગુજરાતી ભાષાની 'પોતીકી' વાર્તાઓને પ્રતીતિજનક અનુભવ કરાવે છે.

સતીશભાઈએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વિવિધ સ્વરૂપોમાં આલેખેલ સત્તર પુસ્તકો બદલ મારા અંતરના આશીર્વાદ અને અઢળક સાહિત્ય સર્જન કરો. બસ એ જ અભિલાષા.

XXX

પુસ્તકનું નામ : મોહનથી મહાત્મા
લેખક : સતીશ વ્યાસ

પ્રકાશક : શ્રીમતિ લીના વ્યાસ
શુભમ્ પ્રકાશન
૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૮.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬,
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૯૧, આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૪.

'મોહનથી મહાત્મા' ગુજરાતી ભાષામાં આ બે શબ્દો સનાતન બની ગયા છે. મોહન એટલે વાંસળી વાળો 'મોહન' અને મોહન એટલે 'લાકડી'વાળો મોહન. આ બન્ને કદી વિસરાય નહિ. 'મહાત્મા ગાંધી' વિશે અઠળક સાહિત્ય લખાયું છે અને લખાતું રહેશે. વિશ્વના તખતા પરથી મહાત્મા ગાંધીનું નામ, તેમના કાર્યો, તેમનું અસ્તિત્વ ક્યારેય ભૂંસાશે નહિ. જમાને, જમાને, યુગે યુગે તેમના વિશે લેખકો લખતા રહેશે અને તેમનો પરિચય થતો રહેશે.

સતીશભાઈ વ્યાસે માત્ર ૯૧ પાનામાં ગાંધીજી વિશે 'મોહનમાંથી મહાત્મા' ગાંધીજી કેવી રીતે બન્યા તેનું આલેખન રસપ્રદ, સચોટ અને સંક્ષિપ્ત બાનીમાં કર્યું છે જે ગાંધીજીને સમજવામાં ઉપકારક બને તેમ છે. લેખક પોતે જ લખે છે કે 'ગાંધી જીવન તો મહાસાગર છે, બધા પોતપોતાની શક્તિ પ્રમાણે ગ્રહણ કરી શકે'-આ કથન સતીશભાઈ વિશે સાચું ઠરે છે. ૯૧ પાનાના પુસ્તકના વાચન દરમ્યાન લાગે છે કે તેમણે ગાંધીજીને-તેમના જીવનના પ્રસંગોને ઊંડાણપૂર્વક સમજી-વિચારીને આલેખ્યા છે જે વાચકો માટે રસપ્રદ અને પ્રેરક બની રહેશે.

ગાંધીજીના જીવન પ્રસંગોના આલેખનમાં કેટલાંક કથનો અત્યંત હૃદયસ્પર્શી બન્યા છે.

પાનું-૧૫ (૧) ગાંધીજીનો નિર્ણય-'કદી કોઈની સિફારશ કરવી નહિ.'

પાનું-૨૧ (૨) 'એ મારી માની પ્રસાદી છે એને ન તોડાય.'

પાનું-૩૨ (૩) મારી ઉમેદ છે તેઓને માફ કરવાની અને તેમના પર કામ ન ચલાવવાની હિંમત અને બુદ્ધિ ઈશ્વર મને આપશે.'

(૪) અહીં જ તેઓ મિ. ગાંધી અને બેરિસ્ટર ગાંધીમાંથી ગાંધીભાઈ, ગાંધીબાપા અને કર્મવીર ગાંધી બન્યા.

ગાંધીજી વિશે અઢળક સાહિત્ય લખાયું છે. જેમાં 'સતીશ વ્યાસ' લિખિત મોહનથી મહાત્મા-સંક્ષિપ્ત છતાં સચોટ બાનીમાં તૈયાર થયેલ અવિસ્મરણીય પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ : **લાઇફ લાઈન**
(સત્ય ઘટનાઓ પર આધારિત)
લેખક : હેન્રી શાસ્ત્રી
પ્રકાશક : શ્રીમતિ લીના વ્યાસ
શુભમ્ પ્રકાશન
૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૮.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૧૦૯, આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૩.

સર્જકતાનો સ્પર્શ ધરાવતી આ પુસ્તકની ઓગણીસ સત્ય ઘટનાઓ 'લાઈફ લાઈન' હેન્રી શાસ્ત્રીનું ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પ્રદાન છે. અને તે સાચા અર્થમાં અભિનંદનને પાત્ર છે. આ પુસ્તક કદાચ હેન્રી શાસ્ત્રી ઘણું વહેલું આપી શક્યા હોત. પરંતુ જીવનના સંઘર્ષોએ તેમને રોકી રાખ્યા હશે.

'લાઈફ લાઈન' પુસ્તકમાં લેખકે જે સત્ય ઘટનાઓ પર આધારિત પ્રસંગોનું આલેખન કર્યું છે તેમાં તેમનામાં રહેલા-સર્જકનો પરિચય મળે છે. લેખકે નમ્રભાવે અને તેમના મિત્ર સતીશભાઈ વ્યાસે પણ ઘટનાઓ તરીકે જ ઓળખાવી છે. પરંતુ વાચક જ્યારે તટસ્થ ભાવે આ ઘટનાઓને વાંચે છે, પામે છે ત્યારે તેમાંથી હેન્રીભાઈના સર્જનમાં સર્જકત્વનો અનુભવ અચૂક કરે છે. તે વાતની પ્રતીતિ નીચેના કથન પરથી થાય છે.

પાનું-૩ 'એ પૈસા આપી જશે એની મને હૈયે ખાતરી છે. આ માણસ કોઈના પૈસા ડુબાડે એવો નથી. આ તો મરજીવો છે.'

પાનું-૨૯ 'હૃદયના દાતા મળી ગયાના સમાચાર સાંભળીને સંજીવ ભટનાગર એટલા 'હરખાઈ ગયા, એટલી હદે રોમાંચિત થઈ ગયા, કે એમને હાર્ટ એટેક આવ્યો અને...'

પાનુ-૮ : કટાક્ષમય શૈલીનું દૃષ્ટાંત-'આજના જનરેશનને સાતા-ઘૂઘરા જેવી વસ્તુઓ બનાવતાં જ ક્યાં આવડે છે ? કઈ મિઠાઈ બનાવતી વખતે કેટલા તારની ચાસણી હોવી જોઈએ એવું જ્ઞાન જ ક્યાં છે ? કરકસર કરવી એટલે શું એનો અર્થ જ એમને ખબર નથી.'

આમ આ પુસ્તકમાં સર્જક હેન્રી શાસ્ત્રી ગુજરાતી સાહિત્યના નવા શિખરો સર કરે એવી શુભેચ્છા.

X X X

પુસ્તકનું નામ : **ટૂંકામાં ટૂંકી યાત્રા**
The Shortest Journey
લેખક : સુનીલ ગાંધી
પ્રકાશક : હેમંત ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન નં. : ૨૨૦૧ ૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮.
મૂલ્ય-રૂા. ૩૦૦/-, પાના-૨૧૫, આવૃત્તિ : પ્રથમ, ઈ. સ. ૨૦૧૪.

પદ્મશ્રી, કુમારપાળ દેસાઈ આ ગ્રંથ માટે લખે છે કે 'આપણે ત્યાં ધર્મચર્ચાને કથારૂપે આલેખવાના બહુ ઓછા પ્રયત્નો થાય છે. તેમાં આ પ્રયત્ન નોંધપાત્ર છે.'

ધર્મચર્ચાને કથારૂપે આલેખવાનો આ ગ્રંથમાં સુનિલભાઈએ પ્રયત્ન કર્યો છે જે નોંધપાત્ર છે. પંચમકાળના જીવોનું સુંદર અવલોકન કરી ઉત્તમબોધ કરી, જીવો વાસ્તવિક આત્મકલ્યાણ કેવી રીતે સાધી શકે તેનું સચોટ માર્ગદર્શન આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. આ પુસ્તકમાં પ્રાચી બહેનનું ચિત્ર આલેખવામાં આવ્યું છે તે ગંભીરતાથી સમજવા જેવું છે. તેઓ એક વૈષ્ણવ ધર્મમાં જન્મી, જૈનકુળમાં લગ્ન કરીને આવ્યા, અને સંસારના સુખો-બાહ્યસુખો ભરપુર હોવા છતાં તેમને ઉત્તમ નિમિત્તો-બાના, મામાના, આશ્રમના, સ્વાધ્યાયકારોના, સાધકોના તથા આશ્રમના કાર્યક્રમના, જન્મ–જરા–મરણના દુ:ખોથી મુક્ત થવાની અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાની રુચિ, તીવ્ર ઝંખના જીવને સાચો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરાવી દે છે.

સુનીલભાઈએ આ પુસ્તકમાં આત્મપ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો છે.અને સાથે સાથે એમાં એમણે કર્મસિદ્ધાંત, ક્રિયાકાંડ અને આત્મઓળખ વિશે પણ ચર્ચા કરી છે અને આંતર અનુભવનું તારણ જુદાં જુદાં પાત્રો દ્વારા પ્રગટ કર્યું છે. અને એ પાત્રોના મુખેથી એમણે એમની મનોભાવના વ્યક્ત કરી છે. એમણે પોતે કરેલી આત્મયાત્રાનો નિચોડ કથાના રૂપમાં અહીં આલેખ્યો છે.

પિન્કી દલાલ કહે છે, 'આત્માને ધર્મ એના જન્મ સાથે મળે કે ધર્મ એક માણસને આત્મા તરીકે જન્મ આપે એ ફિલસૂફીને નવલકથા રૂપે સાંકળી તેને અતિ રસાળ શૈલીમાં વાચક સુધી પહોંચાડવાનો ઉમદા પ્રયાસ શ્રી સુનીલ ગાંધીએ કર્યો છે.'

X X X

પુસ્તકનું નામ : **વૃદ્ધની કાયદાપોથી**
(મોકળાશભરી અને રિલેક્સ્ડ લાઈફ જીવો)
લેખક : રામદાસ ગાંધી
(એલએલ. એમ. એડવોકેટ અને સોલિસિટર)
પ્રકાશક : ડૉ. હિમાંશુ શેઠ Ph.D. (U.S.A.)
શિવાંગી શેઠ M.B.A. (U.S.A.)
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૧૩૫, આવૃત્તિ : ત્રીજી, નવેમ્બર-૨૦૧૩.

'વૃદ્ધત્વ એટલે નિષ્ક્રિયતા નહિ, વૃદ્ધત્વ એટલે નિરુત્સાહ નહિ, વૃદ્ધત્વ એટલે વૈરાગ્ય નહિ, આ બધી વાતોના રામદાસભાઈ પોતાની એંસી વરસની અનુભવ ગાથા દ્વારા વિધેયાત્મક રીતે મૂકી રહ્યા છે.' શ્રી દિનકર જોશી.

રામદાસભાઈએ પંચોતેર વર્ષની ઉંમરે 'સફર સોલીસીટરની' નામે આત્મકથાનું સર્જન કર્યું. ત્યાર પછી તેમણે 'ભક્તિ ચિકિત્સા' અને ભક્તિગાથા' આપ્યા અને હવે આ ચોથું પુસ્તક 'વુદ્ધત્વની કાયદાપોથી'. આ પુસ્તકમાં લેખકે પોતાની આંતરિક અધ્યાત્મયાત્રાને ભક્તિ ભાવથી તરબોળ કરી છે. વૃદ્ધોના નામે કાયદઓનું આલેખન તેમણે આ પોથીમાં કર્યું છે. વૃદ્ધત્વ એ એક સહજ પ્રક્રિયા છે.

બહુ ટૂંકા વાકયોની સરળ અને સહજ શૈલી દ્વારા રામદાસભાઈએ અઘરી વાતોને પણ સહેલાઈથી રજૂ કરી છે. એમના ચિંતન અને મનનના પરિચ્છેદો અનુસરણ કરવા યોગ્ય છે. અને કેટલાક પ્રસંગ ચિત્રો સર્વને વાંચવા ગમે તેવા બન્યા છે.

જીવનના છ દસકા જેટલો દીર્ઘ સંબંધ કાનૂન સાથે રહ્યો. એટલે આ લેખકે પોતાને માટે વૃદ્ધત્વમાં કયા કાયદાઓ, વિચારનાં ધારાધોરણો પાળવા જોઇએ એની કાયદાપોથી રચી છે. એ વૃદ્ધોને ઉપયોગી અને માર્ગદર્શક છે અને સાથે સાથે મૌલિક અને તાત્ત્વિક પણ છે.

વૃદ્ધત્વને આરે પહોંચેલા જે કોઈ લોકો આ પુસ્તક ધ્યાનથી વાંચશે એના મનની અનેક ગૂચો, મૂંઝવણો અને સમસ્યાઓ દૂર થઈ જશે. લેખકની અભિવ્યક્તિ સાફસૂથરી છે. ભાષા ઉપર અભિવ્યક્તિની પકડ છે. લેખક પાસે જીવન અને વ્યવસાયની મૂડી છે. વૃદ્ધાવસ્થા અને કાયદાની સૂઝ સમજ છે.

સમાજ જીવનને સ્પર્શતા, મથતા અને મૂંઝવતા સવાલોમાંથી અગત્યના સવાલો પર એના નિર્ધારિત વાચકને મદદ અને માર્ગદર્શન આપતું આ પુસ્તક આપવા બદલ રામદાસભાઈને અભિનંદન.

X X X

**સાભાર સ્વીકાર**

૧. પુસ્તકનું નામ : **મારા અનુભવો**
લેખક : ઉર્મિલાબેન ધોળકિયા
આવૃત્તિ : પ્રથમ, ૧ માર્ચ, ૨૦૧૪.
પ્રાપ્તિ સ્થાન : શ્રી જી. કે. શાહ, ૩૩ ચિત્રકૂટ, અલ્ટ માઉન્ટ રોડ, મુંબઈ.

૨. પુસ્તકનું નામ :
**સજા અને સમજુતી** (બે લઘુનવલ)
લેખક-જીતુ મહેતા
શુભમ્ પ્રકાશન, ૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.મૂલ્ય-રૂા. ૮૦/-
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬,
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦..

૩. પુસ્તકનું નામ :
**બસ એકવાર** (નવલિકા સંગ્રહ)
લેખક-વર્ષા યશસ્વી
શુભમ્ પ્રકાશન, ૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮. મૂલ્ય-રૂા. ૧૦૦/-.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬,
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦.

૪. પુસ્તકનું નામ :
**આ દૂરનું આકાશ** (હળવા નિબંધ)
લેખક : હરિવદન મહેતા
પ્રકાશક : શુભમ્ પ્રકાશન, ૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮. મૂલ્ય : ૮૦
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬.

૫. પુસ્તકનુ નામ : **ક્યાં ખોવાઈ ગઈ આત્મિયતા ?**
લેખક : ધૈર્યબાળા વોરા
પ્રકાશક : શ્રીમતિ મણિબેન એમ. પી. શાહ, વિમેન્સ કૉલેજ ઑફ આર્ટસ એન્ડ કોમર્સ. પ્રથમ આવૃત્તિ.
મૂલ્ય : રૂા. ૧૫૦/- ફોન : ૨૪૦૯૫૮૬૯.

૪. પુસ્તકનુ નામ : **'સ્પર્શ' (દાર્શનિક કાવ્યો)**
સંપાદન : અજિત સરૈયા
પ્રકાશક : શુભમ્ પ્રકાશન, ૩૦૩-એ, કૃષ્ણવિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮. મૂલ્ય-રૂા. ૮૦/-.
ફોન નં. : ૦૨૨-૨૬૭૦૪૮૭૬,
મો. : ૯૮૨૦૮૬૬૪૫૦.

૪. પુસ્તકનુ નામ : **'સમ્યક્-શ્રુત-વિચારણા'**
સંકલન : શાહ સવાઈલાલ જાદવજી
સંપાદક : વોરા ખાંતીલાલ રતિલાલ,
પ્રથમ આવૃત્તિ.
પ્રાપ્તિસ્થાન : વોરા ખાંતીલાલ રતિલાલ, ૧૧, નંદ-દીપ બંગલો, લેઈક વ્યૂ એપાર્ટમેન્ટ પાછળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન નં. : (૦૭૯) ૨૬૩૦૪૫૨૧.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦ ૦૬૩. મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ડિસેમ્બર માસમાં પ્રાપ્ત થયેલ અનુદાન

**વિશ્વ નિડમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ**

| | |
|---|---|
| ૩૦૫૫૯૪૫ | આગળના અંકથી ચાલુ |
| ૫૦૦૦ | મહેન્દ્ર ગોસર (ત્રિશલા ઈલેક્ટ્રીકવાળા) |
| ૫૦૦૦ | નવિનભાઈ પ્રેમચંદ શાહ |
| **૩૦૬૫૯૪૫** | **કુલ રકમ** |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | એમ. કે. શેઠ ચેરિટિ ટ્રસ્ટ |
| ૨૦૦૦૦ | શ્રેયસ પ્રચારક સભા |
| ૧૧૦૦૦ | ધીરજલાલ પરમાનંદ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | અમિષ એન્ટપ્રાઈઝીઝ |
| ૫૬,૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | પ્રહીર ફાઉન્ડેશન જાન્યુઆરી સૌજન્ય (હસ્તે :ગૌતમ ગાંધી Booked before 3 years) |
| ૨૫૦૦૦ | સરલા ચંદ્રકાન્ત ઝવેરી ડિસેમ્બર સૌજન્ય |
| ૨૫૦૦૦ | સૂર્યવદન ટી. ઝવેરી માર્ચ ૨૦૧૬ સૌજન્ય |
| ૭૦૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ**

| | |
|---|---|
| ૨૧૦૦૦ | જ્યોત્સના ચંદ્રકાન્ત શાહ (હસ્તે : શ્રી નિતિનભાઈ સોનાવાલા) |
| ૫૦૦૦ | નિલા જયેશ શાહ |
| ૧૦૦૦ | નવિનભાઈ પ્રેમચંદ શાહ |
| ૨૫૦૦ | શ્રી હસમુખભાઈ શાહ |
| ૨૧૦૦ | ડૉ. હસમુખભાઈ સી. શાહ |
| ૩૧૬૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૨૧૦૦૦ | ધીરજલાલ પરમાનંદ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રીમતિ નિલમબેન બિપિનભાઈ જૈન |
| ૫૦૦૦ | નિર્મલકુમાર મોહનલાલ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૩૧૦૦૦ | કુલ રકમ |

**સંઘ આજીવન મેમ્બર્સ**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી રજનીકાન્ત ચીમનલાલ ગાંધી |
| ૫૦૦૦ | કુલ રકમ |

THE SEEKER'S DIARY

## YATRA – A JOURNEY WITHIN

Happy new year to all. May each of us progress in this year more closer to our life goals and for those like me - may we find and stick to our life's goal and start the journey.

The last year ended and the New Year began with a pious journey to Samedh Shikarji with the Guru himself leading the way.

It was a journey full of wonder and miracles and yet in the Guru's *saanidhya* - wonder and miracles happen and get accepted with such normalcy and *sahajta.*

The first and the most obvious miracle was the organisation of this trip with such precision and perfection. Over 1600 people on a special train aptly named ***Gurukripa Express*** manned and managed by the sevaks of the mission.

It's amazing to see how the act of seva drives normal individuals into perfection and that too full of enthusiasm. Truly the Masters invisible hand at work.

The sheer magnitude of the organisation is what amazed me. The management of the pantry serving out excellent food from breakfast to dinner on all the days of the journey in the train, in the buses and at locations where there were halts was truly another miracle. The organisation of almost 60 buses in Banaras and Pavapuri,300 Trax jeeps in Banaras to visit Sinhpuri and Sarnath and 400 tanga's in Pavapuri to help us commute to different places. The excellent hotels and dharamshala's all in the proximity of each other so that we all were around each other and most importantly around the Guru himself.

The Guru's karuna of visiting each of the 20 train coaches individually to give each of us his *Ami dhrishti* and which made us realise how truly lucky we are to have been personally and individually been selected for this yatra. How much punya we must've done to have got this opportunity and how much *purushaarth* is necessary that we make the most of it.

The train journey was filled with hours and hours of sharing by the *sah yatri's* - fellow co passengers of how did their journeys start. How did they firm up their faith and each and every individuals story was pure nectar making one feel how blessed we all are to have found the Guru or more really the Guru had found us.

The enthusiasm of the journey was of course that it was with the Guru present himself. He had instilled in me and like me all the others the seed of yearning to see the places of Mahavir swami Bhagwan and the Gandhar's all thanks to the Gandharvaad and Shri Uttaradhyan sutra Shibir we have been part of last 2 years. The heart was filled with joy and sadness but full of devotion visiting Pavapuri, Kshatriya kund, Rujuvalika and Guniya ji reminiscing the events that took place there.

The hard climb to Vaibhagiri hill from where all the Gandhar's have gone to moksha was probably to prepare us for the climb of Samedh Shikarji - which was to be the epitome of our journey.

Finally the day we had all been waiting for - to climb Shikarji had come. I was full of many doubts - the cold weather, the long uphill climb, would I have enough energy to complete it ? I had been to Shikarji before but then I was more younger, more energetic and even then I had only been able to complete some tunks.

So with these thoughts I began my climb at 4 in the morning and within 5 minutes was huffing and panting feeling drained and hot and removing all the extra jackets and sweaters and bag and dumping it upon my partner on this journey. I started wondering how I was ever going to even reach the first tunk which was atleast a good 3 hours climb away if I was in this miserable state right at the beginning.

I just put my head down and started chanting my jaap's of *sahaj aatma swarup paramguru...* under each breath and one foot at a time kept treading along stopping briefly just to catch my breath and moved on again -one slow step at a time reaching the first tunk after 4 hours of beginning my journey.

Breakfast had been arranged by the sevaks at the Jal mandir and it provided the much needed rest and energy after the rigorous climb. I was in no state to do any further tunks and while having breakfast too I kept very sadly discussing with my friend of how was I even going to make it just to the Parasnath tunk where Gurudev was going to come. My friend suggested that since it was still 3 more hours before Gurudev came to Parshwanath lets do a couple of tunks instead of just sitting here. I was still considering it for a long

moment and my gaze fell upon a porter - Raju who had just brought the provisions of our breakfast from below. I asked him if he will help support me and push me from behind to climb the nearby tunks for the next couple of hours. He willingly agreed. And so began the second leg of my journey.

The silent chants, the gentle coaxing of my friend and the able push from Raju drove me up...up..up and only God and Gurudev can explain how, what, when and where I got the energy that I completed each and every single tunk of Samedh Shikarji including the most steepest of Chandraprabhuswami culminating finally to Parshwanath ji's tunk and finally crashing down into the dharmashala at close to 9pm. A journey of an unbelievable 17 hours - but my first complete teerthyatra of this holy holy place.

I am still confused - where did I get the energy or the determination? It was perhaps a mix of everything except me. Guru's grace and the ever present *parmanu's* of 20 tirthankar bhagwan's who chose this particular place to complete their bhav yatras from here.

Before we embarked upon this Yatra - Pujyashri Gurudev had nudged us to probe within - what is a teerthyatra ? What do we wish to gain from it? The answer to this was to look at these places where the journey of tirthankar bhagwan's and millions other came to an end and to bring about a *nischay* within us that we too forge our determination to progress upon their footsteps.

A journey of a thousand miles they say begins with one step. May all our journeys begin and progress towards the end of all journeys in this year.

Reshma Jain
The Narrators
Email : reshma.jain7@gmail.com

## MAHASATI DHARNI

❑ Gujarati : **Aacharya Muni Shri Vatsalyadeepji** ● Translation : **PushpaParikh**

**AGAM KATHA**

It was early morning and the sweet sonorus sound of birds had started informing people about arrival of the sun. One chariot was passing through the forest. Queen Dharini of the king Dadhivahan of Kaushambi and her young daughter Vasumati were in the chariot. They were being rescued to a safer place to save them from the enemy soldiers. Whole night the horses had kept running & were tired so the charioteer stopped at a lonely place.

Both the ladies were still very much frightened and worried. The king of Kaushambi was defeated in the war. The charioteer was successful in rescuing the two ladies but still he was worried about the safely of the two ladies.

Dharini asked, `why have you stopped?' The charioteer for the first time saw the queen's beautiful face. She was a very beautiful and brave lady. She was a pius lady. The charioteer was stunned at seeing her beautiful face. Dharini again asked him why he had stopped?

The charioteer realised and said that the horses were tired. The main reason was that he had fallen in love with the queen. The queen again and again requested him to go still further away to a safer place but he did not listen. Both the ladies were looking very much afraid in this lonely place. The intention of the charioteer was not good. He tried to move near the queen. The queen was surprised at the movement of the charioteer. The queen could realise the intention of the charioteer, so she addressed the charioteer in very harsh words, `Please be away from me. Stop there and there only. Don't move an inch also. We have trusted you and now you are behaving like this? Instead of saving us you are behaving in this way? You are like my brother and for Vasumati you are like her father. Please be away from us.'

The charioteer did not listen to her and tried to catch hold of her. The next moment only the queen took out the dagger from her waist and killed herself before he could do anything to her.

Vasumati shouted and lamented over her mother's death. The charioteer was now stunned and the whole atmosphere appreared very sad. Dharini died on her own to save her celibacy.Her face was full of pureness. In the Jain Agam (the religious books) Sati Dharini is praised a lot. Her daughter Vasumati is said to have become a sadhviji (lady saint) under Shraman Bhagwan Mahavir and is said to have reached the highest stage. She was then known as sadhvi Chandanbala.

✷ ✷ ✷

Pushpa Parikh, Kenway House, 6/B, 1st Floor,
V. A. Patel Marg, Mumbai-400 004. Tele. : 23873611.

C0NTENTS OF UNIVERSE (6 DRAVYAS)

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

LESSON – TEN

☐ DR. KAMINI GOGRI

In the following article we will study about the tenth topic : **Contents of Universe (6 Dravyas)**

The term dravya or padartha (substance)in Jainism denotes any existence which possess the significant factor of persistence despite its numerous qualities and modifications. The Jaina theory of reality does not leave room for both an absolute permenides and an eternal flux of Heraclitus. It accepts only the dynamic reality which has the three fundamental characteristics, viz. Utpada (origin), vyava (destruction), and dhrauvya (Permanence).

Dravya is also the substratum of gunas (qualities) and paryayas (modes). There is neither quality without substance nor substance without quality. Dravya is one as a class, and is the inherent essence of all things manifesting diverse forms. In its reality it can neither be created nor destroyed; it has only permanent substantiality. But through its modes it secures the triple nature in character. Dravya is of six kinds, namely, Jiva (soul), pudgala (matter), dharma (principle of motion), adharma (principle of rest), Akasa (space) and Kala (time) The first five types of dravyas are called astikayas (those which exist and have different pradesas or areas like a body) and the last is named anastikaya.

According to another classification it is of three kinds, viz. sakriya (active), niskriya (inactive), and sakriyaaniskriya (active-inactive). The sakriya dravyas, which have the capacity of moving from place to place, are pudgala and jiva. The niskriya dravya is against the narture of sakriya dravya. It has neither direct nor indirect functional power. Space comes under this classification. Kala is also included in the category of Niskriya dravyas, though it accounts for changes in other things. Sakriya niskrla dravyas are those realities which move about without themselves undergoing changes or motion. These have merely avagahana (place). The dharma and adharma dravya come under this classification. Jiva, dharma, and adharma have innumerable areas or pradesas,akasa has infinite pradesas, and pudgala is of numerable pradesas. Kala has one pradesa. These six dravyas maintain their identical nature without losing their respective qualities, though they are nutually interpenetrating and accommodate one another and mix up to occupy the same space. Akasa, Kala, Jiva, dharma and adharma are formless or amurta drvyas. They do not possess the sense qualities of contact, taste, smell, sound and colour. Pudgala (matter) alone is murta. All the dravyas, except Jiva, are acetana (devoid of consciousness).

In another classification, the dravyas or Tattvas are divided into seven categories, viz. Jiva (soul), ajiva (nonsoul), asrava (inflow of karmic matter into the sould), bandha (bondage of soul by karmic matter), sanbara (stoppage of the inflow of karmic matter), nirjara (shedding of karmic matter), and moksa (liberation of sould from karmic matter). The seven tattvasare so arranged here as to provide an epitome of the Jaina doctrine of salvation. The plight of the Jiva in somsara and mirjara are two states in the process of liberation wherein the inflow of karmic matter is first stopped and all karmic matter is subsequently shed. The jiva thus becomes completely free of karmic matter and attains moksa. These seven tattvas are eternal and ''sat".

**(i) Jiva (soul)**

Jainism considers soul as the central figure. Its perfect knowledge (Bhedajnana or Atmajnana) is essential to destroy karmas and attain salvation. The nature of soul in Jainism is to be understood from the standpoint of non-absolutism (anekantavada). From the real standpoint (niscayanaya), soul is absolutely pure possessing the nature of knowledge and vision. It is regarded to be without smell, without sound, not an object of anuman (inference), without any definite bodily shape, imperceptible and intangible and is characterised by consciousness. Acarya Nemicandra points out that the soul is characterised by upayoga (consciousness), is formless (amutti), is an agent (katta), has the same extent as its own body (sadehaparimana), is the enjoyer of the fruits of karma (bhotta), exists in world (samsarattho), is siddha (siddho) and has the characteristic upward motion (vissasoddhagai):

Thus we have seen that the nature of soul in Jainism is dual in character. According to the realistic standpoint, it remains the same under all states, while according to the practical standpoint, it is transformed into modes and thus becomes different in number, place, form, etc.

**(ii) Pudgala (matter)**

Things perceived or enjoyed by the senses, bodies, mind, karma, and the other material objects are called Pudgala (matter). They can be touched tasted, smelt, and have colour. Sabda (sound produced by various means). Bandha (union caused by man or otherwise),

sauksmya (fineness), shaulya (grossness) samsthana (figure), bheda (dividion), tamas (darkness), chaya (shade) and atapa (sun-shine) are the forms of Pudgala. it has two prominent forms, namely atoms (anu) and molecule (skandhas). They unite together to construct reality.

This system of realities results in the universe being in finite as well as eternal in character. The entire universe, according to Jainism, is a compendium of the six Dravyas which are a permutation and combination of atoms. The atom in Jainology is the smallest unitary part of pudgala. It is characterised by its internal cohesion (sneha) and indivisible unity. a molecule (anu), a combination of atoms, results in an aggregate of matter (skandha). Anui is an indivisible entity and cannot be perceived by ordinary men.

Pudgala dravya is always transformed into skandha and paramanu. The upadana karana (substantive cause) and the nimitta karana (external cause) are responsible for these modifications. For instance, in the manufacturing of a pot, clay is the substantive cause and the potter, stick, water, etc. are external causes. Each and every entity runs through these two causes and gets its similar modes.

**(3-4) Dharma and Adharma**

*Dharma* and *adharma* dravyas convey special meanings in Jainism. *Dharma* is accepted as a kind of Ether which helps us in motion. *Pudgala* and *Jiua* move with the help of *dharma* as fish move with the help of water. Adharma is the exact opposite of *dharma*. It assists *Pudgalas* and *Jiuas* in staying as a shadow assists travellers to rest

**(5) Akasa Dravya:**

*Akasa* in Jainism provides a place for all substances to exact. It is said to be *anantapradesi* (possessing infinite pradesas) *amurtika* (having a non-physical factor), and*niskriya* (inactive), and *savayaui* (having parts). It is of two kinds, *lokakasa* and *alokakasa*. The former is co-extensive with the dravyas, whereas the latter is devoid of this characheristic. *Loke* consists of three divisions, *Uadholoka* (upper world), *Madhyalok* (middle world, and *Adholoka* (lower world). They are the abodes of celestial beings, men and other creatures, and the inmates of hell. Beyond this *L0kakasa* which is said to be eternal, infinite, formless, without activity and perceptible only by the omniscient

**(6) Kala dravya**

Kala in Jainism is divided into two categories, *ByauaharaKala* and *Paramarthikakala*. The former helps to change substances into their modes and the latter is understood from continuity. Time is not an appearance but a reality since we experience it in the form of hours, minutes etc. **[To be continued]**

76-C, Mangal Flat No. 15, 3rd Floor,Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019. Mobile : 96193 / 79589 / 98191 79589
Email : kaminigogri@gmail.com

# Essence of Jainism miles away from its roots

☐ Prachi Shah

Somewhere somehow, some minds do think it's difficult to pursue our own religion that's Jainism. This is absolutely a myth. its' all in your mind and a mind game. It's all in your belief and dedication towards our right belief. It's said nothing is impossible in your life. If there is a wish, and will there is a way out.

Today, being miles away from my country India, living in the region of New Jersey, U.S.A., I can accept an open challenge to prove the fact that Jainism is flourishing and practiced here as much as it could be in the pious land of any region of India. That too with the true meaning, understanding and aesthetic essence of Jainism. Although, this is not just restricted to the age group of senior citizens, but starting from little toddlers to a teenager to any youth and adult individual.

You might be surprised when I put it into words that every child of a Jain family living here in New Jersey is abound to go to Pathshala and make their roots strong with their Jain religion. And whatever they are nurtured with during their Pathshala lessons, they pursue the same as well. Their roots are strong not just with belief but every Jain rituals and *kriyas* too. Ofcourse this is nurtured to a child if and only with the strong belief of their parents. And this is passed on to them from generations to generation.

As it is known, the *shikharbandhi derasar* in Franklin Township – N.J. is the sentient spiritual example of this fact. The forte of Jain ritual practiced at this *Derasar* is invincible. This *Derasar* is led by a group called JCNJ (Jain Center of New Jersey). This group includes spiritually uplifted personalities who thrive to keep the spirit of Jainism optimistic. This center serves all the essentials needed for keeping the practice of Jain rituals and beliefs persistent! The inbuilt kitchen is always ready to serve the Jain *tapasvi* whether it be for *varshi tap*, *mass khaman* or *ayambel*. The splendid *parnaas* for all the *tapasvis* indeed need Anumodana.

Besides, all the Jain festivals including Paryushan, Shree *Mahavir Janma Kalyanak, Gyan pancham,* and many more are like a majestic celebration. Not just visual but spiritual too! Pathshala is conducted at this center all-round the school year, nurturing the little ones

with the roots of Jainism. You would be surprised to see some little ones enhanting Jain sutras unfailingly.

Besides JCNU, another group of *Terapanthi* Jains, namely JVBNA (Jain Vishwa Bharti of North America, New Jersey) lead by *Samanijis* from Ladnu (India), under the guidence and principles of Acharya Shree Tulsi, also has its enormous efforts to keep the spirit of Jain principles blooming in this region of America. The dedicated personalities of this group have never been deficient in their whereabouts towards Jain rituals and principles, Moreover, the physical presence of *Samanijis* generates an immense impression in order to keep Jain practice seriatim. Their selfless guidance is indeed an auxiliary assistance to Jain families living in this part of world. Gyanshala conducted for children of Jain families of N. J. by JVBNA-NJ provides a platform for promising tomorrow by means of enlightennig these children with Jainism.

The selfless motives of this Center is incredible! indeed needs a big round of applaud!!

At present two *Samanijis* – namely *Shramani Satya Pragyaji* & *Samani Rohini Pragyaji* are residing at this JVBNJ center. These Samanijis thrive to support all the Jain families residing in NJ by means of Jain rituals and spirit. They conduct periodic weekly *Swadhyay*, and *Pakshik Pratikramans*. Besides there are many Jain seminars and family camps conducted by this group for all the Jain families. Every Jain festival celebrated has its implication and factual spirit behind it due to presence of *Samnijis* and dedicated volunteers of JVBNJ.

Gyanshala holiday drive is one of the set instance of current scenario of Jain spirit in today's date. During this festive season, every child needs to understand how fortunate they are to have Jainism as their religion and being born as human on this earth. JVNBJ Gyanshala believes and practices Jain principle *`Sharing is caring'* and nurtures the values of *Samabhavana* and *Aparigraha* to its students, by means of Holiday drive where every year during festive seasons, they offer help to people in need. For this year, OZANAM Family shelter for homeless families is the platform for Gyanshala students to serve their spirits. Gyanshala students understand that there are many families around, who are not as fortunate but with some small gesture and help, they can contribute to make lives of these families better. Though it does not matter what religion or nationality they belong to as helping people in need is the Jain way of life.

Hence as a result of this gesture, JVBNJ Gyanshala students have collected every day Hygine items and would personally hand over to the shelter as a gift hamper with the motives of Holiday Drive. Isn't this gesture overwhelming? Indeed it is!

These Jain children who would be our future tomorrow to keep the Jain roots strong and nurture the same to their next generation, are bound to make their Jain believes and rituals strong enough, living on this foreign land, is definitely worth ceaseless Anumodana!!

49, Wood Ave, Edison, N. J. - 08820. U.S.A.
(917-582-5643). prachishah0809@gmail.com

## Story of the Eighth Chakravarti Shubham

Subham - the eighth Chakravarti was fromHastinapur. King Anantavirya, brother in law of Brahman Parshuram was living happily in the kingdom of Hastinapur. Once they had some quarrel so Parshuram killed King Anantvirya. After that, his son Kritavirya became king and married RajkumariTaradevi.

Once Taradevi saw 14 auspicious dreams, she was happy to know about the arrival of a brave child in their family. Knowing about the war between Ksatriya and Brahman clan, she took special care for her child's safety.Once king Kritavirya killed rishi Jamadagni, father of Parshuram, at his ashram, so in a fit of revengeParshurama arrived at Hastinapur. When Taradeviheard this sheran away to save the unborn child and took shelter at an ashram in the forest. Here she stayed inan underground room where she gave a birth toSubham. Here alsoParshurama came to kill the Ksatriya clan child but couldn't succeed.

The young Subhamone day asked his mother about his father.Mother Taradevi replied that his father Kritavirya was the king of Hastinapur. Later on due to family dispute he was killed by Parshuram and the kingdom of Hastinapur was appropriated by him. Thus he came to know that his father and even his grandfather were killed by Parshuram so he immediately marched towards Hastinapur. There he sat on the throne. Parshuram immediately recognized him and tried to kill him with his Parshu, instead Subham killed Parshuram.

In due course Shubham became Chakravarti king, after winning over all the kingdoms in Bharatkshetra. To further expand his kingdom, he commenced his journey to an island on a Palakhi. His Palakhi having army within was held by a group of deities. While passing through LavanaSamudra, every deity thought for asecond, "So many deities are holding the Palakhi, suppose for a moment if I leave my hand for rest, nothing will happen." But every deity thought the same at that exact second, resulting in thePalakhifalling in the ocean, killing the entire army along with SubhamChakravarti.

ChakravartiSubham couldn't perform any penance before the death so his jiva went to Seventh hell/ Naraka. Acquiring all prosperity and many kingdoms sometimes even the Chakravartis are not satisfied.

## Eighth Chakravarti Subham

- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



King Anantavirya of Hastinapur was killed by Parshurama. Later on his son Kritavirya became king. His queen Rajkumari Taradevi saw 14 auspicious dreams as a sign of the arrival of a brave child. King Kritavirya had killed rishi Jamadagni, Parshurama's father, so to take revenge he killed Kritavirya. Taradevi ran away to a forest ashram and delivered the child.



Young Subham, one day asked his mother about his father. On knowing that his father and grandfather both were killed by Parshuram, he marched towards Hastinapur. Parshuram immediately recognized him and tried to kill him with his Parshu, instead Subham killed Parshuram with the plate which turned into a wheel.



Shubham became a Chakravarti. Once he made a journey to an island, on a Palakhi full of armywithin, carried by deities. While passing through Lavana Samudra every deity thought for a second, "So many deities are holding the Palakhi, suppose for a moment if I leave my hand for rest, nothing will happen." But every deity thought the same at that exact second, resulting in the Palakhi falling in the ocean, killing the entire army along with the Chakravarti. Subham couldn't perform any penance so he went to the Seventh Naraki.

Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2016, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month o Regd. No. MCS/147/2016-18



# ધર્મનો પ્રયોગ

□ રશ્મિન ચંદુલાલ સંઘવી

(ગતાંકથી આગળ)

બીજું એક કુટુંબ : બધાનાં નામ ભૂલી ગયો છું; પરંતુ મારી યાત્રામાં બહુ મહત્ત્વની વાત છે. એ લોકો મૂળ લીંબડીના, ગુજરાતી. મારા ગામના એટલે મને વધારે આકર્ષણ. પતિ, પત્ની, મોટો દીકરો. એની પત્ની અને એનાં બાળકો. ત્રણ પેઢી એક ઝૂંપડામાં સાથે રહે. બહુ શરૂઆતમાં દિવસો-૧૯૯૨ની જ વાત. મેં સુભાષનગરમાં દવાની મદદ શરૂ કરેલી. આ કુટુંબની મોટી સ્ત્રીનું નામ ભૂલી ગયો છું. એટલે અહીં એને શારદા કહું છું. સ્વભાવમાં નરમ, સરળ અને ગમાર. એક રવિવારે સવારે કહે-'મારા વરને કે.ઈ.એમ. હૉસ્પિટલમાં દાખલ કર્યો છે. ડૉક્ટરે દવા લખી આપી છે. હૉસ્પિટલના સ્ટોરમાં દવા નથી. કહે છે બહારથી લઈ આવો. મને અપાવો.' તપાસ કરી, રૂા. ૨,૦૦૦ની દવા થાય. એ વખતે આટલી રકમ તો મારી પાસે હતી નહિ. વધારે તપાસ કરી. પુરુષ દારૂડિયો હતો. આગળ પણ હૉસ્પિટલમાં જઈ આવેલો. ડૉક્ટરે દારૂ પીવાની મનાઈ કરેલી. છતાં દારૂ પીવે છે.

એ વખતે મારી પાસે રકમ ન હતી. મેં સંકોચાતા મારા પિતાશ્રી શ્રી ચંદુભાઈને વાત કરી. એમણે તરત કહ્યું, 'ભલે, હું દવાના પૈસા આપીશ.' એ સમાચાર લઈને હું શારદા પાસે ગયો. બુધવાર સવારનો દિવસ હતો. પિતાશ્રીને વાત કરવામાં-સંકોચાતાં સંકોચાતાં મેં બે દિવસ કાઢી નાખેલા. બુધવારે તો ત્યાં રોક્કળ ચાલતી હતી. ભાઈ ગુજરી ગયેલા. શારદા હંમેશ માટે વિધવા થઈ ગઈ.

વચ્ચેના બે દિવસોમાં મેં બહુ વિચાર કરેલો. 'છે જ દારૂડિયો. મારે શા માટે મદદ કરવી જોઈએ!?' 'એક કુટુંબમાં જ હું રૂા. ૨૦૦૦ વાપરી નાખું તો આખા સુભાષનગરમાં કોને કેટલા આપું?' 'મેં નક્કી કરેલા બજેટથી ખર્ચ વધી જાય છે–તો હવે ખર્ચ ન જ કરાય.' વગેરે વગેરે. બુધવારે મેં નક્કી કર્યું, 'હું કોઈ માટે કોઈ જજમેન્ટ નહિ આપું. એ વ્યક્તિ શું કરે છે તે જોવાની જવાબદારી મારી નથી. મારાથી થાય તો મદદ કરવી. ન થાય તો ઈશ્વરને પ્રાર્થના કરવી, પરંતુ મદદ ન કરવી અને એને વાજબી ઠરાવવા માટે તર્ક લગાવવા એ ખોટું છે.'

આ નિર્ણય મારા આધ્યાત્મિક વિકાસ માટે મને બહુ કામ લાગ્યો. શારદાની સરળ, ગરીબ આંખો હજી યાદ આવે. લોકોના ઘરકામ કરે અને કામ ચલાવે. દીકરો ધ્યાન ન રાખે. દીકરાની વહુ ઝઘડા કરે. પછી તો બાંગ્લાદેશી ઝૂંપડપટ્ટીમાં શારદાને અને એના દીકરાને બે અલગ અલગ ઘર કરાવી આપ્યાં. હાર્બર લાઈનની રેલવે ઉપર અને પાસેથી લોકોની બહુ અવરજવર. ઘરકામ કરવાની તાકાત ન રહી પાછી શારદા શાકભાજીનો ટોપલો લઈ છૂટક ધંધો કરતી.

એક વખત દીકરો એનું ઝૂંપડું વેચીને રાજસ્થાન જતો રહ્યો. થોડાં વર્ષ પછી શારદા પણ ઝૂંપડું વેચીને જતી રહી. પ્રભુ એનું કલ્યાણ કરે.

## ઈશ્વર સર્વશક્તિમાન છે તો આ સંસારના દુ:ખો શા માટે લઈ નથી લેતા?

આ બધા પ્રસંગોએ મારો નિર્ધાર દૃઢ કર્યો. મુંબઈમાં રહેવું એ મધ્યમવર્ગ માટે પણ અઘરું છે. ઝૂંપડાવાસીઓ માટે તો નરક બરાબર છે. દરેક વ્યક્તિ પોતાના ગામમાં પોતે રોજીરોટી રળી શકે એવી વ્યવસ્થા થવી જ જોઈએ. સો માણસોને મુંબઈમાં આર્થિક રીતે સ્વતંત્ર થવા હું મદદ કદાચ નહિ કરી શકું; પણ ગામડાંઓમાં જરૂર થઈ શકશે. એ વખતે હું નહોતો સમજ્યો, પણ આજે ખ્યાલ આવે છે. ફક્ત આર્થિક સમસ્યાઓના નિકાલથી લોકો સુખી નથી થઈ જવાના. જ્યાં સુધી માનવ ધર્મ નહિ સમજાય ત્યાં સુધી સમસ્યાઓ રહેવાની જ. માનવ ધર્મ સમજાયા પછી પણ સમસ્યાઓ તો આવે ખરી. પણ એમાં શાંત રહેતાં, સમતા રાખતાં આવડી જાય.

### બહુ મોટી ગેરસમજ

- અમુક ગેરસમજ માણસને રોકી રાખે છે-
  ઈશ્વરને સમજવાથી દૂર અને
  ઈશ્વરને પામવાથી દૂર.
  જ્યારે સમાજમાં દુ:ખો જુવે છે ત્યારે માણસ ઈશ્વરને જવાબદાર ઠેરવે છે.
  ઈશ્વરે શા માટે એવી વ્યવસ્થા કરી કે જેમાં નિર્દોષ માણસો દુ:ખી થાય?
- બીજી ગેરસમજ છે :
  ઈશ્વર સર્વશક્તિમાન છે તો આ સંસારના દુ:ખો શા માટે લઈ લેતા નથી?
  અહીં આટલું અંધેર ચાલે છે ને ઈશ્વર શું કરે છે?
  આવી બધી સમજને કારણે હું ૩૫ વર્ષની ઉંમર સુધી ઈશ્વરમાં નહોતો માનતો. આજે માનું છું અને ઈશ્વરને પ્રેમ કરું છું.

૧. આવી ગેરસમજોને એક બાજુ રાખો. જે બને છે એને માટે કોણ ગુનેગાર છે એ શોધવાનો પ્રયત્ન પણ એક બાજુએ રાખો.
૨. તમે કોઈને દુ:ખી ન કરો.
૩. તમે કોઈને સુખી કરવા તમારા પ્રયત્નો કરો.
જુઓ સંસાર સમજાઈ જશે. ઈશ્વર મળી જશે.

- આ ગહન સવાલોના જવાબ પુસ્તકોમાં ન શોધો. બીજાનાં અનુભવો/દુ:ખો/ભાષણોમાં ન ગોતો. પોતાના અનુભવોથી જે સમજાશે, અનુભૂતિ થશે, તે સમજ બીજે ક્યાંયથી નહિ આવે.
- બીજાને સુખી કરવાના પ્રયત્નો-
  આ સંસારમાં સૌથી સરળ ચાવી છે-ઈશ્વર સુધી પહોંચવાની.
- જૂના સમયમાં ઋષિઓ જંગલમાં જઈ, તપ કરી ઈશ્વરને પામતા. એ જ્ઞાનયોગ હતો.
  મને તો ગૃહસ્થો માટે કર્મયોગથી શરૂઆત કરવું બહુ સારું લાગે છે. ગૃહસ્થો સંન્યાસ નથી લેવાના. જરૂર પણ નથી. આ સંસાર એવી રીતે જીવી લઈએ કે ઈશ્વર સાથે વાતો કરતાં કરતાં આનંદથી જીવીએ. અને-આનંદથી મરીએ.
- જે વ્યક્તિ બીજાની વેદનાને પોતાની વેદનાની જેમ અનુભવે છે તે અદ્વૈત સમજવાના માર્ગ પર છે.

મોબાઈલ : ૯૮૨૦૧ ૦૪૪૯૧.

# પંથે પંથે પાથેય

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.